

**૭૦૦૦ હેક્ટરમાં આગ, અનેક મકાનો થયા સ્વાહ**
વાંચો પેજ નં. ૨૨

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



**૧૧ મહિના બાદ ભારતમાં ઇન્ટરનેશનલ મેચ રમાશે**
વાંચો પેજ નં. ૨૩

FRIDAY, 05 FEBRUARY, 2021 Vol. 17, No. 06 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# વિવાદ ઉકેલવા સરકાર-ખેડૂતો વાત કરે : US

## અમેરિકાએ ભારતમાં કૃષિ સુધારાને આવકાર્યા પણ લોકશાહીમાં શાંતિપૂર્ણ આંદોલનને પણ અધિકાર ગણાવ્યું

વોશિંગ્ટન : કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલું આંદોલન દુનિયાભરના અખબારમાં હેડલાઈનમાં છવાયું ગયું છે. પોપ સ્ટાર રિહાના, કમલા હેરિસની ભત્રીજી બાદ હવે અમેરિકાની પ્રતિક્રિયા સામે આવી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે કોઈ પણ વિવાદ કે પ્રદર્શનને લઈને બંને પાર્ટીઓ વચ્ચે ચર્ચા થવી જોઈએ અને વાતચીતથી સમસ્યાનો નિવેડો લાવો જોઈએ. અમને લાગે છે કે શાંતિપૂર્ણ રીતેથી કરવામાં આવું પ્રદર્શન લોકતંત્રનું અભિન્ન અંગ છે, ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ વાત કહી છે. જો બંને પક્ષોમાં મતભેદ છે તો તેને વાતચીતથી હલ કરવો જોઈએ.

ભારત સરકારના કૃષિ કાયદાને લઈને તેમણે કહ્યું કે ખેતીને ઉન્નત બનાવવા કોઈ પણ નિર્ણયનું અમેરિકા સ્વાગત કરે છે, પ્રાઈવેટ સેક્ટરને પણ તેમા સામેલ કરવાના નિર્ણયને પણ આવકારીએ છીએ. ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુકવાને લઈને અમેરિકાએ કહ્યું કે અમને લાગે છે કે કોઈ પણ માહિતી આમ લોકો સુધી પહોંચાડવી તે ઈન્ટરનેટનો એક ભાગ છે. તે લોકતંત્રનો એક ભાગ છે. અમેરિકા ભારતીય બજારોની કાર્યક્ષમતા સુધારતા અને પ્રાઈવેટ સેક્ટરનું મૂડીરોકાણ આકર્ષતા પગલાંને આવકારે છે. બીજી તરફ ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, લાલ કિલ્લા ઉપર થયેલો હુમલો અમેરિકી કેપિટલ હિંસા જેવો જ છે.

કૃષિ કાયદા અંગેના વધુ સમાચાર જુઓ
પેજ નંબર ૧૭





### આત્મશ્લાઘામાં રાચવાનું બંધ કરી કાયદા રદ કરો : વિપક્ષ


કૃષિ કાયદા સામે ખેડૂતોના આંદોલન મુદ્દે સરકાર દ્વારા લેવાઈ રહેલા પગલાં પર આકરા પ્રહાર કરતાં રાજ્યસભામાં ગુરુવારે હાથ ધરાયેલી ચર્ચામાં વિપક્ષે જણાવ્યું હતું કે, સરકાર આત્મશ્લાઘામાં રાચવાનું બંધ કરે. ભાજપ સરકારના મંત્રીઓ એકાલાપમાં માને છે. ખેડૂતોનો વિશ્વાસ હાંસલ કરવાના બદલે સરકાર કાંટાળા તારની વાડ અને ખિલ્લા ગોઠવી રહી છે. ચર્ચામાં ભાગ લેતાં આપના સાંસદ સંજય સિંહે જણાવ્યું હતું કે, ખેડૂતો પર લાઠી ચાર્જ કરાઈ રહ્યો છે, તેમને ગદ્દાર, આતંકવાદી અને ખાલિસ્તાની કહેવામાં આવી રહ્યાં છે. ૧૧ રાઉન્ડની મંત્રણા નિષ્ફળ રહી છે પરંતુ સરકાર જરાપણ ચિંતિત નથી.

### આંદોલન પર બ્રિટનની સંસદમાં ચર્ચાની સંભાવના

બ્રિટનની સંસદમાં ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન પર ચર્ચા કરાય તેવી સંભાવના છે. તે માટે કરાયેલી એક ઓનલાઇન પિટિશનમાં એક લાખથી વધુ લોકોએ હસ્તાક્ષર કર્યા છે. હવે બ્રિટિશ સંસદની પિટિશન કમિટી ચર્ચા અંગેનો નિર્ણય લેશે. બ્રિટિશ સંસદમાં ભારતમાં મીડિયાની સ્વતંત્રતા પર મારવામાં આવી રહેલી તરાપ પર પણ ચર્ચા કરાશે. આ પિટિશન પર બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સનના પણ હસ્તાક્ષર છે.

### અમેરિકાના સાંસદોનું ખેડૂત આંદોલનને સમર્થન

અમેરિકાના સંખ્યાબંધ સાંસદો ખેડૂત આંદોલનના સમર્થનમાં આગળ આવ્યાં છે. સાંસદ હેલી સ્ટિવન્સે જણાવ્યું હતું કે, ભારતમાં કૃષિ સુધારાનો વિરોધ કરી રહેલા શાંતિપૂર્ણ આંદોલનકારીઓ સામે પગલાંથી હું ચિંતિત છું. સાંસદ ઇલ્હાન ઓમરે જણાવ્યું હતું કે, ભારતે ખેડૂતોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. ઇન્ટરનેટની સુવિધા અટકાવવી જોઈએ નહીં અને રિપોર્ટિંગ કરતી વખતે અટકાયતમાં લેવાયેલા પત્રકારોને મુક્ત કરવા જોઈએ.




### BSEનું માર્કેટ કેપ પહેલીવાર ૨૦૦ લાખ કરોડને પાર

મુંબઈ : ડિસેમ્બર ક્વાર્ટરના તંદુરસ્ત પરિણામો, એફઆઈઆઈ દ્વારા સતત લેવાલી અને ભારતીય રિઝર્વ બેન્કની ફેબ્રુઆરી મહિનામાં હાથ ધરાનારી આર્થિક સમીક્ષામાં સ્ટેટસ-કો જળવાય તેવી આશામાં ભારતીય શેરબજારોમાં સતત ચોથા દિવસે તેજીની હેલી જારી રહી હતી. બોમ્બે સ્ટોક એક્સ્ચેન્જનો સૂચકાંક સેન્સેક્સ ૩૫૮ અંકના ઉછાળા સાથે ૫૦,૫૦૦ની સપાટી સર કરી ૫૦,૬૧૪ની નવી રેકોર્ડ સપાટી પર બંધ આવતાં બોમ્બે સ્ટોક એક્સ્ચેન્જનું માર્કેટ કેપ પહેલીવાર રૂપિયા ૨૦૦ લાખ કરોડની સપાટી વટાવીને રૂપિયા ૨,૦૦,૪૭,૧૯૧.૩૧ ઉપર પહોંચ્યું હતું. ઈન્ટ્રા ડે કારોબારમાં મુંબઈ શેરબજારનો સેન્સેક્સ ૫૦,૬૮૭ની સપાટીને સ્પર્શીને ૦.૭૧ ટકા એટલે કે ૩૫૮.૫૪ અંકના વધારા સાથે કારોબારના અંતે ૫૦,૬૧૪.૨૯ની નવી ઓલટાઈમ હાઈ સપાટી પર બંધ આવ્યો હતો. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સ્ચેન્જનો સૂચકાંક નિફ્ટી-૫૦ પણ ૦.૭૧ ટકા એટલે ૧૦૫.૭૦ના ઉછાળા સાથે ૧૪,૮૯૫.૬૫ની નવી ટોચ પર બંધ રહ્યો હતો. કારોબાર દરમિયાન નિફ્ટી ૧૪,૯૧૩.૭૦ની સપાટીને સ્પર્શ્યો હતો.

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોરોનાની ગતિ મંદ : નવા ૨૬૫૭ કેસ, ૧૩૦નાં મોત

## દેશમાં સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૧૫૬૩ દર્દી મળી આવ્યા : ૭૬૦ દર્દીઓની હાલત નાજૂક, એક્ટિવ કેસની સંખ્યા ૪૭૭૧૩

ઓન્ટેરિયો : કેનેડામાં છેલ્લા અઠવાડિયા કરતા કોરોના સંક્રમણની ગતિ મંદ પડી જતા ગુરુવારે સાંજ સુધીના નોંધાયેલા ૨૪ કલાકમાં નવા ૨૬૫૭ દર્દીઓને કોરોના હોવાની પુષ્ટિ થઈ હતી. જ્યારે ૧૩૦ લોકોના મોત કોરોનાને કારણે નિપજ્યાં હતા. સમગ્ર દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હજી પણ ૪૭૭૧૩ હોવાથી સરકાર અને આરોગ્ય ખાતામાં ચિંતાનો માહોલ યથાવત રહ્યો છે. વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૭૬૦ની હાલત અત્યંત નાજૂક હોવાનું જાણવા મળ્યું છું.

મળતી વિગતો મુજબ ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૧૫૬૩ કેસ નોંધાયા હતા. જ્યારે ૮૮ લોકોના મોત થયા હતા. એજ રીતે ક્યૂબેકમાં ૧૦૯૩ લોકો કોરોનાથી સંક્રમિત હોવાનું સેમ્પલોના પરિક્ષણ દરમિયાન



બહાર આવ્યું હતું. ક્યૂબેકમાં ૨૪ કલાકમાં ૪૨ દર્દીઓએ સારવાર દરમ્યાન જ દમ તોડી દીધો હતો. આ ઉપરાંત મેનિટોબામાં નવા ૧૧૦ કેસ મળવા સાથે બે દર્દીના મોત નિપજ્યાં હતા. સાસ્કેચવાનમાં વધુ ૨૫૦ નાગરિકો કોરોના પોઝિટિવ મળવા સાથે સાત નાગરિકો મોતને ભેટ્યા હતા. જ્યારે ન્યૂ બ્રુન્સવીકમાં ૧૬ અને નોવાકોસિયામાં એક દર્દી કોરોનાથી સંક્રમિત મળી આવ્યો હતો. કેનેડામાં સંક્રમિતોની કુલ સંખ્યા ૭,૯૨,૦૦૦ને આંબી ગઈ છે. જેમાંથી ૭,૨૪,૧૧૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા છે. દેશમાં એક્ટિવ કેસોની સંખ્યામાં ૪૭૦૦૦થી વધુ હોવાથી વાયરસના સંક્રમણનો ભય હજી યથાવત છે. જેને પગલે સરકાર અને આરોગ્યવિભાગ દેશમાં હજી કોઈ છૂટછાટ આપવાના મૂડમાં જણાતી નથી.

# કોરોના રોકવા રેપીડ ટેસ્ટ પાઈલોટ પ્રોજેકટ સાર્થક નિવડવાની આશા

**કોવિડ-૧૯ના વધતા પ્રસારને અટકાવવા પ્રોજેકટમાં કોર્પોરેટ જગત પણ સાથ આપશે**



ટોરોન્ટોઃ કેનેડાની કેટલીક ટોચની એરલાઈન્સ, બેંકો અને જાણીતા ખેલાડીઓ કોવિડ-૧૯ના પાઈલોટ રેપીડ ટેસ્ટ પ્રોજેકટ સાથે સંકળાયેલા હોવાથી લોકોને હવે આશા જાગી છે કે, બધું પૂર્વવત જલ્દીથી થઈ જશે. આ પાઈલોટ પ્રોજેકટ યુનિવસીટી ઓફ ટોરોન્ટોની ક્રિયેટીવ ડીસ્ટ્રકશન લેબ ચલાવી રહી છે અને એમાં એની સાથે કેનેડાની એર કેનેડા અને રોજર્સ કોમ્યુનિકેશન્સ આઈએનસી સહિતની ૧૨ કંપનીઓ પણ જોડાઈ છે. આ ટેસ્ટનું પરિણામ માત્ર ૧૫ મિનીટમાં મળી જાય છે. જેઓ આ પ્રોજેકટ સાથે સંકળાયા છે એમનું માનવું છે કે, કેનેડાના કોર્પોરેટ જગત કોવિડ-૧૯ના પ્રસારને અટકાવવાના આ પ્રયાસમાં સાથ આપશે.

ક્રિયેટીવ ડીસ્ટ્રકશન લેબ.ના સ્થાપક અજય અગ્રવાલે કહ્યું હતું કે, અમે જે કરવા માંગીએ છીએ એ આ રોગના પ્રસારની સાંકળને અટકાવવા માટે છે. અમે એક ચેપગ્રસ્ત વ્યકિત બીજાને કામના સ્થળે ચેપ ન લગાડી શકે એનું સ્ક્રીનીંગ જ કરવા માંગીએ છીએ. રોજર્સ કોમ્યુનિકેશન્સ અને એર કેનેડાએ જાન્યુઆરીના અંતથી આ પ્રોજેકટને સહયોગ આપનારી પહેલી બે કંપનીઓ બની છે.

ત્યારબાદ સનકોર એનર્જી અને મેપલ લીફ સ્પોર્ટસ એન્ડ એન્ટરટેઈનમેન્ટ જોડાયા હતા, એમ પણ અગ્રવાલે કહ્યું હતું. પછીથી બેંક ઓફ નોવા સ્કોટીયા, લોબલો કંપનીસ લિમીટેડ, શોપર્સ ડ્રગ માર્ટ, એમડીએ કોર્પ., મેગના ઈન્ટરનેશનલ આઈએનસી, ન્યુટ્રીન લિમીટેડ અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટસ પણ હવે ટૂંક સમયમાં આ પ્રોજેકટ સાથે જોડાશે. આ વિશે અગ્રવાલે કહ્યું હતું કે, આ કંપનીઓને સાથે જોડવી એટલું મુશ્કેલ નહોતું. કેમ કે, બધા એવું ઈચ્છી રહ્યા છે કે, બધું પહેલા જેવું થઈ જાય અને લોકડાઉનને કારણે ઠપ થઈ ગયેલા કામધંધા ફરીથી પહેલાની જેમ ધમધમતા થાય અને કેનેડાના અર્થતંત્રને દેવાળીયું થતાં બચાવી લેવાય.

તેમણે વિઝન કાઉન્સીલની રચના પણ કરી છે. જે અન્ય મોટી કંપનીઓને આ પ્રોજેકટમાં જોડાઈ જવા તૈયાર કરે છે. બેંક ઓફ કેનેડાના પૂર્વ ગવર્નર માર્ક કાર્ને અને લેખિકા માર્ગારેટ એટવુડે આ પ્રોજેકટમાં વિચારક નેતાગીરી સંભાળી લીધી હતી. અને પ્રોજેકટ માટેનું અસરકારક પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું.

# શંકાસ્પદ કોરોનાગ્રસ્ત વિદ્યાર્થીએ કેલગેરીની શાળામાં હાજરી આપી

- **શાળાના સ્ટાફને ક્વોરોન્ટાઈન કરી દેવાયો, કોઈને પણ ચેપ લાગ્યો ન હોવાનો દાવો**


કેલગેરી : પ્રાંતના ચીફ મેડિકલ ઓફિસરે જણાવ્યું હતું કે, અલ્બર્ટાની બહારથી આવેલા વ્યકિતના પુત્રએ કેલગેરીની શાળામાં એવા સમયે હાજરી આપી હતી. જયારે કોરોના વાઈરસના વેરીયન્ટ એનામાં હોવાની શકયતા હતી.

ડો. ડીના હિનશોએ ટવીટર ઉપર સોમવારે મુકેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં બીજા કોઈને ઈન્ફેકશન લાગવાની જાણકારી મળી નથી અને શાળાના સ્ટાફને પણ આ વાતની જાણ થયા બાદ કવોન્ટાઈન કરી દેવાયા હતા. હિનશોએ વધુમાં કહ્યું હતું કે, આ વિશેની વધારાની જાણકારી અને ચેપને અટકાવવામાં કેટલી સફળતા મળી છે એની જાણ મંગળવારે થઈ શકશે. જો કે, તેમણે બાળક કે એના વાલીઓ વિશે કોઈ જાણકારી આપી નહોતી. અત્યારે યુ.કે. અને દક્ષિણ આફ્રિકામાં ઓળખાયેલા કોરોના વાઈરસના વેરીયેન્ટના ૫૧ કેસ અલ્બર્ટામાં જોવા મળ્યા છે. જે પૈકી છ કેસમાંથી ત્રણ કેસમાં કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. નિષ્ણાંતો માને છે કે, જો નવા સ્ટ્રેનના ૫૦ ટકાથી વધુ શકયતાવાળા કેસોમાં કોઈ ટ્રાન્સમીશનની શકયતા જોવા મળી નથી. આમ છતાં નવા બી-૧૧૭ વેરીયન્ટના પ્રસારને અટકાવવો જરૂરી પણ બને છે.


The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance | Critical Illness Insurance | Disability Insurance
Visitors Insurance | Travel Insurance | Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
• Better Commission package • Weekly product training
• One on one basis support • Full flexibility



કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.


કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# ટોરોન્ટોમાં મેન્ટલ હેલ્થ ક્રાઈસીસ રીસ્પોન્સ પ્રોજેકટને મંજૂરી

## પ્રોજેકટનો વાર્ષિક ખર્ચ ૭.૯ મિલિયન યુએસ ડોલર થવાનો અંદાજ : કાઉન્સીલની બેઠકમાં મતદાન કરાયુ

ઓન્ટેરિયો : ટોરોન્ટોની સીટી કાઉન્સીલે શહેરમાં માનસિક સ્વાસ્થ્યની સમસ્યાના ઉકેલ અને મોબાઈલ આસિસ્ટન્સ માટેના બહુ વર્ષીય પાઈલોટ પ્રોજેકટને મંજુરી આપી હતી. મંગળવારે કલાકોની ચર્ચા વિચારણા બાદ કાઉન્સીલની બેઠકમાં મતદાન કરાયું હતુ. જે બાદ આ સેવા શરૂ કરી સૌથી વધુ કોલ વોલ્યુમ ધરાવનારા ટોરોન્ટોના ઉત્તર પશ્ચિમ વિસ્તાર, સ્કારબોરો અને ડાઉનટાઉન ટોરોન્ટોમાં એનો આરંભ કરવાનું નક્કી કર્યુ હતુ.



આ પ્રોગ્રામને ટોરોન્ટોના મૂળ વતનીઓને અર્પણ કરવાનું ઠરાવ્યું હતું. એક વધારાની પાઈલોટ સર્વિસ શરૂ કરવાના સંકેતો પણ સ્ટાફને આપવામાં આવ્યા હતા. આ પ્રોજેકટમાં મેન્ટલ હેલ્થ એન્ડ સબસ્ટન્સ સાથે સંકળાયેલા હેલ્થ કેર પ્રોવાઈડર્સ અને નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન્સના સ્ટાફનો ઉપયોગ કરવામાં આવશે.

તેમના માટેની શરતો ખાસ કટોકટીના સમયને અનુરૂપ હશે અને એવા સમયે મધ્યસ્થી કરી માનસિક અસ્વસ્થ લોકોને સંભાળવાનું મહત્વનું બનશે. આ સેવાઓ ૨૦૨૨ અને ૨૦૨૫ દરમિયાન શરૂ થશે અને એનો વ્યાપ એને મળનારી સફળતાને આધારે વધારી શકાશે. દર વર્ષે આ સેવાને કેવો પ્રતિસાદ મળે છે એની સમિક્ષા પણ થશે. હાલમાં આ પ્રોજેકટ માટેનો વાર્ષિક ખર્ચ ૭.૨ મિલીયન યુએસ ડોલરથી ૭.૯ યુએસ ડોલરનો અંદાજવામાં આવ્યો છે.

જો કે, ટોરોન્ટો પોલીસના વડા અને ટોરોન્ટો પોલીસ સર્વિસીઝ બોર્ડે ભલામણ કરી હતી કે આ કામ માટે સ્ટાફની જરૂર પડશે એને માટે ભંડોળ ઉભું કરવું પડશે. જે બોર્ડના બજેટમાંથી ફાળવવામાં આવશે. જેથી એની અસર લોકો પર નહીં પડે. ચર્ચા દરમિયાન ટોરોન્ટો પોલીસ સર્વિસીસના ૯૧૧ કેન્દ્રોની કામગીરીની સમીક્ષા માટે પણ સુચન થયું હતું. આ પાઈલોટ પ્રોજેકટનો પહેલો પ્રસ્તાવ પોલીસ સુધારણાના એક ભાગ તરીકે વર્ષ ૨૦૨૦માં રજુ થયો હતો. પરંતુ અશ્વેતો સાથેના રંગભેદના વિરોધને કારણે એની ચર્ચામાં વિલંબ થયો હતો. વર્તમાન વૈશ્વિક મહામારીના સમયમાં લોકોના માનસિક આરોગ્યની સમસ્યાઓ વધી રહી હોવાથી પોલીસ ખાતાએ કાઉન્સેલીંગ કરી એવા લોકોને ગેરમાર્ગે જતા અટકાવવા આવા કેન્દ્રો શરૂ કર્યા હતાં.

# પ્રાઉડ બોયને કેનેડા સરકાર દ્વારા આંતકી સંસ્થા તરીકે જાહેર કરાઈ

**• દેશની સુરક્ષા માટે સંસ્થાની ગતિવિધીઓ જોખમી હોવાનો સરકારનો મત**

બ્રામ્પ્ટન : કેનેડાએ પ્રાઉડ બોયસ સહિતની ૧૩ જેટલી સંસ્થાઓને આંતકવાદી સંસ્થા તરીકે જાહેર કરી છે. કેનેડાએ આ સંસ્થાને દેશની સુરક્ષા માટે ખતરાજનક ગણાવી છે. અમેરિકાના વોશિંગ્ટનમાં ગત ૬ જાન્યુઆરીએ થયેલા હુમલામાં આ સંસ્થાની મહત્વની ભૂમિકા હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ દેશના નાગરિકોને સુરક્ષિત રાખવાના ભાગરૂપે આ પગલુ લીધું છે. જો કે, કેનેડામાં અગાઉ પ્રાઉડ બોય દ્વારા ક્યારેય કોઈ હુમલો કરવામાં આવ્યો નથી. કેનેડાએ પ્રાઉડ બોયને આંતકવાદી સંસ્થા તરીકે જાહેર કરતા પ્રાઉડ બોયની સંપતિને બેન્ક તથા અન્ય ફાઈનાન્શિયલ ઈન્સ્ટીટયુશન જપ્ત કરી શકશે.

આ સિવાય જો કોઈ પણ કેનેડિયન નાગરિક આ આંતકવાદી સંસ્થાનો કે તેની સાથે કોઈ વ્યવહાર કરતો ઝડપાશે તો તેને ક્રિમિનલ પ્રવૃતિ ગણવામાં આવશે. આ સિવાય આ સંસ્થા સાથે કોઈ પણ વ્યક્તિનું જોડાણ હોવાનું જાણવા મળશે તો તેને કેનેડામાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.

# ટોરોન્ટો સ્કુલ બોર્ડ ધો. ૧૨ના વિદ્યાર્થીઓ માટે એન્ટી બ્લેક રેસીઝમ કોર્સ શરૂ કરશે

**• કોર્સમાં મુખ્યત્વે કેનેડીયન અને નોર્થ અમેરીકનો વચ્ચેના રંગભેદને નિવારવા પર વધુ ધ્યાન અપાશે**

ટોરોન્ટો : ટોરોન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે નવો એન્ટી બ્લેક રેસીઝમ કોર્સ આવતા સપ્ટેમ્બર માસથી શરૂ કરવાની યોજના બનાવી છે. શરૂઆતમાં આ કોર્સ સાત સેકન્ડરી સ્કુલોમાં ચાલશે. ત્યારબાદ વધુ ત્રીસ શાળઓએ આવો કોર્સ શરૂ કરવા માટે રસ દર્શાવ્યો છે.

આ કોર્સમાં મુખ્યત્વે કેનેડીયન અને નોર્થ અમેરીકનો વચ્ચેના રંગભેદને નિવારવા પર વધુ ધ્યાન અપાશે.

આ વર્ષે આ કોર્સ નોર્થ યોર્કની ન્યુટનબુર્કની સેકન્ડરી સ્કુલમાં પાઈલોટ તરીકે શરૂ કરાયો છે. જે ચાર શિક્ષકોએ આ કોર્સ તૈયાર કર્યો છે એ પૈકીના અશ્વેત શિક્ષક ડી.ટીલર રોબિન્સને કહ્યું હતું કે, જયોર્જ ફલોઈડનું પોલીસ હુમલામાં મૃત્યુ થયા બાદ આવા કોર્સની જરૂરીયાત ઉભી થઈ હતી. કેમ કે, અશ્વેતો સાથેના રંગભેદને કારણે સર્જાયેલા તોફાનોની ઘેરી અસર વિદ્યાર્થીઓ પર પણ પડે એમ હતું.

રોબિન્સને મીડિયા સાથેની વાતચીતમાં મંગળવારે જણાવ્યું હતું કે, આ ઘટનાને કારણે અમે ઘણો વિચાર કરીને એવો કોર્સ તૈયાર કરવાનું નક્કી કર્યું, જેનાથી સ્થિતિમાં થોડો ઘણો પણ સુધારો આવી શકે.

આ કોર્સમાં બ્લેકનો ઈતિહાસ, ભાષા અને સંવાદો, અશ્વેત હોવાનો ભાર દૂર કરવો, ભાંગફોડની વૃત્તિથી એમને દૂર રાખવા અને પ્રચાર માધ્યમોમાં સકારાત્મક સંકેતો પહોંચાડવા જેવી બાબતોનો સમાવેશ કરાયો છે.

# ઓન્ટેરિયોમાં મહત્તમ શાળા ફરી ધમધમશે

ટોરોન્ટોઃ કોવિડ-૧૯ના હોટ ઝોન ગણાતા ટોરોન્ટો, પીલ રીજીયન અને યોર્ક રીજીયનના વિદ્યાથીઓએ ફરીથી શાળામાં જવા માટે હજુ થોડી વધુ રાહ જોવી પડશે. ઓન્ટેરિયોની સરકારે બુધવારે કરેલી જાહેરાત મુજબ આ ત્રણ વિસ્તારો સિવાયની બધી શાળાઓ ૮મી ફેબ્રુઆરીથી શરૂ થશે. આ વખતે ૧૩ વિસ્તારોની શાળાઓ શરૂ થઈ રહી છે. શાળા શરૂ થતા પહેલા અને બાદની સાવચેતીના બધા પગલા લેવાની ખાતરી મળશે તો જ સ્કુલ શરૂ કરી શકાશે એમ પણ સરકારે સ્પષ્ટ કર્યુ હતું. બુધવારે એજયુકેશન મિનીસ્ટર સ્ટીફન લેસીએ કહ્યું હતું કે, બાળકોને ફરીથી શાળામાં લાવવા ઘણું મુશ્કેલ હતું. કેમકે બાળકોના વિકાસમાં અવરોધ બનનારા માનસિક આરોગ્યની ચિંતા મોટી હતી. જો કે, જયારે બાળકો ઘરે રહીને અભ્યાસ કરતા હતા ત્યારે કમ્યુનીટી ટ્રાન્સમીશનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. હવે જયારે જાહેર આરોગ્ય વિભાગે શાળાઓ શરૂ કરવાની છૂટ આપી છે ત્યારે વધુ સાવચેતી સાથે આગળ વધવું પડશે.

જેમાં શાળાઓમાં કોરોનાની માર્ગદર્શિકાનું પાલન કરવા આદેશ કરાયો છે. તેમણે પત્રકાર પરિષદમાં એમ પણ કહ્યું હતું કે, બાકીની શાળાઓ કયારથી શરૂ કરવી એ વિશે કોઈ ચોક્કસ નિષ્કર્ષ પણ હજી આવી શકાયું નથી.

**જે ૧૩ વિસ્તારમાં શાળા શરૂ થનાર છે તેની યાદી**

- બ્રાન્ટ કાઉન્ટી
- ચાથામ –કેન્ટ
- હેમિલ્ટન
- ડરહામ રીજીયન
- હેલ્ડીમંડ – નોરફોલ્ક
- હેલ્ટન રીજીયન
- હુરોન પર્થ – લેમ્બટન
- નાયેગ્રા રીજીયન
- વોટરલૂ રીજીયન
- સિમકોએ – મસ્કોકા
- વેલિંગ્ટન – ડફરીન
- ગુએલ્ફ અને વિન્ડસર એસેક્સ.

# ટોરોન્ટા પાસે માર્ગ અકસ્માતમાં ઘવાયેલી મહિલાનું આખરે મૃત્યુ

ટોરોન્ટો : ટોરોન્ટો શહેરના ઉત્તર છેડાના વિસ્તારમાં નવા વર્ષના દિવસે થયેલા એકથી વધુ વાહનો અથડાવાના અકસ્માતમાં ઈજા પામેલી ૬૭ વર્ષીય મહિલાનું અઠવાડિયાઓ બાદ મૃત્યુ થયું હોવાનું ઓન્ટેરિયો પોલીસના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

જાન્યુઆરીની પહેલી તારીખે સવારે ૧૧.૩૦ કલાકે ઈમરજન્સી ક્રુને જાણ કરાતા જ કીલે સ્ટ્રીટ અને શેફર્ડ એવન્યુના જંકશન ઉપર પહોંચ્યા હતા. અકસ્માતમાં એક વાહન સાઈડવોક સાથે અથડાતા એમાં આગ લાગી હતી. બે અન્ય વાહનોને પણ આ અકસ્માતમાં નુકસાન પહોંચ્યું હતું. જેનો કાટમાળ કીલે સ્ટ્રીટમાં વિખરાઈને પડયો હતો. આ અકસ્માતમાં ઘણાં પોલ અને સાઈનબોર્ડને પણ નુકસાન પહોંચ્યું હતું. કુલ છ જણાને ઈજા પહોંચી હતી. સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન્સ યુનિટે જણાવ્યું હતું કે, ટોરોન્ટોના જે પોલીસ અધિકારી રડાર સંભાળતા હતા, તેણે કીલે સ્ટ્રીટ અને વિલ્સન એવેન્યુ વિસ્તારમાં એક મર્સિડીસ એસયુવીને અતિઝડપથી જતાં જોઈ હતી. અને એનો પીછો કરી એને અટકાવવાની કોશિષ કરી હતી. પરંતુ એ વાહન બીજા બે વાહનો સાથે અથડાયું હતું. જે પૈકી એક હોન્ડા હતી અને બીજી હયુન્ડાઈ હતી. મર્સિડીસમાં સવાર ૨૩ વર્ષીય યુવાન અને હોન્ડા કારમાં સવાર મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી.

# બાપ્સ ચેરીટીસ દ્વારા ૨૦,૦૦૦ પાઉન્ડસ ફુડનું દાન

## મુશ્કેલીના સમયમાં જરૂરિયાતમંદોને મદદ કરવા બદલ મેયર અને સત્તાધીશોએ સંસ્થાનો આભાર માન્યો

ટોરોન્ટો : વર્તમાન મહામારીના સમયમાં અને શિયાળાની મોસમમાં કેનેડાની ફુડ બેંકોમાં નોન પેરીશેબલ ફુડની માંગ વધવા માંડી હતી. લોકોના જીવન અને આરોગ્ય ઉપર કોવિડ -૧૯ મહામારીની ઘેરી અસર પડી હતી અને વર્ષ ૨૦૨૦ દરમિયાન જારી રહી હતી. દેશના અર્થતંત્ર પર પણ એની માઠી અસર પડી હતી. લોકડાઉનને કારણે ઘણાં લોકોની આવક બંધ થઈ ગઈ હતી. આવા સમયે લોકો માટે પોષક આહાર પહોંચાડવાનો એક મોટો પડકાર હતો અને અનાજની તંગી ઉભી થવાની શકયતા પણ હતી.




આવા કટોકટીના સમયે જરૂરીયાતમંદ લોકોને મદદની જરૂર હોવાથી બાપ્સ ચેરીટીસે પોતાના સ્વયંસેવકોની મદદથી એવા જરૂરીયાતમંદ લોકોને શોધી કાઢીને ૧૪ શહેરોમાં અનાજ પહોંચાડવાનું અભિયાન હાથ ધર્યું હતું. આ માટે તેમણે સ્થાનિક ફુડ બેંકોનો સહકાર મેળવ્યો હતો. બાપ્સના સ્વયંસેવકોએ ૨૦૦૦૦ પાઉન્ડ જેટલું અનાજ એકત્ર કરીને આ ફુડબેંકોને પહોંચાડયું હતું. કેટલાક શહેરોના મેયરોએ બાપ્સ ચેરીટીઝનો આભાર માન્યો હતો. જેમાં સિટી ઓફ ટોરોન્ટોના મેયર હિઝ વર્શપિ જોન ટોરીએ ટવીટ કરીને ડેઈલી બ્રેડને ૩૫૦૦ પાઉન્ડ અનાજના દાન બદલ આભાર વ્યકત કર્યો હતો. તેમણે લખ્યું હતું કે, તમારા આ પગલાથી ટોરોન્ટોના અસરગ્રસ્તોને ટેકો મળ્યો છે. સિટી ઓફ બ્રામ્પટનના મેયર હિઝ વર્શપિ પેટ્રીક બ્રાઉને કહ્યું હતું કે, ઘણો આભાર બાપ્સ ચેરીટીઝના મિત્રો. તમે જે ૫૦૦૦ પાઉન્ડ નોન પેરીશેબલ ફુડનું દાન નાઈટસ ટેબલને આપ્યું છે એ આવા મુશ્કેલીના સમયમાં નોંધપાત્ર ટેકાનું પગલું છે. સિટી ઓફ વિન્ડસરના મેયર હિઝ વર્શપી ડ્રેવ ડિલ્કન્સે કહ્યું હતું, બાપ્સ ચેરીટીસનું આ કાર્ય અદભુત છે. તેમણે ૧૭૦૦ પાઉન્ડ અનાજ એકત્ર કરી વિન્ડસર ગુડફેલોઝ કલબને ક્રિસમસની સાંજે દાન તરીકે આપ્યું હતું. હું ઘણો અભિભૂત થયો છું.

બાપ્સ ચેરીટીઝ કેનેડાના પ્રમુખ યોગેશ પટેલે કહ્યું હતું કે, અમે કપરા કાળમાં કેનેડાના લોકોને અનાજની તંગીથી બચાવી શકયા છે. અમારા પ્રયાસોમાં જે સ્થાનિક કાર્યકરોએ સહકાર આપ્યો છે.

# ખેડૂત આંદોલનને વિદેશી હસ્તીઓના સમર્થનથી ભારત સરકાર રઘવાઈ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં મોદી સરકારે બનાવેલા કૃષિ કાયદાના વિરોધમાં ૭૦ દિવસથી દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનનો પડધા ફરી આંતરરાષ્ટ્રીય સ્તરે પડવા માંડ્યા છે. કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોને કાયદા રદ કરવાથી ઓછું કંઈ ખપે તેમ નથી. તો બીજી બાજુ સરકાર પણ આ મુદ્દે બાંધછોડ કરવાની સ્થિતિમાં નથી. આવા સંજોગોમાં આંદોલનનું લાંબુ ચાલવું સહજ છે. જો કે, ૨૬મીએ દિલ્હીમાં મચેલા તોફાનો બાદ દેશ-વિદેશના મીડિયાની નજર ખેડૂતોના આંદોલન પર રહેવા માંડી છે. આ અગાઉ અમેરિકા અને યુ.કે.માં તો કેટલાક સાંસદોએ પોતપોતાની સરકારને આ મામલે દખલગીરી કરવાની અપીલ પણ કરી હતી પણ એ બધી વાતો આવીને જતી રહી હતી. જયારે હાલમાં સેલિબ્રિટીઝમાં હોલીવૂડ એક્ટ્રેસ અમાંડા, નોર્વેની ૧૮ વર્ષની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગ, પોપ સિંગર રિહાના,પોર્ન સ્ટાર મિયાં ખલીફા મુખ્યએ ભારતના ખેડૂતોને પોતાનું સમર્થન જાહેર કરતા જ વિવાદ ઉઠ્યો છે. આ સિવાય બીજી પણ ઘણી સેલિબ્રિટીએ ખેડૂતોના આંદોલનને સમર્થન આપ્યું છે. આ યાદીમાં એક નામ મીના હેરિસનું પણ છે. મીના હેરિસ બહુ જાણીતી સેલિબ્રિટી નથી પણ જાણીતી વકીલ અને અમેરિકન વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસની ભત્રીજી છે. આ બધા લોકો સોશિયલ મીડિયા પર બહુ સક્રિય છે અને લાખો નહીં પણ કરોડોની સંખ્યામાં ફોલોઅર ધરાવે છે. તેથી તેમણે કરેલી ટ્વીટ બાદ ભારતના ખેડૂત આંદોલનની વાત ફરી દુનિયામાં ચગી હતી. બુધવારે જ ૩૨ વર્ષની પોપ સ્ટાર રિહાનાએ ખેડૂત આંદોલનના સમર્થનમાં એવી ટ્વિટ કરી કે, આપણે આ ખેડૂત આંદોલન વિશે ચર્ચા શા માટે નથી કરતા.? પોર્ન સ્ટાર મિયાં ખલીફાએ પણ સોશિયલ મીડિયા પર આંદોલન સાથે જોડાયેલો ફોટો શેર કરીને ખેડૂત આંદોલનમાં જોડાયેલા બધા ભાડાના માણસો હોવાની વાતો થાય છે તેની સામે વાંધો લીધો છે. તેવો સવાલ ઉઠાવ્યો હતો. મિયાં ખલીફા, અમાંડા કે રિહાના લોકપ્રિય છે અને જગ આખામાં જાણીતાં છે તેથી તેમની કોમેન્ટ્સ દુનિયાભરમાં ફેલાઈ ગઈ હતી. વિદેશી હસ્તીઓએ ખેડૂતોને સમર્થન કરતા જ મોદી સરકારને આ વાત ગમી ન હતી.

વિદેશ મંત્રાલયે કડક શબ્દોમા કહ્યું હતુ કે, ઘણા લોકો તેમનો એજન્ડા પૂરો કરવા માટે ખેડૂત આંદોલનનો સહારો લઈ રહ્યાં છે એ દુઃખદ છે. આ લોકોએ કોઈ પણ પ્રકારની કોમેન્ટ કરતાં પહેલાં આ મુદ્દે પૂરી માહિતી મેળવવી જોઈએ. વાસ્તવિકતા તપાસી લેવી જોઈએ અને એ પછી કંઈ પણ બોલવું જોઈએ. સોશિયલ મીડિયા પર ફેંકાફેંક કરીને કોઈ પણ મુદ્દાને સનસનાટીપૂર્ણ બનાવવો જોઈએ નહીં. સરકારે આ કાયદો કોઈના માથે થોપી નથી બેસાડ્યો પણ સંસદમાં ચર્ચા પછી બહુમતીથી પસાર થયા પછી જ આ કાયદો અમલમાં આવ્યો છે.


વિદેશ મંત્રાલય બાદ ગૃહ મંત્રી અમીત શાહે વિદેશી હસ્તીઓને જવાબ આપતા કહ્યું હતુ કે, કોઈપણ પ્રોપગેન્ડા દેશની એકતાને તોડી શકશે નહીં, અને વિદેશી તાકતો પણ દેશની પ્રગતિ રોકી નહીં શકે. આ માટે તમામ ભારતીયો એક જૂથ છે. અમીત શાહના ટ્વિટ બાદ સચીન તેંડુલકર, વિરાટ કોહલી, કુંબલે જેવા ખેલાડીઓ પણ આ વિવાદમાં કુદી પડ્યા હતા. તે તમામે કૃષિ કાયદાના વિવાદનો ભારતીયો વાતચીતથી ઉકેલ કાઢે તેવી સલાહ આપવા સાથે વિદેશી હસ્તીઓને હસ્તક્ષેપ સામે નારાજગી વ્યક્ત કરી હતી. જો કે, આ તમામ કવાયત સરકારના સમર્થનમાં વધુ જણાતી હતી.

વિદેશી હસ્તીઓએ ભારતને તોડવાની કે તેના વિરુદ્ધની કોઈ વાત કરી ન હતી. આમ છતાં સરકાર કે ખેલાડીઓએ આ વિવાદને દેશની આંતરિક બાબત લેખાવીને ખેડૂતોનું સમર્થન કરનારા વિદેશી પર તૂટી પડ્યા હતા. વાસ્તવમાં વિદેશી હસ્તીઓએ તો માત્ર માનવતાને રાહે જ ખેડૂતોનું સમર્થન કર્યું હતુ. લોકતાંત્રિક દેશમાં શાસકોએ કરેલા કોઈપણ નિર્ણયનો શાંતિપૂર્ણ રીતે વિરોધ થતો હોય તો તેને સમર્થન આપવું જોઈએ તેવો મત વિદેશી હસ્તીઓનો હતો.

આ અગાઉ બાંગ્લાદેશમાં આંતકી હુમલો, આફઘાનિસ્તાનમાં હુમલો, કે પછી યુએસમાં જો બાઈડને સત્તા સંભાળી ત્યારે ભારતના વડાપ્રધાન મોદીએ પ્રતિક્રિયા આપી જ હતી. અમેરિકામાં સત્તા હસ્તાંતરણ વખતે બનેલી ઘટના ત્યાંની આંતરિક બાબત હતી. આમ છતાં મોદીએ તેની પ્રતિક્રિયા આપતા વાર લગાડી ન હતી. જયારે બુધવારે વિદેશી હસ્તીઓ દ્વારા ખેડૂતોને અપાયેલું સમર્થન ભારત સરકારને ખટક્યું હતુ.

ગુરુવારે અમેરિકાએ ભારત સરકારના કૃષિ સુધારાને સમર્થન તો કર્યું હતુ. પણ સાથે સાથે લોકતાંત્રિક પ્રણાલીમાં શાંતિપૂર્ણ વિરોધને પણ સમર્થન આપી આંદોલનકારીઓની ઈન્ટરનેટ તથા પાણી જેવી સુવિધા બંધ કરવાની બાબતને અયોગ્ય ગણાવી હતી. આ અગાઉ બુધવારે થનબર્ગે ભારતમાં ખેડૂતો દ્વારા ચાલી રહેલા આંદોલનમાં મદદ કરવા ઈચ્છનારા માટે એક ટૂલકીટ શેયર કરી હતી. આ ટૂલકીટ એક ડોક્યુમેન્ટ છે જેમાં ખેડૂત આંદોલનને કેવી રીતે સમર્થન આપવું તેની માહિતી આપવામાં આવી હતી. ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરનાર સ્વીડનની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ૧૮ વર્ષિય ગ્રેટા થનબર્ગ સામે ગુરુવારે દિલ્હી પોલીસ દ્વારા એફઆઈઆર દાખલ કરાઈ હતી. જો કે, પાછળથી દિલ્હી પોલીસે આ અહેવાલોને રદિયો આપ્યો હતો.

દિલ્હી પોલીસના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતને બદનામ કરતા આંતરરાષ્ટ્રીય કાવતરાની તપાસ કરવા માટે દિલ્હી પોલીસ સાઈબર સેલ દ્વારા એફઆઈઆર નોંધવામાં આવી છે. અમે ટ્વિટર પર ટૂલકીટ પોસ્ટ કરીને પાછળથી ડિલીટ કરી દેનારી ૧૮ વર્ષિય ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગ સામે કેસ નોંધ્યો છે. જોકે તેને આરોપી તરીકે દર્શાવવામાં આવી નથી. ગ્રેટા વિરુદ્ધ કલમ ૧૫૩એ, ૧૨૦બી હેઠળ એફઆઈઆર દાખલ કરી છે. ભારત સરકારના આ વલણ છતાં ગ્રેટા થનબર્ગે ગુરુવારે ફરી મક્કમતા સાથએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, હું હજુ ખેડૂતોની સાથે છું અને તેમના શાંતિપૂર્ણ આંદોલનને સમર્થન આપી રહી છું. ગમે તેટલો ધિક્કાર, ધમકીઓ અથવા તો માનવ અધિકારના ઉલ્લંઘન તેને બદલી શકશે નહીં. બીજી તરફ ભારતના બૌદ્ધિકોમાં વિદેશી હસ્તોના વિરોધ બાબતે મતમતાંતરો પ્રવર્તે છે. મોટાભાગના લોકો માને છે કે, ખેડૂતોને કૃષિ કાયદા સામે વાંધો હોય તો શાંતિપૂર્ણ રીતે વિરોધ અને આંદોલન કરવાનો તેમને અધિકાર છે. ભારતમાં લોકો પોતાની સરકાર સામે લોકશાહી ઢબે આંદોલન કરે તો સરકારે પણ તેને દબાવવા ગમે તેવા ઉધામા કરવા જોઈએ નહીં. કેટલાક લોકોના મતે મોદી સરકાર ખેડૂત આંદોલનને રફેદફે કરવા સતત ઉધામા કરી ચુકી છે. પરંતુ તેમાં સફળતા મળી નથી. ૨૬મીએ દિલ્હીમાં થયેલા તોફાનની તપાસ પણ થવી જોઈએ. ખેડૂતોને નવા કૃષિ કાયદામાં શું શું વાંધા છે તે માટે ખુલ્લા મને ચર્ચા કરવા સરકારે હજી ઝાઝો રસ દાખવ્યો નથી. ખેડૂતોને ૧૧ વખત બેઠક માટે બોલાવ્યા બાદ કોન્ટ્રાક્ટ ફાર્મીંગ તથા એમએસપી જેવા મુદ્દે વાત અટકી જાય છે. સરકારને પોતાની પાસે પુરતી બહુમતિ હોવાથી ધાર્યું કરવાની ઘેલછા છે. તો સામે પક્ષે ખેડતોને દેશમાંથી મળી રહેલા સમર્થનને કારણે આંદોલનને વેગ મળી રહ્યો છે. આવા સંજોગોમાં બંને પક્ષે આ વિવાદનો નિવેડો લાવવા તાકીદે પ્રયાસ હાથ ધરાવવા જરૂરી બન્યા છે. મોદી ખુદ આ માટે પહેલ કરી શકે તેમ છે.



manoj1968@yahoo.ca






# ગોવર્ધન થાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special Package
$50 Per Day



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# રોકાણ કરવા જતાં ટોરોન્ટોની મહિલાએ ૮૦૦૦૦ ડોલર ગુમાવ્યા

## ફેસબુકના માધ્યમથી પરિચયમાં આવેલા વ્યક્તિએ ક્રિપ્ટોકરન્સીના ટ્રેડીંગ પ્લેટફોર્મની મદદથી પૈસા કમાવવાની લાલચ આપી હતી

ટોરોન્ટો : કેનેડાના એન્ટી ફ્રોડ સેન્ટરના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૦માં કેનેડીયનોએ પોતાની સાથે થયેલા રોમાન્સ ફ્રોડમાં અંદાજે ૧૮.૫ મિલીયન ડોલર ગુમાવ્યા હતા. બે ટોચના ફ્રોડ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ હતા. જેમાં લોકોએ ૧૬.૫ મિલીયન યુએસ ડોલર ગુમાવ્યા હતા. જેના સંચાલકોએ એકસાથે બન્ને ફ્રોડ ચલાવ્યા હતા. કેનેડીયન એન્ટી ફ્રોડ સેન્ટરના જેફ થોમસને કહ્યું હતું કે, આ બધા કૌભાંડોમાં પહેલાં તો લોકોનો વિશ્વાસ જીતી લેવાય છે. તમારી સાથે વાતચીત કરીને એમની વાત સંભળાવી તેમને ભોળવી લેતા હોય છે. જયારે તમે ઓનલાઈન વાત કરનારને રૂબરૂ મળવાની વાત કરશો તો એ લોકો કોવિડ-૧૯નું બહાનું કરીને મળવાની વાતને ટાળી દેતા હોય છે.

બંને ટોચના કૌભાંડોમાં ગુનેગારોએ સોશિયલ મીડિયા અને ઓનલાઈન ડેટીંગ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. ગ્રેટર ટોરોન્ટોની એક મહિલાએ ઓળખ ગુપ્ત રાખવાની શરતે જણાવ્યું હતું કે, તેણે ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટમાં ૮૦૦૦૦ યુએસ ડોલર ગુમાવ્યા હતા. આ મહિલા બે



સંતાનોની માતા છે. તેણે જણાવ્યું હતું કે, ફેસબુકના માધ્યમથી તેની મુલાકાત એક વ્યકિત સાથે થઈ હતી. જેણે તેને ક્રિપ્ટોકરન્સીના ટ્રેડીંગ પ્લેટફોર્મની મદદથી ઘણાં પૈસા કમાવવાની લાલચ આપી હતી. જે બાદ પોતે એમાં પુરૂં માર્ગદર્શન આપવાની ખાતરી પણ આપી હતી. પ્લેટફોર્મના મેનેજરે પણ કહ્યું હતું કે, કોરોના મહામારીના સમયમાં પણ તમે દરેક ઈન્વેસ્ટમેન્ટ ઉપર મોટા વળતરનો ફાયદો મેળવી શકશો. તેણે ૫૦૦ યુએસ ડોલરથી રોકાણની શરૂઆત કરી હતી. જે થોડા દિવસોમાં વધીને ૫૦૦૦ ડોલર થઈ ગયા હતા. એટલે તેણે વધુ રોકાણ કર્યું હતું. પછી એને એમ કહેવામાં આવ્યું કે, આ બધા માટે તેણે બ્રોકર ફી અને ટેકસ સહિત અન્ય ખર્ચ પણ ઉઠાવવો પડશે. તેણે પોતાના મિત્રો અને સંબંધીઓ પાસેથી ઉછીના નાણા મેળવીને કુલ ૮૦ હજારથી વધુ યુએસ ડોલર રોકયા હતા. જે ખરેખર તેણે ગુમાવી દીધા હતા. આમ છતાં આજની તારીખમાં પણ તે આ વાત સમજી નથી શકી કે આમ કેવી રીતે થયું. પોલીસ કહે છે કે, આવા ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડો વિશ્વભરમાં થઈ રહ્યા છે. અને ઈન્ટરપોલે એને માટેની ચેતવણી પણ જાહેર કરી દીધી હતી. આમ છતાં ગુનેગારો લોકોને જાતજાતની ટીપ્સ આપીને અને વધારે વળતરની લાલચ આપવા પોતાની વેબસાઈટ ઉપર કોચિંગ આપતા હોવાનું અને સલાહ આપવાનું નાટક કરે છે. એમની જાળમાં સપડાઈને લોકો નાણાં ગુમાવે છે.

# પંજાબથી પતિના ખર્ચે કેનેડા ગયા બાદ પત્નીનો સબંધ રાખવા ઈન્કાર

- **પતિએ ફરિયાદ નોંધાવ્યાના ૧૧ માસ બાદ FIR દાખલ કરી**

અમૃતસરઃ પંજાબના મોગા શહેરમાં લગ્ન બાદ છેતરપિંડી કરવાનો મામલો સામે આવ્યો છે. અહીં હકીકતમાં એક યુવતી લગ્ન કર્યા બાદ કેનેડા જતી રહી અને ત્યાં પહોંચીને પતિ સાથેના સંબંધ માનવાથી ઈનકાર કરી દીધો હતો. આરોપ છે કે પતિએ પોતાની પત્નીને લગ્ન બાદ કેનેડા મોકલવા માટે લગભગ ૩૧ લાખ રૂપિયાનો ધૂમાડો કરી નાખ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે લગ્નના ૩ દિવસ બાદ જ દુલ્હન ભારતથી કેનેડા પહોંચી ગઈ હતી. કેનેડા પહોંચતા જ દુલ્હનનું વર્તન બદલાઈ ગયું હતું. પછી લગભગ ૧૦ દિવસ બાદ જ્યારે યુવતીના પતિએ તેને ફોન કર્યો તો પત્નીએ મોઢા પર સંભળાવી દીધું કે, 'ફરીથી ફોન ના કરતો. હું તારી પત્ની નથી. ફરીથી ફોન કર્યો છે કો કેસ ઠોકી દઈશ.' પીડિતાએ લગ્ન માટે યુવક સામે શરત મૂકી હતી. જે મુજબ તેણે આઈલેટ્સની પરીક્ષા પાસ કરી હોવાથી તે વિદેશમાં અભ્યાસ માટે જવા ઈચ્છતી હતી. જેથી યુવકે પોતાના લગ્ન બાદ પત્નીને કેનેડા મોકલવા માટે ૩૧ લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. હવે પંજાબના મોગા શહેરમાં લગ્નના નામે છેતરપિડીનો કેસ પીડિત યુવકે પોલીસમાં નોંધાવ્યો છે. તેણે પોતાની પત્ની, સાસુ-સસરા, પત્નીના મામા અને મામી, તથા મામાની છોકરી વિરુદ્ધ પણ ફરિયાદ નોંધાવી છે. આ પીડિત યુવકનું નામ દેવિંદર સિંહ છે. ઉલ્લેખનીય છે કે આ છેતરપિંડીના ચોંકાવનારા મામલામાં યુવકે ૧૧મી માર્ચ ૨૦૨૦માં ફરિયાદ નોંધાવી હતી. જોકે છેક ૧૧ મહિના બાદ પોલીસે પીડિત યુવકની ફરિયાદના આધારે એફઆઈઆર નોંધી છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
* GAS FURNACE
* Gas Line Installation Stove, BBQ, Dryer
* Fire Places
* Humidifier
* Fridge Water Line
* Dryer & Washer Installation
* Dishwasher Installations
Registered Licensed Contractor
Call: VIPUL SHAH
416.988.5784
Email:adsgasservice@gmail.com
Furnace Install Start From $ 2300

www.adsgas.ca
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT



# ગુજરાતમાં ૪૦ સ્થળોએ દરોડા, રૂ. ૮૧ કરોડની કરચોરી પકડાઈ

**• પેઢીઓ દ્વારા બોગસ બિલો ઈસ્યુ કરીને માલની ફિઝીકલી ડિલિવરી કર્યા વિના વ્યવહારો થયા**




સ્ટેટ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે અમદાવાદ, ગાંધીધામ, ભાવનગર, મહેસાણા અંજારમાં આવેલી ઈલેક્ટ્રોથર્મ (ઈન્ડિયા) લિમિટેડ પરના હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં રૂપિયા ૪૫૧ કરોડના બોગસ બિલિંગ અને રૂપિયા ૮૧ કરોડના કરચોરી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. SGST વિભાગે, ઈલેક્ટ્રોથર્મ (ઈન્ડિયા)ની ભાવનગર અને ગાંધીધામ ખાતે ૧૯ કેસોમાં ૪૦ સ્થળે તપાસ હાથ ધરાઈ હતી અને ભાવનગરમાં ૧૧ પેઢીઓ સહિત ૧૯ પેઢીઓ દ્વારા બોગસ બિલો ઈસ્યુ કરીને માલની ફિઝીકલી ડિલિવરી કર્યા વિના કરોડોના વ્યવહારો કરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું હતું. કરચોરી કરનાર આ પેઢીઓના બેનીફીશીયરીઓ પાસે વસૂલાત માટેની કાર્યવાહી હાથધરાઈ છે.

ઈલેક્ટ્રોથર્મ (ઈન્ડિયા) લિ. અને હંસ ઈસ્પાત લિ.ના ૧૨ સ્થળે પાડવામાં આવેલા દરોડા અને સર્ચ કાર્યવાહીમાં મોટાપાયે બોગસ પેઢીઓ પાસેથી ખરીદી, રદ થયેલ વેપારીઓની ખરીદી, કેન્સલ ઓર્ડર, ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC), સ્ટોક તફાવત ખોટી રીતે મેળવેલ વીમાની રકમ, પત્રકમાં છૂપાવેલ વેચાણો સહિત કુલ રૂપિયા ૪૬.૬૯ કરોડના વ્યવહારો પર ટેક્સ ભરપાઈ કરાયો નહોતો. આ વ્યવહારોમાં રૂપિયા ૧૦.૮૭ કરોડનો વેરો સ્થળ પર વસૂલ કરાયો છે. આ સર્ચ ઓપરેશનમાં ઈન્ટીગ્રેટેડ ઈન્ડક્શન પાવર પ્રા. લિ પાસેથી રૂપિયા રૂપિયા ૯૨.૬૬ લાખ અને ઈન્ડસ યુનિવર્સિટીપાસેથી રૂપિયા ૮.૪૪ લાખનો ટેક્સ વસૂલ કરાયો છે.

## વડોદરાની જેલમાં ગેંગવોરની દહેશત, બિચ્છુ ગેંગના ૧૫ને ખસેડી દેવાયા

વડોદરાઃ વડોદરામાં પકડાયેલી બિચ્છુ ગેંગના સાગરીતોના રિમાન્ડ પૂરા થતાં તેમને જુદી જુદી જેલોમાં મોકલવાનો હુકમ કરવામાં આવ્યો છે.

વડોદરાના નામચીન ગુનેગાર અસલમ બોડિયાની બિચ્છુ ગેંગ સામે પોલીસે ગુજસીટોક કાયદા હેઠળ ગુનો નોંધતા અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો પોલીસે બિચ્છુ ગેંગના લીડર અસલમ બોડિયાને બે દિવસ પહેલા વડોદરા નજીક બોડેલી તાલુકાના છુછાપુરા ગામે દરગાહ પાછળથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે બિચ્છુ ગેંગના કુલ ૧૭ આરોપીઓને અત્યાર સુધીમાં ઝડપી પાડયા છે. જે પૈકી ૧૫ આરોપીના રિમાન્ડ આજે પૂરા થતા તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં જ વડોદરાની સેન્ટ્રલ જેલમાં અઝરુદ્દીન ઉર્ફે અજ્જુ કાણીયો નામના એક નામચીન શખ્સની હત્યા કરવાનો બનાવ બન્યો હતો.

# ગુજરાતમાં કોરોનાના 275 કેસ, એકનું મોત : 27 વેન્ટિલેટર પર

**• ગુજરાતમાં અત્યાર સુધી 255489 દર્દી સ્વસ્થ્ય થયાઃ 453161 લોકોને રસી અપાઈ**



ગાંધીનગરઃ રાજ્યના લોકો માટે ખુબ સારા સમાચાર છે. કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૭૫ કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૪૩૦ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં રિકવરી રેટ ૯૭.૨૬ ટકાએ પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં એક વ્યક્તિના મૃત્યુ થયા છે. સૌથી ખુશીની વાત છે કે રાજ્યના ત્રણ જિલ્લામાં એક્ટિવ કેસ શૂન્ય થઈ ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૨ લાખ ૬૫ હજાર ૬૮૧ કેસ નોંધાયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વડોદરા જિલ્લામાં ૮૦ કેસ સામે આવ્યા છે. તો અમદાવાદમાં ૪૮ કેસ સામે આવ્યા છે. સુરતમાં ૪૪ અને રાજકોટમાં ૨૭ કેસ નોંધાયા છે. જુનાગઢમાં ૧૨, પંચમહાલમાં ૧, આણંદમાં ૫, બનાસરાંઠામાં ૩, કચ્છમાં ૩, મોરબીમાં ૪ નર્મદામાં ૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજની તારીખે એક્ટિવ કેસની સંખ્યા ૨૮૦૦ છે. જેમાં ૨૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં અત્યાર સુધી ૨૫૫૪૮૯ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૪૩૯૨ લોકોના મૃત્યુ થયા છે.

ગુજરાતના ત્રણ જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા શૂન્ય થઈ ગઈ છે. તો રિકવરી રેટ ૯૭.૨૬ ટકા થઈ ગયો છે. કોરોનાની સારવાર સાથે વેક્સિનેશનનું કામ પણ ચાલી રહ્યું છે. રાજ્યમાં આજે ૩૩૬૪૨ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. આમ અત્યાર સુધી ગુજરાતમાં ૪ લાખ, ૫૩ હજાર ૧૬૧ લોકોને કોરોનાની રસી મળી ચુકી છે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)



AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજ્યસભામાં અહેમદ પટેલ અને ભારદ્વાજની ખાલી પડેલી બેઠકો માટે પહેલી માર્ચે ચૂંટણી

ગાંધીનગર : ગુજરાતમાંથી કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધનથી ખાલી પડેલી રાજ્યસભાની બે બેઠકોની ચૂંટણી પહેલી માર્ચે યોજવામાં આવશે. જેના ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૨ ફેબ્રુઆરી રાખવામાં આવી છે. પહેલી માર્ચે સવારે ૯થી ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. બંને બેઠકોનું મતદાન અલગ અલગ થશે.રાજ્યસભાની ચૂંટણીનું જાહેરનામું ૧૧ ફેબ્રુઆરીએ જાહેર થશે. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૮ ફેબ્રુઆરી છે. ૧૯ ફેબ્રુઆરીએ




ઉમેદવારોએ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૨ ફેબ્રુઆરી રાખવામાં આવી છે. પહેલી માર્ચે સવારે ૯થી ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે.

રાજ્યસભામાં ગુજરાતની કુલ ૧૧ બેઠક છે, આ પૈકીની સૌથી વધુ ૭ બેઠક હાલ ભારતીય જનતા પાર્ટીના ખાતામાં છે, જ્યારે બાકીની બેઠકો હાલમાં કૉંગ્રેસ પાસે છે. ભાજપમાંથી પરસોતમ રૂપાલા, મનસુખ માંડવિયા, નરહરિ અમીન, અભય ભારદ્વાજ, રમીલા બારા, ડૉ.એસ.જયશંકર અને જુગલજી ઠાકોર સાંસદ છે. કૉંગ્રેસમાંથી શક્તિસિંહ ગોહિલ, અમીબેન યાજ્ઞિક, નારણસિંહ રાઠવા સાંસદ છે અને અહેમદ પટેલ સાંસદ હતા, જેમાંથી ભાજપના રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ અને કૉંગ્રેસના સાંસદ અહેમદ પટેલના નિધન બાદ બંને બેઠક પર ફરી રાજ્યસભાની ચૂંટણી યોજાવાની શક્યતાઓ છે.

# ઉદવાડામાં ધસમસતી ટ્રેન સામે ઉભા રહી ગયેલા યુવકના બે કટકા થયા

વલસાડ : ઉદવાડા રેલવે ફાટક પાસે એક હૃદય થંભાવી દે તેવી ઘટના બની છે. એક અજાણ્યો યુવક ફાટક પાસેથી દોડ્યો હતો અને ગૂડ્સ ટ્રેનની સામે ઉભો રહી ગયો હતો. કોઈ કંઈ સમજે કે કંઈ કરે એ પહેલા જ ગૂડ્સ ટ્રેન યુવક પરથી પસાર થઈ ગઈ હતી અને યુવકના શરીરના બે કટકા થઈ ગયા હતા. બનાવ અંગે રેલવે પોલીસને જાણ કરવામાં આવતા રેલવે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત પ્રારંભિક વિગતો અનુસાર, ઉદવાડા રેલવે ફાટક પાસેથી ગૂડ્સ ટ્રેન પસાર થઈ રહી હોય ફાટક બંધ રાખવામાં આવ્યો હતો. એ સમયે એક અજાણ્યો યુવક ફાટક પાસે ઉભો હતો અને જેવી ટ્રેન નજીક આવી કે તુરંત જ એ યુવક ફાટક પાસેથી દોડીને ટ્રેક પર ઉભો રહી ગયો હતો. જોત જોતામાં ગૂડ્સ ટ્રેન તેના પરથી પસાર થઈ ગઈ હતી.

કાળજું કંપાવી દે તેવી ઘટનામાં રેલવે પોલીસે ફરિયાદ નોંધી છે અને આપઘાત કરનાર યુવક કોણ છે તે જાણવા પ્રયાસો હાથ ધર્યા છે. યુવકે શા માટે આત્મહત્ય કરી એ જાણવા પણ રેલવે પોલીસે તજવીજ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં બુલેટ સાયલેન્સરનો અવાજ બંધ કરાવવા મંત્રીનો આદેશ

ગાંધીનગરઃ ગાંધીનગર તેમજ રાજ્યાના અન્ય શહેર- જિલ્લાઓમાં હાલ ઘોંઘાટવાળા વાહનો લઈને નીકળવાની હોડ જામી હોય તેમ વાહનચાલકો અવર જવર કરી રહ્યાં છે. બુલેટ લઈને નીકળતાં વાહનચાલકો જાતિગત ઈમેજ ઉભી કરવા તેમજ રાહદારીઓનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય અને મલીન ઈરાદાઓમાં સફળ થાય તે માટે ફુલ સ્પીડમાં વાહન હંકારીને પસાર થતાં હોય છે. બીજી તરફ માર્ગ ઉપર પસાર થતાં અન્ય વાહનચાલકોનું ધ્યાન પણ અવાજના કારણે વિચલીત થવાથી અકસ્માતનો ભોગ પણ બનવું પડે છે. આવા વાહનચાલકો સામે પગલાં ભરવામાં આવે તેવા આદેશ કૃષિ ગ્રામ વિકાસ વાહનવ્યવહાર મંત્રી આર.સી. ફળદુએ ગુજરાત રોડ સેફટી ઓથોરીટી કમિશ્નરને કર્યા છે. બુલેટ લઈને નીકળતાં અને સાયલેન્સરનો અવાજ બંધ કરાવવામાં આવે તે માટેની રજુઆત ગાંધીનગરના જાગૃત નાગરિકો દ્વારા પણ કરવામાં આવી છે.

# બર્ડ ફ્લૂએ ફરી માથું ઉચક્યુંઃ ગુજરાતમાં ૮૨૮ મરઘાં, કાગડા અને પક્ષીનાં મોત

અમદાવાદ : બર્ડફ્લૂ રોગે ફરી એકવાર માથું ઉચક્યું છે. ગુજરાતમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં સરકારી ચોપડે બર્ડફ્લૂના કારણે ૮૨૮ મરઘાં, કાગડા સહિતનાં વિવિધ વિદેશી પક્ષીઓનાં મત થયા છે. પશુપાલન વિભાગે જ આંકડા બહાર પાડ્યા છે. ગુજરાત સહિત દેશના ૧૩ રાજ્યોમાં બર્ડફ્લૂ દેખાયો છે. બર્ડફ્લૂની સૌથી વધુ અસર હરિયાણામાં દેખાઈ છે. હરિયાણામાં ૨.૧૦ લાખ મરઘાના મોત થયા છે. સરકારી રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૩૮ મરઘાંના બર્ડફ્લૂના કારણે મોત થયા છે. આ ઉપરાંત ૫૯૦ કાગડા, પ્રવાસી પક્ષીઓનાં બર્ડફ્લૂથી મોત થયા છે. શિયાળામાં પ્રવાસી પક્ષીઓનું આગમન થતું હોય છે. જેના કારણે પહેલેથી જ મરઘા ફાર્મમાં નિગરાની સહિતના તાકીદે પગલાં લેવા એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી.

### નારોલની ટાઉનશીપમાં ૫૦ કબૂતરોનાં મોત

પૂર્વ અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી આકૃતિ ટાઉનશીપમાં બુધવારે સવારથી લઈને બપોર સુધીના સમયમાં એક પછી એક પચાસ કબૂતરોના ટપોટપ મોત થતાં ટાઉનશીપના રહિશોમાં બર્ડફ્લૂના સંભવિત ભયને જોતા ભારે ફફડાટ મચી જવા પામ્યો હતો.દરમ્યાન એક સાથે મોટી સંખ્યામાં કબૂતરોના મોત થયા હોવાની વાત સમગ્ર નારોલ વિસ્તારમાં પ્રસરી જતા લોકો ભયભીત બન્યા હતા.આ ઘટનાની જાણ થતાં જ અમદાવાદ જિલ્લા પંચાયત ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો તાકીદે આકૃતિ ટાઉનશીપ દોડી ગઈ હતી.

## શંકરસિંહ વાઘેલા ફરીવાર કોંગ્રેસમાં જોડાય એવી ચર્ચા, હાઈકમાન્ડ નિર્ણય કરશે

અમદાવાદ : ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરીવાર કોંગ્રેસમાં જોડાશે. કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકી શંકરસિંહને પક્ષમાં પરત લાવવા માટે મધ્યસ્થી કરી રહ્યાં છે. વાઘેલાએ ફેસબુક પર વીડિયો પોસ્ટ કરીને કહ્યું કે સોનિયા ગાંધી મને વાતચિત કરવા બોલાવશે તો હું દિલ્હી જઈને તેમની સાથે ચર્ચાઓ કરીશ. તે ઉપરાંત કોંગ્રેસ હાઈ કમાન્ડ મને કહેશે તો હું વિના શરતે અને સંકોચે કોંગ્રેસમાં જઈશ. અહેમદ પટેલનું જ્યારે અવસાન થયું અને તેમનો દેહ તેમના વતનમાં લાવવામાં આવ્યો ત્યારે હું સ્વાભાવિક પણે ત્યાં ગયો હતો. ત્યાં ઘણાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને કાર્યકરો મને ભેટીને રડી પડ્યાં હતાં.

# ગુજરાતમાં મોઢાના કેન્સરના સૌથી વધુ કેસ : જીભનું કેન્સર બીજા ક્રમે

અમદાવાદઃ ગુજરાતમાં નોંધાતા કેન્સરના પુરૂષ દર્દીઓમાં સૌથી વધુ ૨૧.૮૧ ટકા દર્દીઓ મોઢાના કેન્સરના છે, ત્યરબાદ જીભના કેન્સરના દર્દીઓનું પ્રમાણ ૧૦.૮૯ ટકા છે. જ્યારે સ્ત્રીઓમાં સૌથી વધુ કેસ સ્તનના કેન્સરના નોંધાય છે અને બીજા ક્રમે ગર્ભાશયના કેન્સરના કેસો નોંધાય છે. ગુજરાતની મહિલાઓમાં ગુટખાના વ્યસનનો વ્યાપ વધુ હોવાથી ગુજરાતમાં સૌથી વધુ મોઢાના કેન્સરના કેસો નોંધાય છે.

**ગુટખા-ધૂમપ્રાનના કારણે મોઢાના કેન્સરના કેસ વધ્યા : સ્ત્રીઓમાં ૨૧ ટકા કેસ સ્તન કેન્સરના**

સમગ્ર ગુજરાતમાં કેન્સરગ્રસ્ત પુરુષ દર્દીઓમાંથી ૨૧.૮૧ % દર્દીઓને મોંઢાનું, ૧૦.૮૯ % દર્દીઓને જીભના ભાગનું, ૯.૭૪% દર્દીઓને ફેફસાનું, ૪.૨૭% દર્દીઓને અન્નનળીનું અને ૩.૯૮ દર્દીઓમાં લ્યુકેમીયાનું કેન્સર જોવા મળે છે. જ્યારે મહિલાઓમાં ૨૧.૫ ટકા સ્તનનું(બ્રેસ્ટ) કેન્સર, ૧૪.૨૩% ગર્ભાશયનું કેન્સર, ૭.૭૨% મોઢાનું અને ૫.૧૩ ટકાીઓમાં જીભના ભાગનું કેન્સર જોવા મળે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી ગુજરાત કેન્સર હોસ્પિટલમાં દર વર્ષે ૩૦ હજારથી વધુ દર્દીઓ કેન્સરની સારવાર મેળવે છે. જેમાંથી રાજ્ય બહારના ૨૫થી ૩૦ ટકા બહારના રાજ્યના દર્દીઓનો સમાવેશ પણ થાય છે. કેન્સર હોસ્પિટલમાં કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવાર માટે સાયબર નાઈફ, ટોમોથેરાપી અને લિનિયર એક્સીલેટર જેવા અત્યાધુનિક ઉપકરણો ઉપલબ્ધ છે.

# ગુજરાતની હોસ્પિટલોમાં આગની ઘટના, સીઈએ એક્ટ લાવવા સરકારની મથામણ

સુરત : કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સમયમાં જ ગુજરાતના અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા સહિતના અનેક શહેરોમાં સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં કોઈકને કોઈક કારણોસર આગની ઘટના બની છે.

આ ઘટનામાં હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ ભડથું થયા હતા. તેથી સરકારે મોટા કોમ્પેલક્સ તથા બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટમાં ફાયર સેફટી વ્યવસ્થાને ફરજિયાત કરી હતી. જો કે, આમ છતાં આગની ઘટના યથાવત રહી છે. તેથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦માં UPA સરકારે તૈયાર કરેલા ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ CEA અમલમાં મૂકવાની દીશામાં વિચારણા શરૃ કરી છે. માર્ચમાં મળનારા વિધાનસભાના બજેટ સત્રમાં કાયદાના અમલ માટે ખરડો રજૂ થાય તેવી ગણતરી સરકારની છે.

મળતી વિગતો મુજબ ગુજરાતમાં ૭૦ વર્ષથી પણ જૂના નર્સિંગ હોમ રજિસ્ટ્રેશન એક્ટ- ૧૯૪૯ અમલ હેઠળ ચાલી રહ્યા છે. જ્યાં ફાયર સેફટીની આધુનિક સુવિધા હજી પણ નથી. ગત વર્ષે અમદાવાદ, રાજકોટની હોસ્પિટલોમાં આગની ઘટનામાં દર્દીઓ ભડથુ થયા બાદ હાઈકોર્ટે રાજ્ય સરકારને આ પ્રકારની ઘટના રોકવા માટે પગલા ભરવા સાથે દર્દીઓની સલામતી અને ડોક્ટર, સંચાલક અને સંબંધિત સરકારી અધિકારીની જવાબદારી નિશ્ચિત કરવા આદેશ કર્યો હતો. આ સાથે જ CEAનો અમલ ગુજરાતમાં કેમ નથી થતો તેવો સવાલ પણ રુપાણી સરકારને પુછાયો હતો.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## એક દાયકામાં જ મ્યાંમારમાં લોકશાહીની પ્રથાનો અંત આવી ગયો

# મ્યાંમારમાં સત્તાપલટો, સૈન્યના કૃત્યની દુનિયામાં ટીકા

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

મ્યાંમારમાં સેનાએ સત્તાપલટો કરીને દેશની કમાન પોતાના હાથમાં લેતા દુનિયાભરમાં આ ઘટનાના પડઘા પડ્યા છે. મ્યાંમારમાં પાંચ દાયકા સુધી લશ્કરી શાસન રહ્યા બાદ ઈસ ૨૦૧૦માં જ લોકશાહીની પ્રણાલી અમલમા આવી હતી. પરંતુ આજે તે વાતને માત્ર એક દાયકો વીત્યો છે ત્યાં તો સેનાએ ફરી પાછી સત્તા આંચકી લેતા મ્યાંમારની જનતામાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. મ્યાંમારમાં સત્તા પલટાની થયેલી આ હિલચાલને પગલે ફરી વખત અશાંતિનો માહોલ ઉભો થવાની પ્રબળ સંભાવના છે. મ્યાંમારની સેનાએ સર્વોચ્ચ નેતા આંગ સાન સૂ ચી, રાષ્ટ્રપતિ વિન મિંટ સહિત અનેક નેતાઓની ધરપકડ કર્યા બાદ દેશમાં એક વર્ષની કટોકટી લાગુ કરી દીધી છે. મ્યાંમારની સેનાની આ કાર્યવાહીની દુનિયાભરમાં આકરી ટીકા થઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ભારતે મ્યાંમારના ઘટનાક્રમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકાએ મ્યાંમારના લશ્કરી જનરલો વિરુદ્ધ ફરી વખત પ્રતિબંધ મૂકવાની ચેતવણી આપી છે. સેનાના સત્તાપલટાના બે દિવસ બાદ પણ આંગ સાન સૂ ચી વિશે કોઈ જાણકારી બહાર આવી નથી. બીજી તરફ યૂ.એન.ની સલામતી સમિતીએ મ્યાંમાર મુદ્દે તાત્કાલિક બેઠક બોલાવી હતી. જેમાં સૈન્યના સત્તાપલટા બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરાઈ હતી. હજુ તો માત્ર ૧૦ વર્ષ પહેલા મ્યાંમારની સેનાએ સત્તાનું હસ્તાંતરણ લોકો દ્વારા ચૂંટાયેલી સરકારને કર્યું હતું. સત્તાપલટાના સમાચાર બાદ આખા દેશમાં ડરનો માહોલ ઉભો થયો છે. હજુ તો એક દાયકા પહેલા મ્યાંમારમાં સેનાના પાંચ દાયકા સુધી ચાલેલા દમનકારી શાસનનો અંત આવ્યો હતો. હવે સૂ ચી તેમજ અન્ય રાજનેતાઓની ધરપકડ બાદ દેશમાં ફરી નિરાશા વ્યાપી રહી છે. આંગ સાન સૂ ચી અને તેમની એક જમાનામાં પ્રતિબંધિત રહી ચૂકેલી નેશનલ લીગ ફોર ડેમોક્રેસી પાર્ટી વર્ષ ૨૦૧૫માં મ્યાંમારના સૌથી સ્વતંત્ર અને નિષ્પક્ષ મતદાન બાદ સત્તામાં આવ્યાં હતાં. ગત સોમવારે તેમણે ફરી વખત સત્તા સંભાળવાની હતી. પરંતુ સંસદમાં પહેલા સત્રના થોડા કલાકો પહેલા જ સૂ ચી સહિત અનેક રાજનેતાઓની ધરપકડ કરી લેવાઈ.

પરંતુ સમગ્ર ઘટનાક્રમમાં સેનાએ પડદા પાછળ રહીને પક્કડ જમાવી રાખી હતી. જો કે, મ્યાંમારમાં સેનાનું જોર હોવા પાછળ ત્યાંનું બંધારણ જવાબદાર છે. ત્યાંના બધારણમાં સંસદની ચોથા ભાગની બેઠકો સેના પાસે રહે છે. એટલું જ નહીં, દેશના સૌથી શક્તિશાળી મંત્રાલયોને નિયંત્રિત કરવાની સત્તા પણ સેના પાસે છે. સમગ્ર વિવાદની શરૂઆત આમ તો ગત વર્ષે નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણી બાદ થઈ ગઈ હતી. આ ચૂંટણીમાં આંગ સાન સૂ ચીની પાર્ટી એનએલડીને ૮૦ ટકા વોટ મળ્યાં હતા. આમ તો છેલ્લા થોડા સમયથી સૂ ચીની સરકાર ઉપર રોહિંગ્યા મુસ્લિમોના નરસંહારના આરોપ મુકાતા રહ્યા છે. તેમ છતાં તેમની પાર્ટીને આટલા બધાં વોટ મળ્યાં. આ ચૂંટણી બાદ સેનાનું સમર્થન મેળવેલી વિપક્ષી પાર્ટીએ ચૂંટણીમાં છેતરપિંડીના આરોપ મૂક્યાં હતા. આ આરોપ અંગે કોઈ પુરાવા ન હોવા છતાં મ્યાંમારના નવા કાર્યકારી રાષ્ટ્રપતિ મીએન સ્વેએ દેશમાં તાત્કાલિક કટોકટી લાદી દીધી છે. નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં સેનાના સમર્થનવાળી યૂનિયન સોલિડેરિટી એન્ડ ડેવલપમેન્ટ પાર્ટી કોઈ નોંધપાત્ર દેખાવ કરી શકી ન હતી. જો કે, આમ છતાં સંસદમાં સેનાનો દબદબો ઘટવાનો કોઈ સવાલ ઉપસ્થિતિ નહોતો. કારણ કે ત્યાંના બંધારણમાં સેનાને કેટલીક સત્તા અપાઈ છે. વર્ષ ૨૦૦૬માં મ્યાંમારના બંધારણમાં થયેલા એક સંસોધન બાદ સેના પાસે સંસદની ૨૫ ટકા બેઠકોનો અધિકાર છે. આ સાથે જ ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલય અને સરહદ સાથે જોડાયેલા મામલાઓના મંત્રાલયનો સંપૂર્ણ અધિકાર સેના પાસે હોય છે. એ જોતાં સેનાએ સત્તાપલટો કરવાનું કોઈ દેખીતું કારણ નહોતું. એટલા માટે જ સેનાએ શા માટે સરકાર ઉથલાવી ? તેવો સવાલ દુનિયાને મુંઝવી રહ્યો છે. મ્યાંમારના બંધારણમાં ફેરફાર કરવા માટે પણ ૭૫ ટકા સમર્થનની જરૂર હોય છે. જે સેનાના સહયોગ વગર અશક્ય છે. કારણ કે, સેના પાસે ૨૫ ટકા વોટ છે. સેન્યના સત્તા પલટા બાદ સેનાના જનરલ મિન ઓન્ગ હ્યુઈગ મ્યાંમારના સૌથી શક્તિશાળી નેતા બની ચૂક્યાં છે. ૬૪ વર્ષીય હ્યુઈગ આ વર્ષે જુલાઈમાં સેવા નિવૃત્ત થવાના હતા. પરંતુ કટોકટીની જાહેરાત સાથે જ મ્યાંમારમાં તેઓ જ સર્વસ્વ બની ગયા છે.

જો કે, અહીંયા સુધી પહોંચવામાં હ્યુઈગે લાંબી સફર ખેડી છે. સેનામાં પ્રવેશ માટે બે વખત નિષ્ફળ નીવડયાં બાદ હ્યુંઈગને ત્રીજા પ્રયાસે નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ મળ્યો હતો. સામાન્ય સૈનિકથી શરૂઆત કરીને ધીમે ધીમે તેઓ પ્રગતિ સાંધતા ગયા. આખરે વર્ષ ૨૦૦૯માં તેઓ બ્યૂરો ઓફ સ્પેશિયલ ઓપરેશન-૨ના કમાન્ડર બન્યાં હતા. સત્તાપલટા પહેલા પણ જનરલ હ્યુંઈગ સેનાના કમાન્ડર ઈન ચીફ તરીકે રાજકીય રીતે ઘણાં પ્રભાવશાળી હતાં. મ્યાંમારમાં લોકશાહીની શરૂઆત થયા બાદ પણ હ્યુંઈગે મ્યાંમારની તુડમિજાજી તરીકે ઓળખાતી સેનાનો પ્રભાવ ઓછો ન થવા દીધો. એ માટે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક વખત ટીકાઓનો સામનો પણ કરવો પડયો છે. મ્યાંમારની લઘુમતિ ઉપર સેનાના હુમલા માટે પ્રતિબંધોનો સામનો પણ કરવો પડયો છે. હવે મ્યાંમારની સત્તા હાથમાં આવતા જનરલ હ્યુઈગ પોતાની તાકાત વધારવા અને મ્યાંમારનું ભાવિ નક્કી કરવાની દિશામાં કામ કરશે. આ પદે રહીને તેમણે મ્યાંમારના સરહદી અશાંત વિસ્તારમાં અનેક સૈન્ય અભિયાનો ચલાવ્યાં હતા. જેના કારણે લઘુમતિ શરણાર્થીઓએ દેશ છોડીને નાસવું પડયું હતુ. હ્યુંઈગની લશ્કરી ટુકડીઓ પર હત્યા, બળાત્કાર અને આગ લગાડવાના અનેક આરોપ લાગ્યાં તેમ છતાં તેઓ સતત પ્રમોશન મેળવતા રહ્યાં અને ઓગસ્ટ ૨૦૧૦માં જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ બન્યાં હતા. થોડા મહિના બાદ ૨૦૧૧ના માર્ચ મહિનામાં તેમણે અનેક લશ્કરી વરિષ્ઠ અધિકારીઓને પાછળ મૂકીને સેનાનાયકનું પદ મેળવી લીધું. મ્યાંમારમાં લાંબા સમય સુધી રહેલા લશ્કરી શાસન બાદ લોકશાહી આવી ત્યારે સૌએ હાશ અનુભવી હતી. આ દોરમાં હ્યુંઈગે સેનાધ્યક્ષના રૂપમાં પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમ છતાં તેઓ મ્યાંમારમાં સેનાની શક્તિ જાળવી રાખવા માટે પ્રયાસરત રહ્યાં.


વર્ષ ૨૦૧૬-૧૭માં મ્યાંમારના લઘુમતિ રોહિંગ્યા મુસ્લિમો ઉપર થયેલા અત્યાચાર માટે હ્યુંઈગની આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ટીકા થઈ હતી. અમેરિકાએ વર્ષ ૨૦૧૯માં હ્યુંઈગ પર માનવાધિકારના ઉલ્લંઘન માટે પ્રતિબંધો પણ મૂક્યાં હતા. બ્રિટને પણ ૨૦૨૦માં તેમના પર પ્રતિબંધો મૂક્યાં હતા. ગયા વર્ષના અંતે યોજાયેલી ચૂંટણીમાં સેનાના સમર્થનવાળી યૂનિયન સોલિડેરિટી એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીની જીત થવાની તેમની અપેક્ષા સફળ ન થઈ અને આંગ સાન સૂ કીની પાર્ટી પર ચૂંટણીમાં ગેરરીતિના આરોપ મૂકાયા હતા. ત્યારે જ સેના સત્તાપલટો કરશે એવા અણસાર મળવા લાગ્યાં હતાં. જાણકારોના મતે સત્તાપલટા પાછળનું કારણ કદાચ સેના માટે ચૂંટણીમાં મળેલી હાર પણ હોઈ શકે છે. હકીકતમાં સેનાના સમર્થનવાળી પાર્ટીને ચૂંટણીમાં આટલી કારમી હારની આશા નહોતી. મ્યાંમારમાં ભલે લોકશાહી હોય પરંતુ હજુ પણ સેના પોતાને સર્વેસર્વા માને છે. મ્યાંમારના રાજકારણના જાણકારો પણ માથું ખંજવાળી રહ્યાં છે કે, સેનાએ સત્તાપલટો કરવા માટે હાલનો સમય શા માટે પસંદ કર્યો. કારણ કે, એનાથી સેનાને કોઈ મોટો ફાયદો થાય એવું જણાતું નથી.



સર્વોચ્ચ નેતા આંગ સાન સૂ ચી, રાષ્ટ્રપતિ વિન મિંટ સહિત અનેક નેતાઓની ધરપકડ કર્યા બાદ એક વર્ષની કટોકટી લાદી દેવાઈ: સેનાના આ નિર્ણય પાછળ ચૂંટણીમાં તેના સમર્થનવાળી પાર્ટીને મળેલી હાર કારણભૂત હોવાની સંભાવના

સ્વદેશ






## વિજય દેવરકોંડા અને કરણ જોહર વચ્ચે ૧૦૦ કરોડની ડીલ

મુંબઇ: વિજય દેવરકોંડા દક્ષિણનો સુપરસ્ટાર મનાય છે. તે હવે બોલીવૂડમાં ડેબ્યુ કરી રહ્યો છે. કરણ જોહરના પ્રોડક્શનમાં બની રહેલી ફિલ્મ લાઇગરમાં તે વિજયનું પાત્ર ભજવવાનો છે. જેનું દિગ્દર્શન પુરી જગન્નાથ કરશે. સૂત્રો વાત સાચી માનીએ તો કરણ જોહરે વિજય સાથેએક ડીલ ફાઇનલ કરી છે. કરણ વિજયને રૂપિયા ૧૦૦ કરોડ મહેનતાણું આપવા રાજી થયો છે. જોકે આ કરાર હેઠળ વિજયે ધર્મા પ્રોડક્શનના બેનર હેઠળ ત્રણ ફિલ્મો કરવી પડશે. કરણે વિજયને નેશનલસ્ટાર બનવાનું વચન આપ્યું છે.

## કાર્દેશિયન સામેના કાનૂની જંગમાં બ્લેક ચાઇનાની જીત




કાર્દેશિયન-જેન્નેર પરિવાર સામે કાનૂની જંગના પહેલા રાઉન્ડમાં બ્લેક ચાઇનાનો વિજય થયો છે. એક અહેવાલ મુજબ કોર્ટે બનિમ/મુરે પ્રોડક્શનને બંધ કરાયેલા રોબ એન્ડ ચાઇના શોના બીજી સીરીઝના વીડિયો ફૂટેજ આપવાના આદેશ કર્યો છે. એવું માનવામાં આવે છે કે પોતાના ભૂતપૂર્વ મંગેતર રોબ કાર્દેશિયન સાથેનો આ વીડિયો રીયાલીટી શો રોબ એન્ડ ચાઇનાની બીજી સીરીઝમાં દર્શાવવામાં આવનાર હતો. એવું માનવામાં આવે છે કે વિવાદીત દ્રષ્યોમાં ઉદ્યોગપતિ રોબ તેની તત્કાલીન મંગેતર, જેણે એક મેડિકલ પ્રક્રિયા કરાવી છે, તેની સમક્ષ પોતાના પ્રેમનો એકરાર કરી રહ્યો છે. વીડિયો ફિલ્મોની આ ભૂતપૂર્વ ખલનાયિકાએ અગાઉ આ વિખ્યાત પરિવાર સામે હુમલો, ઘરેલુ હિંસા, બદનામી અને નુકસાનીનો દાવો માંડ્યો હતો.

## હોલીવુડ સ્ટાર શેરોન સ્ટોન ૬૨ વર્ષે મોડેલિંગ કરશે



વિખ્યાત હોલીવૂડ સ્ટાર શેરોન સ્ટોને ઇન્સ્ટાગ્રામ પર કાળા બોડી સુટમાં ફોટો શેર કરીને પોતાના મોડેલિંગ વારસાની ઉજવણી કરી હતી. ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરેલી તસવીરમાં સ્ટોન મેરિલિન મોનરોની વિશાળ પ્રતિકૃતિ નીચે એક સોફાના હાથા પર બેઠી છે અને ફોટાના કેપ્શનમાં તેણે લખ્યું છે કે મને ૬૨ વર્ષે પણ મોડેલિંગ કરવાની તક મળે છે એના માટે માત્ર આશ્ચર્ય જ નથી થતું પણ મારા ચાહકોની આભારી છું. ફોટામાં આ સુપરસ્ટાર પોતાનું માથું પાછળ તરફ ધકેલતી દેખાય છે અને તેનો એક હાથ તેના ટૂંકા સફેદ વાળ પર છે. ઉપરાંત સ્ટોને લાંબી બાયનું સિલ્કનું ગ્લેમરસ બ્લાઉસ પહેર્યું છે.

## જેરેમી અને લેડી ગાગા મર્ડર ડ્રામા ગુચીમાં સાથે દેખાશે



રિડલી સ્કોટના દિગ્દર્શનમાં બની રહેલા મર્ડર ડ્રામા ગુચીમાં લેડી ગાગા સામે જેરેમી આયરન્સને નક્કી કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં લેડી ગાગા મોરિઝિયો ગુચીની ભૂતપૂર્વ પત્ની પેટ્રિઝિયા રેગિયાનીનું પાત્ર નિભાવી રહી છે. ૧૨ વર્ષના લગ્નજીવન પછી એને ગુચીએ ૧૯૮૫માં એક યુવા મહિલાના પ્રેમ પાછળ ત્યજી દીધી હતી. ૧૯૯૫માં પોતાના ભૂતપૂર્વ પતિની ઇટાલીમાં એની ઓફિસના પગથિયા પર થયેલી હત્યાના આરોપસર રેગિયાની પર કેસ ચાલ્યો હતો અને તેને સજા પણ થઇ હતી. ટ્રાયલ દરમ્યાન રેગિયાનીને ધી બ્લેક વિડોનું ઉપનામ મળ્યું હતું. ૧૮ વર્ષ જેલમાં ગાળ્યા પછી ૨૦૧૬માં તે કેદમાંથી મુક્ત થઇ હતી. ગુચી હત્યાકાંડ પર બની રહેલી આ ફિલ્મની પટકથા રોબર્ટો બેન્ટિવેગનાએ લખી છે.

# સોનાક્ષીએ રિહાનાનું સમર્થન કર્યું



મુંબઇ : સોનાક્ષી સિન્હાએ ખેડૂત આંદોલન પર વિદેશી કલાકારોના ટ્વીટ્સને લઇ પોતાની ઇંસ્ટાગ્રામ સ્ટોરી પર ખુલીને પોતાની પ્રતિક્રિયા આપી છે. સોનાક્ષી સિન્હાએ કેટલીક પોસ્ટ ઇંસ્ટાગ્રામ સ્ટોરીમાં નાંખી છે અને કહ્યું છે કે આ વિદેશી કલાકારોને એ બહારી લોકોની જેમ રજૂ કરાશે જે દેશમાં અશાંતિ ફેલાવા માંગે છે. પરંતુ વાત એટલી જ છે કે તેઓ પણ માણસ છે અને માણસના પક્ષની વાત કરવા માંગે છે. આમ તેમણે રિહાના, મિયા ખલીફા અને ગ્રેટ થનબર્ગના અવાજ ઉઠાવવાને જરાય ખોટો ગણ્યો નથી. સોનાક્ષી સિન્હાએ પોતાની ઇંસ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું છે, 'આની પહેલાં તમે આજે રાત્રે રિહાના અને ગ્રેટા કે અન્ય 'બહારીઓ'ના ભારતીયના આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા અંગે સાંભળો, તમારે એ વાત જાણી લેવાની જરૂર છે.' સ્વાભાવિક છે કે તેઓ આપણા ત્રણ કૃષિ બિલો અને આપણા કૃષિ ક્ષેત્રની બારીકાઇઓને જાણતા નથી. પરંતુ ચિંતા માત્ર એ વાતની નથી. અવાજ ઉઠાવામાં આવ્યો છે માનવાધિકાર ઉલ્લંઘનને લઇ, ફ્રી ઇન્ટરનેટને દબાવાને લઇ, અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઇ, સરકારના પ્રોપેગેન્ડા, હેટ સ્પીચ અને સત્તાના દુરૂપયોગને લઇ.

## કંગના રનૌત હવે રોહિત શર્મા ઉપર બરાબર ભડકી

ખેડૂત આંદોલન પર કંગના રનૌત સતત સોશિયલ મીડિયા પર મોરચો સંભાળતી દેખાય છે. બોલિવુડ સેલેબ્સ લાંબા સમયથી તેમના નિશાના પર છે. કંગનાએ હવે ક્રિકેટર્સને પણ ઘેરવાનું શરૂ કરી દીધું છે. રોહિત શર્માના ટ્વીટ પર તેણે રિએક્શન આપ્યું છે અને લખ્યું કે આ ક્રિકેટર્સ ધોબીના કૂતરા ના ઘરના કે ના ઘાટના જેવી વાતો કેમ કરી રહ્યા છે. ઇન્ટરનેશનલ પોપ સિંગર રિહાનાના ટ્વીટ બાદ ખેડૂત આંદોલનની આખી દુનિયામાં ચર્ચા થઇ રહી છે. ભારતના સેલેબ્સે પણ આ મુદ્દા પર પોતાના વિચાર સોશિયલ મીડિયા પર મૂક્યા છે. અક્ષય કુમાર, અજય દેવગણ સહિત કેટલાંય એક્ટર્સે ભારતના લોકોને એકજૂથ થવાની અપીલ કરી છે. ક્રિકેટર્સની પણ આવી ટ્વીટસ સામે આવી છે.

## અમિતાભ બચ્ચને ફેરવી-ફેરવીને એવી ટ્વીટ કરી કે યુઝર્સે લઇ લીધો બરાબરનો ઉધડો

કેન્દ્ર સરકારના વિવાદાસ્પદ કૃષિ કાયદાની વિરૂદ્ધ ખેડૂત બે મહિનાથી પણ વધુ સમયથી આંદોલન કરી રહ્યા છે. તાજેતરમાં રિહાના, મિયા ખલીફા, મીના હેરિસ અને ગ્રેટા થનબર્ગ જેવી ઇન્ટરનેશનલ સેલિબ્રિટીઝના ખેડૂત આંદોલનના સપોર્ટમાં ટ્વીટ બાદ ફરી એકવખત આ આંદોલન ચર્ચામાં આવી ગયું છે. ત્યારબાદ અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, અજય દેવગણ, કંગના રનૌત, લતા મંગેશકર, સચિન તેંડુલકર જેવા લોકોએ સરકારના સપોર્ટમાં ટ્વીટ કરી છે અને તેને ભારતનો આંતરિક મામલો ગણાવ્યો છે. જો કે આટલા બધા બોલિવૂડ સેલેબ્સના ટ્વીટ કર્યા બાદ પણ અમિતાભ બચ્ચનએ કોઇ ટ્વીટ કરી નથી પરંતુ તેમણે ફેરવી-ફેરવીને એક ટ્વીટ કરી છે જેના લીધે લોકો તેમને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી રહ્યા છે અને પૂછી રહ્યા છે કે આખરે તેઓ કોને સપોર્ટ કરી રહ્યા છે, ખેડૂતોને કે સરકારને? અમિતાભ બચ્ચને ટ્વીટમાં લખ્યું, તર્કનો જવાબ તો તર્કમાં આપી શકાય છે, પરંતુ વિશ્વાસનો જવાબ તર્કની પાસે નથી.



# હીરોની ફિલ્મ ફ્લોપ થવા પર મને ફી ઘટાડવા કહેવાતું: તાપસી પન્નુ

મુંબઇ: એક્ટ્રેસ તાપસી પન્નુએ બોલિવૂડમાં ભેદભાવને લઇને એક મોટું સ્ટેટમેન્ટ આપ્યું છે. હાલમાં જ એક ઇન્ટરવ્યૂ દરમ્યાન તાપસીએ બોલિવૂડમાં ભેદભાવ વિશે વાત કરી. સાથે જ તાપસીએ આને લઇને પોતાનો અનુભવ શેર પણ કર્યો છે. આ દરમ્યાન તેણે જણાવ્યું કે કોઇ હીરોની અગાઉની પાછલી ફિલ્મ ફ્લોપ થવા પર મને મારી ફી ઓછી કરવા માટે કહેવામાં આવતું હતું. જેનાથી ફિલ્મનું બજેટ કંટ્રોલ કરી શકાય. ઇન્ટરવ્યૂમાં તાપસીએ કહ્યું, મારા કરિયરના શરૂઆતના ટાઇમમાં મારે ઘણી વિચિત્ર વસ્તુઓનો સામનો કરવો પડ્યો છે. હું બોલિવૂડની અન્ય એક્ટ્રેસની જેમ સુંદર ન હતી. મને એટલે પણ ફિલ્મમાંથી રિપ્લેસ કરી નાખવામાં આવતી હતી કારણકે એક્ટરની વાઇફ ઇચ્છતી ન હતી કે હું ફિલ્મમાં સામેલ થાઉ. હું એક ફિલ્મ માટે ડબિંગ કરી રહી હતી તે દરમ્યાન મને કહેવામાં આવ્યું કે હીરોને તમારા ડાયલોગ પસંદ ન આવ્યા, માટે તેને બદલી દેવામાં આવે. જ્યારે મેં ફેરફાર માટે ના પાડી તો કોઇ બીજા ડબિંગ આર્ટિસ્ટ પાસે તે કામ કરાવી લેવામાં આવ્યું.

## આમિર ખાન નહીં કરે મોબાઇલનો ઉપયોગ



મુંબઇ : બોલિવુડ એક્ટર આમિર ખાન 'મિસ્ટર પર્ફેક્શનિસ્ટ' તરીકે એમ જ જાણીતો નથી. આમિર જે પણ કંઇ કરે છે તેમાં પોતાનું ૧૦૦ ટકા આપે છે. ત્યારે હવે કામ અને પરિવાર પર ધ્યાન આપવા માટે આમિર ખાને મોબાઇલથી દૂરી બનાવી લીધી છે. હાલ આમિર ખાન મોબાઇલ ડિટોક્સ પર છે. આમિર ખાનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેણે લાલ સિંહ ચઢ્ઢાના શૂટિંગમાંથી બ્રેક લીધો છે. જેથી તે ફ્રેન્ડ અમીન હાજીની દિગ્દર્શક તરીકેની ડેબ્યૂ ફિલ્મ કોઇ જાને ના ના કેમિયો રોલનું જયપુરમાં શૂટિંગ કરી શકે. હવે પ્રાપ્ત માહિતી મુજબ આમિર મુંબઇમાં પાછો આવી ગયો છે અને ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢા પર કામ શરૂ કર્યું છે.

## અનુષ્કા શર્માએ દીકરીની પહેલી તસવીર શેર કરી

મુંબઇ: ક્રિકેટર વિરાટ કોહલી અને એક્ટ્રેસ અનુષ્કા શર્મા પોપ્યુલર કપલ્સ પૈકીના એક છે. થોડા વર્ષો સુધી એકબીજાને ડેટ કર્યા બાદ વિરાટ અને અનુષ્કાએ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ વિરાટ-અનુષ્કા દીકરીના માતાપિતા બન્યા હતા. દીકરીના જન્મના ૨૧ દિવસ પછી અનુષ્કા શર્માએ દીકરીની પહેલી તસવીર શેર કરી છે. સાથે જ તેનું નામ પણ જણાવ્યું છે. સોમવારે સવારે અનુષ્કા શર્માએ



એક તસવીર શેર કરી છે જેમાં તે અને વિરાટ દીકરીને પ્રેમથી જોઇ રહ્યા છે. બેકગ્રાઉન્ડમાં બેબી ગર્લ લખેલા રંગબેરંગી ફુગ્ગા છે. આ ક્યૂટ ફેમિલી ફોટો શેર કરતાં અનુષ્કા શર્માએ લખ્યું, "અમે અમારું જીવન પ્રેમ, હાજરી અને કૃતજ્ઞતા સાથે જીવ્યા છીએ પરંતુ આ નાનકડી વામિકાએ અમારું જીવન જ બદલી નાખ્યું છે. આંસુ, હાસ્ય, ચિંતા, આશીર્વાદ- આ લાગણીઓ અમે ઘણીવાર માત્ર મિનિટોમાં જ અનુભવી લઇએ છીએ.

# પીઠની પીડાને કરો આસનોથી દૂર



આજે શાળામાં જતા બાળકોથી લઈને ઓફિસમાં બેસીને કામ કરતાં લોકો સુધી લગભગ બધા ક્યારેક તો કમરની પીડાનો શિકાર બને જ છે. શાળામાં જતા વિદ્યાર્થીઓની પીઠ પર મજૂરની જેમ લાદવામાં આવતાં પુસ્તકો ભરેલા ભારેખમ થેલાં, કલાકો સુધી એક ધાર્યા કમ્પ્યુટર સામે અયોગ્ય પોશ્ચરમાં બેસવાની ટેવ, ખાડાટેકરાવાળી સડકો પર કરવામાં આવતો પ્રવાસ, વિટામીન 'ડી' ની ઊણપ જેવા સંખ્યાબંધ કારણો પીઠની પીડાનું કારણ બને છે. વાસ્તવમાં આ દર્દનો સીધો સંબંધ કરોડરજ્જુ સાથે હોય છે. તેથી નિયમિત રીતે કેટલાંક આસન કરવાથી વાંસાની વેદનામાં રાહત મેળવી શકાય છે. જેમ કે,

**કોબરા :** આ આસનનો આકાર સાપ જેવો હોય છે. આ આસન કરવા ઊંધા સુઈને બંને હાથની હથેળીઓને ખભા નીચે છાતીના બાજુમાં ફરસ પર રાખો. સાથે સાથે પગની આંગળીઓથી લઈને નાભિ સુધીના ભાગને જમીન સાથે અડાડી રાખો. હવે શ્વાસ લેતા લેતા ધડને શક્ય એટલું ઉપર લઈ જાઓ અને માથું બને એટલું પાછળની તરફ લો. આ સ્થિતિમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયાને સામાન્ય રાખીને નેવું સેકંડ જેટલા સમય સુધી રહો. આ પ્રક્રિયા પાંચથી સાત વખત કરો.

**કોનાસન :** બંને પગ વચ્ચે દોઢ ફૂટ જેટલું અંતર રાખીને ઊભા રહો. હવે ડાબા હાથની આંગળીઓ ડાબા પગના પંજાને અડવાનો પ્રયાસ કરો. આ દરમિયાન જમણો હાથ ઉપર તરફ લઈ જાઓ. આ આસન કરતી વખતે નજર બિલકુલ સામે તરફ રાખો અને શ્વાસોચ્છવાસ સામાન્ય રીતે ચાલવા દો. આ આસન કરતી વખતે કમરનો ભાગ આગળ-પાછળ ન થાય તેની કાળજી રાખો. આ આસન ૧૦ થી ૧૨ વખત અવશ્ય કરો. જે વ્યક્તિઓને કમરમાં પીડા થવાને કારણે સીધા ઊભા રહેવામાં મુશ્કેલી થતી હોય તેમને માટે આ આસન ફાયદાકારક પુરવાર થાય છે. હા, આ આસન કરતી વખતે ઉતાવળ કરવી નહીં.

**નૌકાસન :** આ આસન કરવા ફરસ પર ઊંધા સુઈને હાથને આગળની તરફ નમસ્કારની મુદ્રામાં લઈ જાઓ. પગને પણ એવી જ રીતે જોડેલા રાખો. પછી ધીમે ધીમે હાથ અને પગને ઉપર લેવાનો પ્રયાસ કરો. આમ કરવાથી શરીરનો આકાર નૌકા જેવો થઈ જશે તેથી તેને નૌકાસન કહેવામાં આવે છે. આ આસન કરતી વખતે શ્વાસોચ્છ્વાસ સામાન્ય રાખો. નૌકાસન એકથી આઠ વખત કરી શકાય.

# લોકો પર ચાપતી નજર રાખતું સ્પાયવેર



સ્પાયવેર એ એક સોફ્ટવેર અથવા તો એપ્લિકેશન હોય છે. જે તમારા કોમ્પ્યુટર અથવા તો મોબાઈલમાં છૂપી રીતે રહેતું હોય છે અને હેકર સુધી યુઝર્સની માહિતી પહોંચાડે છે.

કોમ્પ્યુટરમાં થર્ડ પાર્ટી સોફ્ટવેર અથવા તો ફ્રી સોફ્ટવેર (ફ્રીવેર) ઈન્સ્ટોલ કરવાથી કોમ્પ્યુટરમાં સ્પાયવેર ઓટોમેટિક ઈન્સ્ટોલ થઈ શકે છે. લાઈસન્સ સોફ્ટવેર એટલે કે જે સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા માટે તમારે રૂપિયા ચૂકવવા પડે. જેથી આપણે લાઈસન્સ સોફ્ટવેરનો ઉપયોગ આપણા કોમ્પ્યુટરમાં સરળતાથી કરી શકીએ છીએ અને જો ભવિષ્યમાં કોઇ મુશ્કેલી પડે તો સહાયતા ટીમ આપણને મદદરૂપ થાય છે. જેથી કરીને લાઈસન્સ સોફ્ટવેરનો ઉપયોગ કરવો હિતાવહ છે. પરંતુ ઘણાં લોકો પાઈરેટેડ સોફ્ટવેર એટલે કે સોફ્ટવેરનું ક્રેક વર્ઝન ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરતાં હોય છે. આવું કરવાથી કોમ્પ્યુટરમાં છૂપી રીતે સ્પાયવેર પણ ઈન્સ્ટોલ થઈ જાય છે. સ્પાયવેર ના કારણે જેણે સોફ્ટવેરનું ક્રેક વર્ઝન બનાવ્યું હોય તે યુઝર્સની એક્ટીવિટી પર ચાપતી નજર રાખે છે.

મોબાઈલમાં પણ કોમ્પ્યુટરની જેમ થર્ડ પાર્ટી એપ્લિકેશન ડાઉનલોડ કરવાથી સ્પાયવેરનો ખતરો રહે છે. ઘણી વખત અમુક લોકો બીજાને હાની પહોંચાડવાના હેતુથી મોબાઈલમાં છૂપી રીતે સ્પાયવેર ઈન્સ્ટોલ કરે છે. જેથી તેઓ બીજાની એક્ટીવિટી પર નજર રાખી શકે. તેના હેતુરૂપે બ્લેકમેલ પણ કરી શકે. જ્યાં સુધી કોઇ આપણને બ્લેકમેલ ન કરે ત્યાં સુધી આપણને ખબર ન પડે કે આપણા મોબાઈલમાં સ્પાયવેર ઈન્સ્ટોલ છે. જેથી આપણે આપણા મોબાઈલ તથા કોમ્પ્યુટરની સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે.


એક સાઈબર એક્સપર્ટ તરીકે મારી સલાહ છે કે કોમ્પયુટરમાં થર્ડ પાર્ટી સોફ્ટવેર અથવા સોફ્ટવેરના ક્રેક વર્ઝન ઈન્સ્ટોલ કરવા ન જોઈએ. તેમજ મોબાઈલમાં પણ થર્ડ પાર્ટી એપ્લિકેશન ડાઉનલોડ અથવા ઈન્સ્ટોલ ન કરવી. જો કોઈને પણ મોબાઈલ આપો તો નજર રાખો કે તે આપણા મોબાઈલ માં શું કરી રહ્યા છે. બીજા આપણા કોમ્પ્યુટર કે મોબાઈલ પર સ્પાયવેર થી ચાપતી નજર રાખે તેના કરતા આપણે આપણા કોમ્પ્યુટર કે મોબાઈલની સંભાળ લઈએ તે હિતાવહ છે.

@beinghumanmj

# ચહેરો ચમકીલો બનાવવા કરો ગોલ્ડ ફેશિયલ

આપણે આપણા રોજિંદા જીવનમાં હળદરનો ઉપયોગ કરતા હોઈએ છીએ. હળદર એ ત્વચાની સુંદરતા માટે તેમજ સ્વાસ્થ્ય માટે રામબાણ ઉપાય છે. આજ પણ મહિલાઓ ચહેરા પર હળદરનો લેપ લગાવી ત્વચાને સુંદર બનાવતી હોય છે. તમે જોયું હશે કે લગ્નપ્રસંગમાં પણ ત્વચાને સુંદર બનાવવા હળદર લગાવવાનો રિવાજ છે. જેનાં લગ્ન હોય તેને હળદર લગાવી તેના ચહેરાને ચમકાવવામાં આવે છે. જોવા જઈએ તો હળદરના ઘણા ફાયદા છે. જો તમને કોઈ જગ્યા પર વાગ્યું હોય અને સોજો આવ્યો હોય તો તમે એ જગ્યા પર હળદર ગરમ કરીને લગાવશો તો સોજો ઓછો થઈ જશે. તેમજ ગરમ દૂધમાં હળદર નાંખી પ ીવાથી પેટને લગતી ઘણી બીમારીથી બચી શકાય છે. હળદરનો ઉપયોગ ઘણાં વર્ષોથી દવાઓ તેમજ બ્યુટી પ્રોડક્ટ્સ બનાવવામાં પણ થાય છે. હળદરનો શ્રેષ્ઠ ઉપયોગ એન્ટિસેપ્ટિક તરીકે કરી શકાય છે, કારણ કે હળદર સૌથી અસરકારક એન્ટિસેપ્ટિક છે. ચહેરા પર હળદરનો લેપ લગાવી તમે તમારી ત્વચા પર નિખાર લાવી શકો છો. તેના માટે પહેલાં તમારે હળદરનું એક ગોલ્ડ ફેશિયલ બનાવવું પડશે. ફેશિયલ બનાવવા માટે સૌપ્રથમ બે ચમચી દૂધ લઈ તેમાં થોડી હળદર નાખો ત્યારબાદ રૂને પલાળી ચહેરો સ્વચ્છ કરી લો.

ત્યારબાદ તમારે તમારા ચહેરા પર લગાવવા માટે એક સ્ક્રબ તૈયાર કરવો પડશે. આ સ્ક્રબ તૈયાર કરવા માટે તમે એક ચમચી સોજી, થોડી હળદર, મધ અને થોડું દૂધ લો. આ બધાનું મિશ્રણ કરી એક સ્ક્રબ તૈયાર થઈ જશે. તમે આનો ઉપ યોગ ગુલાબજળ સાથે પણ કરી શકો છો. આ સ્ક્રબને તમે તમારા ચહેરા પર લગાવી હળવા હાથે મસાજ કરો. ત્યાર બાદ ચહેરા પર વરાળ લઈ ચહેરો રૂમાલ વડે સાફ કરી દોહવે ચહેરા પર મસાજ કરવા માટે બિલકુલ કુદરતી ક્રીમ બનાવીશું. જેના માટે ઘરે બનાવેલા દહીંનો ઉપયોગ કરીશું. તેમાં થોડી હળદર અને બદામનું તેલ નાંખીશું.




| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |





# ગાંધીધામમાં ૩૫ લાખની ખંડણી માંગતા ૪ ઝડપાયા

**• સુત્રધાર મનોજ વ્યાસે વિએતનામમાં જેને ત્યાં નોકરી કરતો તે શેઠના ભાઈનું અપહરણ કર્યુ**

ગાંધીધામ : ગાંધીધામના પ્લાયવૂડના ઉત્પાદક વેપારીનું અપહરણ કરી ૩૫ લાખની ખંડણી વસૂલાયાના દસ દિવસ પછી ચાર આરોપી ઝડપાયાં છે. ગુજરાત એટીએસની ટીમે રાજસ્થાનમાં ઓપરેશન હાથ ધરીને ચાર યુવકને ઝડપી લીધાં છે પણ ૩૫ લાખની ખંડણીના નાણાં લઈને પલાયન થયેલો મનોજ વ્યાસ નામનો સૂત્રધાર હજૂ પકડાયો નથી. અઠંગ અપરાધી એવો મનોજ અગાઉ વિએતનામમાં નોકરી કરતો હતો. વિએતનામમાં જેમને ત્યાં નોકરી કરતો હતો તેમના ભાઈ, ગાંધીનગરમાં રહેતા મુકેશભાઈ અગ્રવાલનું અપહરણ કરી ૩ કરોડ રુપિયાની ખંડણી માગવામાં આવી હતી. પરંતુ, મુકેશભાઈએ ૩૫ લાખ મગાવ્યા હતા અને ચૂકવી આપ્યાં હતાં. આ પછી મુકેશભાઈ તક મળતાં મુક્ત થયાં હતાં અને ગાંધીધામ પરત પહોંચ્યા હતા. મનોજ સહિત પાંચ આરોપી રાજસ્થાનના હોવાથી ગુજરાત એટીએસના ડીવાયએસપી પિનાકીન પરમાર અને ટીમે ચાર આરોપીને ઝડપી લેવામાં સફળતા મેળવી છે.તપાસમાં મુખ્ય સુત્રાધાર તરીકે રાજસ્થાનના સિકર



જિલ્લાના રામગઢ ગામે રહેતો મનોજ નંદકિશોર વ્યાસ ઉપસી આવ્યો છે. મનોજ આ પહેલાં વેપારી મુકેશભાઈ અગ્રવાલના ભાઈની પેઢીમાં વિએતનામ ખાતે નોકરી કરતો હતો. ભારત પરત ફર્યા પછી પૈસાની જરુરિયાત હોવાથઈ મુકેશ અગ્રવાલ પાસેથી પૈસા મળશે તેવી જાણકારી મનોજને હતી. મનોજે તેના મિત્રોને વિશ્વાસમાં લઈને અપહરણની યોજના ઘડી કાઢી હતી. મનોજે તેના મિત્રો સુરેશ ઓમપ્રકાશ સોની, રાકેશ સોની, ત્રિલોક ઓમપ્રકાશસીંગ ચૌહાણ અને સંદીપ છાજુસીંગને સાથે રાખીને અપહરણની યોજના ઘડી કાઢી હતી.

મિત્ર થકી જ વેગન-આર કાર મેળવીને તેમા 'આરોપી ગાંધીધામ આવ્યાં હતાં. વેપારી મુકેશભાઈ ક્યારે અને ક્યાં આવે જાય છે તેની રેકી કરવામાં આવી હતી. વેપારી મુકેશભાઈને માથામાં સળિયો માર્યા પછી તમંચા જેવું હિથયાર બતાવી તેમની કારમાં જ અપહરણ કરીને ઉઠાવી જવામાં આવ્યાં હતાં. મુકેશભાઈને રાજસ્થાનના સાંચોર, જોધપુર રોડ અને જયપુર વગેરે જગ્યાએ ગોંધી રાખવામાં આવ્યાં હતાં. શરુઆતમાં ત્રણ કરોડ રુપિયા માંગ્યા પછી મુકેશભાઈએ ૩૫ લાખ મગાવ્યાં હતાં. આંગડિયા મારફતે પૈસા મગાવ્યાં પછી મુકેશભાઈના ઓળખિતા વ્યક્તિ પાસે જ આંગડિયામાંથી પૈસા મેળવાયા હતા. જયપુરમાં ચાલાકીપૂર્વક ૩૫ લાખ રુપિયા મેળવીને મનોજ વ્યાસ રવાના થઈ ગયો હતો. જ્યારે, અપહૃત વેપારી મુકેશભાઈ અગ્રવાલને લઈ અન્ય ત્રણ આરોપી ફરતાં રહ્યાં હતાં. આખરે, એક હોટલ પાસે લોકોની મદદ મેળવીને મુકેશભાઈ મુકત થવામાં સફળ રહ્યાં હતાં.

## દ્વારકા ફરી શર્મસાર, પરપ્રાંતીય ચાર યુવકોએ વૃદ્ધાની નિર્મમ હત્યા કરી

દ્વારકા : પવિત્ર ભૂમિ પર નરાધમોએ ૬૭ વર્ષીય વૃદ્ધ મહિલાની નિર્મમ હત્યા કરતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી છે. કલ્યાણપુર ગામમાં એક વૃદ્ધ દંપતી શાંતિથી જીવન વ્યતિત કરી રહ્યા હતા. પતિ જટાશંકર વેલજીભાઈ ભોગાયતા અને પત્ની જયાબેન જટાશંકર ભોગાયતા સુખ શાંતિ સાથે નાના એવા કલ્યાણપુર ગામમાં ગામડાની શાંતિની જિંદગી જીવતા હતા. પુત્રો શહેરમાં સેટ થયા હતા, પરંતુ વૃદ્ધ દંપતીને ગામડાની શાંતિ પસંદ હોવાથી બંને લોકો અહીં શાંતિની જિંદગી જીવતા હતા. બનાવની વિગતો પણ ચોંકાવનારી છે. મૃતક જયાબેન જટાશંકર ભોગાયતા જે ઘરે રહેતા હતા, ત્યાં બાજુમાં ખંડેર હાલતમાં મકાન આવેલું હતું. અહીં ખંડેરમાં સોનુ અને માલો ઉર્ફે માલો માઈકલ અને ટીનો તથા અજિત મહારાજ નામના ચાર શખ્સો અહીં અસામાજિક પ્રવૃત્તિ જેવી કે દારૂ પીવા અહીં આવતા હતા.

આ શખ્સોને મૃતક વૃદ્ધ મહિલાએ દારૂ પીવા અહીં ન આવવા ઠપકો આપ્યો હતો. ત્યારબાદ તમામ અસામાજિક લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા, પરંતુ આમાંથી બે શખ્સો સોનુ બ્રિજેશસિંગ રાજપૂત અને માલો ઉર્ફે માઈકલને મનમાં લાગી આવ્યું હતું અને વૃદ્ધાનું ઢીમ ઢાળવાનું નક્કી કરી લીધું હતું. જે બાદ તેઓએ વૃદ્ધાની હત્યા કરી હતી.

## સોમનાથ મંદિર પાસે વિશ્વકક્ષાના પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર રૂ. ૩૦૦ કરોડ ફાળવશે

સોમનાથ : ગુજરાતમાં વધુ એક વિશ્વ કક્ષાના પ્રોજેક્ટ સ્થપવા કેન્દ્ર સરકારે તૈયારી દાખવી છે. સોમનાથ મંદિર ટ્રસ્ટના ચેરમેનપદે પીએમ મોદીની વરણી બાદ મંદિર પાસે સોમનાથના સમુદ્રમાં ટનલ બનાવવા ૩૦૦ કરોડની ફાળવણી કરવાનો નિર્ણય કરાયો છે.

મંદિર સંકુલનાં ભુર્ગભમાં વિવિધ સ્થળોએ થોડા દિવસો પહેલાં જ બાંધકામો હોવાના પુરાવા મળ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં જ સોમનાથ ટ્રસ્ટનાં ચેરમેન બન્યા છે. કેશુભાઈ પટેલના નિધન બાદ ખાલી પડેલી સોમનાથ ટ્રસ્ટની ચેરમેનની બેઠક



માટે સર્વાનુમતે મોદીની વરણી થઈ હતી. આ સમયે મંદિર સંકુલનાં ભુર્ગભમાં વિવિધ સ્થળોએ બાંધકામો હોવાના ગાંધીનગર આઈઆઈટીનાં રિપોર્ટને બેઠકમાં રજૂ કરાયો હતો. આ સાથે અનેક વિકાસકામો હાથ ધરવા ચર્ચા વિચારણા થઈ હતી. તેમાં આ કાચની ટનલ બનાવવા અંગે પણ ચર્ચા થઈ હતી. સોમનાથ નજીક સમુદ્રમાં કાચની ટનલ બનાવાશે. જેમાં જવાથી દરિયાઈ જીવ સૃષ્ટને જોઈ શકાશે. આ માટે રૂા. ૩૦૦ કરોડ ફાળવવામાં આવશે. બીજા તબક્કામાં પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યુઝિયમ બનાવવાનું આયોજન છે. જયાં પશુ-પક્ષી, વિવિધ સંપ્રદાય ધર્મ અને બાર જ્યોતિર્લિંગના ઓડીયો વીઝ્યુલનો પ્રોજેક્ટ હાથ ધરાશે. આ ઉપરાંત કેબલ બ્રિજ, વોટર સ્પોર્ટસ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા સાથે ઘાટને સુંદર બનાવાશે.

## ગીર જંગલમાં વન્ય પ્રાણીના શિકારના ષડ્યંત્રનો પર્દાફાશ : વધુ ૩૪ ઝડપાયા

ગીર : સુત્રાપાડાના પ્રાંચી ખાંભા રેવન્યૂ વિસ્તારમાં શિકારીઓએ મુકેલા ફંસલામાં સિંહબાળ ફસાયા બાદ દોડતા થયેલા વન વિભાગે સમગ્ર ગીરમાં રેડ એલર્ટ જાહેર કરીને ઠેર-ઠેર કોમ્બિંગ કરતા વન્ય પ્રાણીઓના શિકારના મોટા ષડયંત્રનો પર્દાફશ થયો છે. સુત્રાપાડાના પ્રાંચી ખાંભા રેવન્યૂ વિસ્તારમાં શિકારીઓએ મુકેલા ફંસલામાં સિંહબાળ ફસાયા બાદ દોડતા થયેલા વન વિભાગે સમગ્ર ગીરમાં રેડ એલર્ટ જાહેર કરીને ઠેર-ઠેર કોમ્બિંગ કરતા વન્ય પ્રાણીઓના શિકારના મોટા ષડયંત્રનો પર્દાફશ થયો છે. ગઈકાલે ચાર શખ્સો ઝડપાયા બાદ આજે શિહોર, ભાવનગર અને બગદાણામાંથી ફંસલા, માંસ, હાડકાં સહિતના મુદામાલ સાથે ૧૨ બાળકો, ૮ મહિલા સહિત ૩૪ને પકડી પાડયા છે. આ ગેંગ સમયસર પકડાઈ ગઈ નહિતર વન્ય પ્રાણીઓનો ભોગ લેવાઈ જાત. સાથે ૨૦ સ્થળે શિકાર માટે મૂકેલા ફંસલા શોધી કાઢવામાં પણ વન વિભાગને સફળતા મળી છે.

વન વિભાગની અલગ અલગ ટીમોએ તુરંત પોલીસ વિભાગ સાથે કોંડિનેશન કરીને વાડલા ફટક પાસેથી સિંહણના હુમલામાં ઘાયલ થયેલા હબીબ સમશેર પરમાર અસલમ સમશેર પરમાર, રાજેશ મનસુખ પરમાર અને મનીબેન હબીબ પરમારને પકડી પાડયા હતા. પૂછતાછ અને ગીરમાં રેડ એલર્ટના પગલે વન વિભાગની ટીમોએ એમના સાથીદારોના મોબાઈલ લોકેશનના આધારે સર્ચ શરૂ કર્યું હતું. શિહોર વિસ્તારમાંથી ૧૨ બાળકો, ૮ મહિલા, ૫ પુરુષ સહિત ૨૫ની અટકાયત કરી છે. જયારે પાલિતાણાના બગદાણા ગામના ચેકિંગમાં વધુ ચાર ઈસમોની અટક કરાઈ હતી. ભાવનગરના નારી ચોકડી વિસ્તારમાંથી ૫ ઈસમોની અટક કરાયેલ હતી, આમ ગઈકાલે ચાર પકડાયા બાદ અત્યાર સુધીમાં કુલ ૩૮ લોકોની અટક કરવામાં આવી છે.

## શત્રુંજયગીરીમાં ગાઈડલાઈનના પાલન સાથે સેવાપૂજાનો પ્રારંભ

પાલીતાણા : ગુજરાતના પાલીતાણા ખાતેના જૈનોના પવિત્ર યાત્રાધામ શ્રી શત્રુંજયગીરી મહાતીર્થમાં ગત ગુરુવારથી પુનઃ પૂજાસેવાનો આરંભ થયો હતો. જો કે, કોવિડ ૧૯ને કારણે માર્ચ ૨૦૨૦ બાદ જાહેરજનતા માટે બંધ કરાયેલા આ તીર્થધામ માટે હાલ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. રાજ્યમાં કોવિડના કેસ હજી પણ હોવાથી સરકાર કોઈ જોખમ ઉઠાવવા માંગતી ન હોય, નવી માર્ગદર્શિકાના તમામ નિયમોનું કડકાઈથી પાલન કરવા યાત્રાધામના સંચાલકોને તાકીદ કરી છે. જૈનોના મુખ્ય તીર્થ શ્રી ગિરનારજી પર આવેલ શ્રી નેમિનાથ પરમાત્માના જિનાલયમાં પણ સેવા પૂજાનો લાભ માર્ગદર્શિકા અનુસાર સમિતિ સંખ્યામાં અપાશે. શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થનો વહીવટ શેઠ જીવણદાસ પેઢી દ્વારા થાય છે. ત્યાં પણ પાંચ-પાંચ ભાવિકોને પૂજાના આદેશ અપાશે. સરકારે જાહેર કરેલી ગાઈડલાઈનમાં જણાવ્યા મુજબ તીર્થધામે આવતા દરેક ભક્તે માસ્ક પહેરવા ઉપરાંત છ ફુટનું અંતર જાળવવુ ફરજિયાત રહેશે. આ ઉપરાંત હાથને સેનેટાઈઝ કરવા તથા શરીરનું તાપમાન ચેક કરાવ્યા બાદ જ તીર્થધામમાં પ્રવેશ કરવાનો રહેશે. જિનાલયમાં દર્શન-પૂજા માટે તમામને છુટ અપાઈ છે.

## પિતાએ કહ્યું હતું કે 'તારે કાલે સ્કૂલે જવાનું છે' ને વિદ્યાર્થીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

રાજકોટ : રાજકોટમાં કોલેજવાડી-૨ માં રહેતો આદીત્ય શનીભાઈ રાઠોડ (ઉં.વ.૧૫) નામના તરુણે પોતાના ઘરે સાંજના સમયે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આદિત્ય બહેનનો એકનો એક ભાઈ હતો અને બહેનથી નાનો હતો. તેના પિતા એલઆસીમાં કામ કરતા હતા. પોતે ધો.૧૦માં હોય પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો.

તેમના બહેનની તાજેતરમાં જ સગાઈ થઈ હોય જેથી બનેવી સાથે ફરવા ગઈ હતી અને પરીવારજનો ઘર નજીક પ્રસંગમાં ગયા હતાં.ગઈકાલે સાંજના સમયે પાડોશી તેના ઘરમાં ધુપદીપ કરતા હતા. ત્યારે આદીત્યનાં પગ લટકતી હાલતમાં જોવા મળતા તુરંત જ તેમના પિતાને જાણ કરતા તેઓ ઘરે દોડી આવ્યા હતા અને આદીત્યને ઉતારીને સિવિલ હોસ્પિટલે લઈ જવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

## ભુજ પોસ્ટ ઓફિસમાં કર્મચારીઓ અને એજન્ટો દ્વારા ૮.૨૫ કરોડ ચાંઉ

ભુજઃ ભુજમાં રાજ્યના પોસ્ટ ઓફિસ વિભાગનું સંભવતઃ સૌથી મોટું કહેવાતું રૂપિયા આઠ કરોડ કરતાં વધુ રકમનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આજે કચ્છ-રાજકોટ ડિવિઝનનાં પોસ્ટ માસ્ટર જનરલે પત્રકારો સમક્ષ સ્વીકાર કરવાની સાથે સમગ્ર મામલે સીબીઆઈ મારફત તપાસ કરાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. નોંધનીય છે કે, ભુજની જૂની રાવલવાડી પોસ્ટ ઓફિસમાં એજન્ટના માલેતુજાર પતિએ પોસ્ટના સંબંધિત કર્મચારીઓ સાથે મળીને સેવિંગ્સ અને રિકરિંગના ૮૭ ખાતાઓમાં રૂ.૮.૨૫ કરોડનું કૌભાંડ આચર્યુ હોવા અંગે તપાસનો દોર છેલ્લા કેટલાંક દિવસોથી ચાલી રહ્યો હતો. જોકે, આ અંગે સ્થાનિક અધિકારીઓએ ભેદી મૌન સેવી રાખ્યું હતું. ડિવિઝનના પોસ્ટ માસ્ટર જનરલ રાકેશ કુમારે જણાવ્યું હતું કે, ભુજની જૂની રાવલવાડી વિસ્તારમાં કાર્યરત પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી કૌભાંડ આચરવામાં આવી રહ્યું હતું, જેની જાણ થતાં તુરંત જ તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. આ માટે સ્થાનિક ઈન્સ્પેક્ટર સાથે પોસ્ટ માસ્તર સહિતની ટીમ દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલી તપાસમાં અંદાજિત આઠ કરોડ રૂપિયા જેટલી રકમનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

## ભચાઉમાં વિચિત્ર ઘટના : દર્દીના સગાએ એમ્બ્યુલન્સ ચોરીને અકસ્માત સર્જ્યો

ભુજ : ભચાઉ તાલુકાના આંબરડી ગામોથી દર્દીને લઈને ૧૦૮ ભચાઉ સામુહિક આરોગ્ય કેન્દ્ર પહોંચી હતી ત્યારબાદ દર્દીઓને સારવાંઅર્થે હોસ્પીટલ અંદર ખસેડાયા તે દરમિયાન દર્દીના સાથે આવેલા તેમના બે સગાઓ કે જેઓ નશો કરેલી હાલતમાં હતા તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સ ચોરી કરીને નાસી છુટયા હતા. થોડે દુર જઈ ચીરઈ ઓવરબ્રીજ પાસે અકસ્માત સર્જયો હતો. જેમાં, કોઈને ઈજા પહોંચી ન હતી પરંતુ ઘટના સ્થળોથી લોકોએ વિડીયો ઉતાર્યો હતો. જેમાં, બંને નશાખોરો પીધેલી હાલતમાં હતા અને ગાળાગાળી કરતા હતા. પોતાની જાતને સંભાળી શકે તેવી સ્થિતી પણ ન હતી. ત્યારે પોલીસને જાણ થતા જ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બંને શખ્શો સામે સરકારી વાહનની ચોરી, નુકશાન અને પ્રોહીબીશનની કલમો તળે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

# વડોદરા-મુંબઈ હાઈવેના નિર્માણમાં ૪ વર્લ્ડ રેકોર્ડ, ૨૪ કલાકમાં બે કિ.મી. રસ્તો તૈયાર

વડોદરા : હાલ વડોદરાથી મુંબઈના એક્સપ્રેસ-વેની ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના નિર્માણમાં ૪ વર્લ્ડ રેકોર્ડ સર્જાયા છે. જેમાં ૨૪ કલાકમાં ૨ કિમી લાંબો હાઈવે તૈયાર કરાયો છે. જેમાં માત્ર ૨૪ કલાકમાં બે કિલોમીટરનો રસ્તો તૈયાર કરાતા વર્લ્ડ રેકોર્ડ સર્જાયો છે.

વડોદરા શહેરને મુંબઈ અને દિલ્હી સાથે સીધો જોડતા એક્સપ્રેસ-વેએ ૪ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધા છે. અત્યારે ગુજરાતમાં વડોદરાથી ભરૂચ એક્સપ્રેસ-વેનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન મંગળવારે એટલે કે ૨ ફેબ્રુઆરીએ ૨ કિલોમીટર લાંબો અને ૧૮.૫ મીટર પહોળો હાઈવે માત્ર ૨૪ કલાકમાં તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ માટે ૧.૧૦ લાખ સિમેન્ટની બોરીઓ (૫.૫ હજાર ટન) અને ૫૦૦ ટન બરફનો ઉપયોગ કરાયો છે. જેમાં ૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.

દિલ્લીથી વડોદરા અને વડોદરાથી મુંબઈ તરફ જતો ૮ લેઈન સિમેન્ટ કોંક્રિટનો રસ્તો ભરૂચ પાસે આવેલા દયાદરા નજીકથી પસાર થાય છે. આ સડક નિર્માણમાં હાઈ-વે કામગીરીના ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના બની છે. જેમાં માત્ર ૨૪ કલાકમાં બે કિલોમીટરનો રસ્તો બનાવી નાખવામાં આવ્યો છે.

વડોદરાના પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના એમ ડી. અરવિંદ પટેલના જણાવ્યા અનુસાર ૧૨ હજાર ક્યુબીક મીટર પેવમેન્ટ કોલેટી કોંક્રિટ રસ્તો તૈયાર કરાયો હતો. જેમાં સ્લીપ ફોમ પેવર મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રોડની જાડાઈ ૧૮.૭૫ મીલી મીટર છે. તેમજ આ રોડના નિર્માણમાં આશરે ૧૨૦૦ કરતા વધુ શ્રમિકો અને એન્જિનિયરોએ સાથે કામ કર્યું હતું અને આ રસ્તો મનુબર સાંપા સેક્શન વચ્ચે બનાવાયો છે.

# રાજકોટ આજી ડેમમાં ડૂબી જવાથી મામા-ફોઇની દીકરીનાં કરુણ મોત

રાજકોટ : માંડાડુંગર પાસે રહેતા ભીમાભાઈ સાપરિયાને ત્યાં ખાંભા ગીરમાં રહેતા તેમના બહેનની પુત્રી રાજલ સોમાભાઈ ધાનૈયા (ઉ.વ.૧૩) અઠવાડિયાથી રોકાવા આવી હતી. રાજલ અને ભીમાભાઈની બે પુત્રી સુમી (ઉ.વ.૧૬) બુધવારે બપોરે આજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા તળાવમાં કપડાં ધોવા ગયા હતા. કપડાં ધોયા બાદ રાજલ ધાનૈયા ડેમમાં નહાવા પડી હતી, નહાતા નહાતા રાજલ ડૂબવા લાગી હતી. રાજલને ડૂબતા જોઈ તેના મામાની પુત્રી સુમીએ પણ ડેમમાં ઝંપલાવ્યું હતું, જોકે થોડીવારમાં તે પણ ડૂબવા લાગી હતી.

સ્થાનિકોએ બંને બહેનોને તળાવમાંથી બહાર કાઢી સારવાર અર્થે સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે, બંને બહેનોના મૃતદેહ સિવિલ હૉસ્પિટલ પહોંચ્યા હતા. ત્યારે હૉસ્પિટલ પોલીસ ચોકી દ્વારા આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી બંને બહેનોના મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરવા માટે પીએમ રૂમ ખાતે મોકલી આપવામાં આવ્યા હતાં. તો સાથેજ જરૂરી પંચનામાની કાર્યવાહી કરી નિવેદનો પણ નોંધ્યા હતા. મૃતક એક બહેન ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં તેના માતા-પિતાનું પાંચમા નંબરનું સંતાન હતી.

# ડાંગમાં રાજકારણીના સગીર પુત્રનું પરાક્રમ, તરૂણીને ગર્ભવતી બનાવી

ડાંગ : આહવાના એક રાજકારણીના સગીર પુત્રએ ૯માં ધોરણમાં ભણતી એક તરૂણીને પ્રેમજાળમાં ફસાવી હતી. આ સગીરે તે તરુણીને લગ્ન કરવાનું વચન આપતા તરુણી સાથે સંબંધો બાંધી બેઠી હતી. આ દરમિયાન તે સગીરે તરુણીના નગ્ન ફોટા પણ પાડી લીધા હતા. જે બાદ સગીર તે ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી તરુણી સાથે શરીર સુખ માણતો રહ્યો હતો. તેથી તે તરુણીને ગર્ભ રહી ગયો હતો. આ અંગેની જાણ તરુણીએ તે સગીરને કરી તો સગીરે ગલ્લા તલ્લા કરી વાતો ટાળવા પ્રયાસો કર્યા હતા. તેણીએ રાજકારણીના પુત્રને ફરી લગ્ન કરવા આજીજી કરી હતી. પરંતુ તે સગીરે તરુણીને લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સગીરે તે તરુણીને તરછોડી દેતા આખરે મામલો પોલીસમાં પહોંચ્યો હતો. રાજકારણીના પુત્રની હવસનો ભોગ બનેલી આ તરુણી આહવામાં રહે છે. બે વર્ષ પહેલાં તે એક લગ્ન પ્રસંગમાં ગઈ હતી. ત્યારે રાજકારણીના તે સગીર પુત્ર સાથે તેની મુલાકાત થઈ હતી. જે બાદ બને વારંવાર મળતા રહેતા હતા. સગીર યુવાને તરૂણીનો વિશ્વાસ જીતીને પ્રેમ જાળમાં ફસાવી શારીરિક સંબંધો બાંધવા માંડ્યા હતા. જેથી તરુણી ગર્ભવતી બની હતી. જે બાદ સગીરે મોઢુ ફેરવી લેતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

# ભૂજમાં નદીના પટમાં ઘર બનાવીને રમતા ૩ માસૂમ બાળકના માટી ધસી પડતાં મોત

ભુજ : ધ્રોબાણા ગામમાં આવેલી હુશેનીવાંઢમાં નદીના પટમાં ઘર બનાવીને અંદર બેસીને રમત રમતા ત્રણ બાળકોનું માટી ઘસી પડતાં મોત નીપજ્યું હતું, જેના પરિમાણે ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પરિવારમાં પણ હૈયાફાટ રૂદનથી કાળો કલ્પાંત છવાઈ ગયો હતો.

ભુજ તાલુકાના ખાવડા પંથકમાં આવેલા ધ્રોબાણા ગામે ત્રણ પિતરાઈ ભાઈઓ જેમાં રઝાઉલ્લા રસીદ સમા (ઉ.વ.૧૪), મુનીર કાદર સમા (ઉ.વ.૧૩) તેમજ કલીમુલ્લા ભીલાલ સમા (ઉ.વ.૧૬) ધ્રોબાણાના ગામની નદીના પટમાં રમવા માટે ગયા હતા. નદીના પટમાં તેઓ દરરોજ રમવા માટે જતા હતા, તેમ આજે પણ નદીની નરમ રેતીને બહાર કાઢીને તેમાંથી માટીનું ઘર બનાવીને તેમાં અંદર રમી રહ્યા હતા.

જો કે, કુદરતને કંઈ બીજું જ મંજૂર હોય તેમ આ ત્રણેય બાળકો અંદર રમતા હતા, ત્યાં માટી ઘસી પડી હતી, જેમાં ત્રણેય બાળકો દટાઈ ગયા હતા. બાળકોએ બહાર નીકળવાના તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમાં તેઓ સફળ થયા નહોતા અને કાળ ભેટી ગયો હતો. નદીના પટમાં બનેલી આ ઘટના અંગેગ્રામજનો પણ અજાણ રહ્યા હતા. તો બીજી તરફ દરરોજ રાત્રે નિયમિત ઘરે પહોંચી આવતા બાળકો રાત્રે ૮.૩૦ લાગ્યા સુધી નહીં આવતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ઘરવામાં આવી હતી. આ દરમ્યાન પરિવારજનો બાળકોને શોધતા શોધતા નદીના પટ તરફ આવ્યા હતા અને ત્યાં માટીના દરની બહાર પડેલા ચપ્પલ પર તેમની નજર પડી હતી. જેથી તાત્કાલિક ધોરણે માટી ઉલેચતા તેમાંથી ત્રણેય બાળકોના મૃતદેહો મળી આવ્યા હતા. આ દ્રશ્ય જોઈને પરિવારજનો પણ હતપ્રભ બન્યા હતા અને હૈયાફાટ રૂદન સાથે કલ્પાંત છવાઈ ગયો હતો.




# ભાજપના ૫૭૫ ઉમેદવારો જાહેર થતાં જ ભડકો

## • સુરતમાં આઈ કાર્ડ સળગાવ્યા: વડોદરામાં પણ બળવાના સૂર: રાજકોટમાં ૩૮માંથી ૨૮ કોર્પોરેટરના પત્તા કપાયા

ગાંધીનગર: ભાજપે ૬ મ્યુ. કોર્પોરેશનની ચૂંટણી માટે ગુરૂવારે બપોરથી તબક્કાવાર ૫૭૫ ઉમેદવારોના નામોની યાદીઓ જાહેર કરી હતી. આરંભે રાજકોટમાં ૭૨ ઉમેદવારો જાહેર થતા વેંત નામો વાંચી ટિકિટની માગણી કરનારા, ટેકેદારોમાં ભડકો થયો હતો. જામનગર, ભાવનગરમાં પણ જેમ નામો જાહેર થતા રહ્યા તેમ આક્રોશ વ્યક્ત થયો હતો. મોડી રાતે સુરતમાં ચૂંટણી લડવા આયાતીઓને ઉમેદવાર તરીકે જાહેર કરતા સખત વિરોધ થયો અને પ્રચાર સાહિત્યને ભડકે બાળ્યુ હતુ. ભાજપે જાહેર કરેલા માપદંડ મુજબ ત્રણ ટર્મવાળા, ૬૦ વર્ષ વટાવનારા, પૂર્વ મેયર, હોદ્દેદારોના સગાં- સંબંધીઓ સહિત ડિસેમ્બર – ૨૦૨૦ સુધી કોર્પોરેટર રહેલા ૨૭૬ને ટિકિટ આપી નથી. એમ છતાંયે અમદાવાદ અને વડોદરામાં પૂર્વ મંત્રી, પૂર્વ મેયર, કોંગ્રેસમાંથી આવેલાના નેતાઓના પુત્ર- પુત્રીને ટિકિટ અપાય હતી. ભાવનગરમાં સૌના આશ્ચર્ય વચ્ચે સવારે કોંગ્રેસમાંથી સવારે રાજીનામું આપનાર પૂર્વ કોર્પોરેટર ગીતાબહેન મેરને બપોરે ટિકિટ અપાય હતી. તો બીજી તરફ જામનગરમાં પૂર્વ મેયરના પુત્રને ટિકિટ આપ્યાનું જાહેર થતા જ ભાજપના કાર્યકરો ભડક્યા અને છેવટે પ્રદેશ ભાજપને નામોની યાદીમાં ઉમેદવારો બદલવા પડયા હતા.

### રૂપાલાએ હવે વડોદરામાં ખીલો ઠોક્યો, બિલ્ડર પુત્રને ટિકિટ અપાવી

કેન્દ્રીય મંત્રી પુરસોતમ રૂપાલાએ હવે વડોદરાથી પણ પોતાના માણસો સેટ કરવાનું શરૂ કર્યું છે. વોર્ડ-૧૨માં બિલ્ડર પુત્ર સ્મિત પટેલને ભાજપની ટિકિટ મળતા કાર્યકરોએ વિરોધ કર્યો હતો. સ્મિતના પિતા રૂપાલાના ભાઈબંધ હોવાથી કમળનું નિશાન આપી દેવાયાનુ કહેવાય છે. આ ગોઠવણ છેલ્લી ઘડીએ થઈ હોવાનું સ્થાનિક ધારાસભ્યો પણ કહી રહ્યા છે. માત્ર રૂપાલા જ નહિ, વડોદરામાં કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય, પૂર્વ મેયર રહેલા દલસુખ પ્રજાપતિના પુત્રને રાજેશને પણ ટિકિટ મળી છે.

### જામનગરમાં મુસ્લિમને ટિકિટ, પરિવારવાદની સામે ડે. મેયરનું રાજીનામું

જામનગરના અનેક વોર્ડમાં ત્રણ નવા માપદંડોના અમલના નામે ભાજપે પૂર્વ કોર્પોરેટરના પતિ- પત્ની, પુત્ર- પુત્રવધુને ટિકીટ આપતા સ્થાનિક કાર્યકરો, નેતાઓમાં ભારે રોષ ફાટી નિકળ્યો છે. ભાજપ સાથે ૨૫ વર્ષથી નાતો ધરાવતા, પાંચ ટર્મથી ચૂંટતા અને ડેપ્યુટી મેયર રહેલા આહિર સામાજના કરસન કરમૂરે ભાજપમાંથી જ રાજીનામું આપતા હોહા મચી છે. ૬ કોર્પોરેશનમાં ભાજપે એક માત્ર જામનગરમાં પાંચથી વધુ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે.

### વડોદરા : ઘરમાં ટિકિટ ન મળતા MLA શ્રીવાસ્તવની દબંગગીરી : એક પાર્ટી પર થોડી છાપ મારી છે

પત્ની, પુત્ર અને પુત્રી એમ એક જ ઘરમાંથી ત્રણેયને ચૂંટણી લડાવવા ભાજપમાંથી ટિકિટની માંગણી કરનારા વાઘોડિયાના ધારાસભ્ય અને એગ્રો ઇન્ડ. કોર્પોરેશનના ચેરમેન મધુ શ્રીવાસ્તવે વડોદરામાં તોફાન મચાવ્યુ છે. ભાજપને જાણે પડકારી રહ્યા હોય તેમ તેમણે કહ્યુ કે, "એક જ પાર્ટી પર છાપ થોડી મારી છે. બીજી ઘણી પાર્ટી છે. જોઈ લેજો હું સાંસદ હોઈ અને મારો દિકરો વિધાનસભાની ચૂંટણી લડશે" શ્રીવાસ્તવના પુત્ર દિપક અગાઉ મ્યુ. કોર્પોરેટર રહી ચૂક્યા છે. ભાજપે આ વખતે તેમને ઉમેદવાર બનાવ્યા નથી. જો કે, તેમણે ફોર્મ ભરવા માટે હજી બે દિવસ બાકી હોવાનું કહીને રાહ જોયા બાદ પછી શુ કરવુ તે નક્કી કરીશુ એમ કહ્યુ હતુ. આમ વડોદરામાં મધુ શ્રીવાસ્તવે ફરી એકવાર ભાજપ સામે મોરચો માંડવાની તૈયારી કરી છે.

### સુરત : ત્રણ ટર્મ ચૂંટાયેલા જૈન કોર્પોરેટરોની ટિકિટ કપાતા ભાજપ સામે જૈન સમાજ ભેગો થયો

સુરતઃ ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ત્રણ ટર્મથી ચૂંટાતા હોય તેવા કોર્પોરેટરને ટિકિટ નહીં મળે તેવો નિર્ણય કરાયો છે. આ નિર્ણયને કારણે સુરતના રાંદેર ઝોનના નીરવ શાહનો પણ સમાવેશ થાય છે. પ્રદેશ પાર્લામેન્ટ્રીના આ નિર્ણયનો કાર્યકરોએ વિરોધ કર્યો છે તો બીજી તરફ ભાજપના ત્રણ ટર્મનાં સિટિંગ કોર્પોરેટરોએની ટિકિટ કપાતા જૈન સમાજે ભેગો થઈ વિરોધ પ્રદર્શિત કર્યો છે. જો કોર્પોરેટરોને ટિકિટના ફાળવવામાં આવે તો વિરોધ થશે તેવી ચીમકી ઉચ્ચારી છે. અડાજણ વિસ્તારમાં આવેલા દીપા કોમ્પ્લેક્ષમાં જૈન સમાજના સભ્યો ભેગા થયા હતા.તેઓએ કહ્યું હતું કે છેલ્લા ૧૫ વર્ષથી નીરવ શાહ ચૂંટાય છે અને સારી રીતે કામગીરી કરે છે. તેમ છતાં તેમની ટિકિટ કપાઈ છે તે યોગ્ય નથી.

### રાજકોટ: વોર્ડ નં. ૧૪ના પ્રમુખે શહેર પ્રમુખને રાજીનામાની ચિમકી આપી ગાળો ભાંડી

રાજકોટ : વોર્ડ નં.૧૪ના ભાજપના પ્રમુખ અનિષ જોશીએ શહેર પ્રમુખ કમલેશ મિરાણીને રાજીનામાની ચિમકી આપી ગાળો ભાંડી હતી. બીજી તરફ સ્ટેન્ડિંગ ચેરમેન ઉદય કાનગડે કાર્યાલયનો દરવાજો બંધ કરી મીડિયાને અંદર આવવા દીધું નહોતું. ઉમેદવાર તરીકે નામ ન આવતા અનિષ જોશીએ શહેર પ્રમુખ કમલેશ મિરાણીને ચાલુ પ્રેસ દરમિયાન ગાળો ભાંડી હતી. અનિષ જોશીની નારાજગીથી શહેર પ્રમુખ, સ્ટેન્ડિંગ ચેરમેન સહિતના દિગ્ગજ નેતાઓ કાર્યાલયની ઓફિસમાં દરવાજો બંધ કરી જતા રહ્યાં હતા. ભાજપના દાવેદાર નરેન્દ્ર રાઠોડે જણાવ્યું હતું કે, છેલ્લા ૩ વર્ષથી મારી રાજકોટ ભાજપમાં ઉપેક્ષા થઇ રહી છે. કાલે ભંડેરી-ભારદ્વાજ અને મીરાણીને મળ્યો હતો. તેમણે મને સિનિયોરિટી મુજબ ટિકિટ આપવાની હા પાડી હતી.

### અમદાવાદ: ગોતામાં ઉમેદવારોની પસંદગી સામે હોબાળો, 'ભાજપના બહિષ્કાર'નો સૂત્રો પોકારાયા

નારણપુરા અને ગોતા વોર્ડમાંથી વિરોધના સૂર તેજ થઇ ગયા છે. ગુરુવારે મોડી રાતે ગોતા વોર્ડમાં ભાજપના જાહેર થયેલા ઉમેદવારોની પસંદગી સામે હોબાળો થયો હતો. સ્થાનિક ભાજપના કાર્યકરોના ટોળા એકઠા થયા હતા તેમણે ભાજપનો બહિષ્કાર જેવા સુત્રો પોકાર્યા હતા સાથે તેમણે જણાવ્યું હતુ કે, કેતન પટેલ ગોતા વોર્ડમાં પ્રમુખ છે છતાં તેમની ઉમેદવાર તરીકે પસંદગી કરાઇ છે જ્યારે બીજી તરફ અજય દેસાઇ મહામંત્રીનો પુત્ર હોવા છતાં તેમને ટિકિટ અપાઇ છે કેટલાંક વોર્ડમાં નિયમો નેવે મૂકીને ધારાસભ્યો કે અન્ય નેતાઓની અંગત ભલામણોથી ટિકિટની લહાણી કરવામાં આવી છે. પૂર્વ વિસ્તારના કેટલાંક વોર્ડમાં પણ ટિકિટ કપાતાં કેટલાંક કોર્પોરેટરો નારાજ છે.

## કોંગ્રેસ પાર્ટીના મતોમાં AAP-AIMIM ભાગલા પડાવશે: ભાજપ છાવણી ખુશ

અમદાવાદ : અમદાવાદ મહાનગરપાલિકામાં લઘુમતી પ્રભાવિત વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગી કરવી કોંગ્રેસ માટે મુશ્કેલ બન્યુ છે કેમકે, લઘુમતી દાવેદારોનો રાફડો ફાટયો છે.આ વખતે આપ, એઆઇએમઆઇએમ સહિતના નાના પક્ષો કોંગ્રેસની જીતમાં રોડા બનશે તેનુ કારણ એ છે કે, લઘુમતી મતોનું ધ્રુવિકરણ નક્કી છે જેના કારણે ભાજપનો રાજકીય લાભ થશે. અત્યારની સ્થિતિને જોતાં એવુ લાગી રહ્યુ છેકે, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં લઘુમતી કોર્પોરેટરોની સંખ્યા ઘટી જશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આ વખતે બહુપાંખિયો જંગ ખેલાશે. કેમકે, આપ, એઆઇએમઆઇએમ સહિતના પક્ષો ઉપરાંત અપક્ષો ખાસ કરીને કોંગ્રેસ માટે માથાનો દુખાવો બની રહેશે. અમદાવાદમાં સરખેજ, મકતમપુરા, બહેરામપુરા, દાણિલિમડા, જમાલપુર, શાહપુર, દરિયાપુર, કાલુપુર, રખિયાલ સહિતના લઘુમતી પ્રભાવિત વિસ્તારો કોંગ્રેસના ગઢ સમાન છે. આ વખતે ખાસ કરીને ઓવેસીના પક્ષ એઆઇએમઆઇએમ ના કારણે લઘુમતી વિસ્તારોમાં મતોનુ ધ્રુવિકરણ નક્કી છે પરિણામે ઓવેસી ભાજપ માટે લાભદાયી પુરવાર થાય તેવી રાજકીય અટકળો છે.

## સુરતમાં કોંગ્રેસે 120 પૈકી 52 ઉમેદવાર જાહેર કર્યા, માત્ર 9 કોર્પોરેટર રિપીટ



સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવારોની પહેલી યાદી પ્રદેશ કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવી છે. પહેલાં તબક્કાની યાદીમાં બાવન ઉમેદવારોને જાહેર કરવામા આવ્યા છે જેમાં નવ સીટીંગ કોર્પોરેટરોને રીપીટ કરવામા આવ્યા છે. કોંગ્રેસની પહેલી યાદીમાં એક પણ લઘુમતિ ઉમેદવારને સ્થાન આપવામાં આવ્યું નથી. સુરત પાલિકાની ચુંટણી માટે કોંગ્રેસની પહેલી યાદી જાહેર કરી છે જેમાં ભાજપના સંપુર્ણ પ્રભુત્વવાળા વોર્ડ નંબર ૧૦ અડાજણ-પાલ- ઈચ્છાપોરમાં આખી પેનલ જાહેર કરી દેવામાં આવી છે. પહેલી યાદી જાહેર કરી છે તેમાં પાલિકાના માજી વિપક્ષી નેતા પ્રફુલ્લ તોગડિયા, દિનેશ કાછડિયા, શૈલેષ રાયકા, ધીરજ લાઠીયા, નિલેશ કુંભાણી, જ્યોતિ સોજીત્રા, ભાવેશ રબારી, ધીરજ વેકરીયા અને દેવરાજ ગોપાણી જે સીટીંગ કોર્પોરેટર હતા તેને રીપીટ કરાય છે. ૨૦૧૦માં સુરત મ્યુનિ.માં કોંગ્રેસના રોકડા ૧૧ કોર્પોરેટર હતા પરંતુ ૨૦૧૫ની મ્યુનિ.ની ચુંટણી પહેલાં પાટીદાર અનામત આંદોલનના કારણે પાલિકામાં ૧૧ના બદલે ૩૬ કોર્પોરેટરો ચુંટાઈને આવતાં વિરોધ પક્ષ મજબુત થયો હતો. ચુંટાયેલામાં પાટીદાર નેતાઓ વધુ હોવાથી આક્રમક વિરોધ કરી શક્યું હતું.

## અમદાવાદ કોંગ્રેસમાં જૂથબંધી, ટિકિટ મુદ્દે ધારાસભ્યો-નેતાઓ જીદે ચઢ્યા

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકામાં ઉમેદવારોની પસંદગીને લઇને પ્રદેશ નેતાગીરી મૂંઝવણમાં મૂકાઇ છે કેમકે, શહેરના ચારેય ધારાસભ્યો પોતાના માણસોને ટિકિટ અપાવવા મેદાને પડયાં છે જેના લીધે જૂથબંધી ચમરસિમાએ પહોંચી છે. પાયાના કાર્યકરોને ટિકિટ આપવાની વાતો માત્રને માત્ર પોકળ સાબિત થઇ રહી છે જેથી કોંગ્રેસી કાર્યકરોમાં રોષ ભભૂક્યો છે. અમદાવાદ મ્યુનિસિપલકોર્પોરેશનની ચૂંટણી લડવા માટે ૧૪૫૦ દાવેદારોએ દાવેદારી નોંધાવી છે. શહેરના ૪૮ વોર્ડમાં ઉમેદવાર પસંદ કરવા પ્રદેશ નેતાઓ માટે ય માથાનો દુખાવો બન્યો છે. આ સંજોગોમાં અમદાવાદ શહેરના ચારેય ધારાસભ્યો પોતાના માનિતાઓને ટિકિટ અપાવવા જીદે ચઢયાં છે. ધારાસભ્ય શૈલેષ પરમારે દાણિલિમડા, બહેરામપુરા વોર્ડમાં પોતાની મનપસંદ ઉમેદવાર ઉતારવા જીદ કરી છે. આ તરફ, ધારાસભ્ય હિંમતસિંહ પટેલે રખિયાલ, સરસપુર વોર્ડમાં પોતાની પેનલ ઉતારવા મક્કમ છે. ગ્યાસુદીન શેખે દરિયાપુર,શાહપુર વોર્ડમાં નજીકના માણસો માટે ટિકિટની માંગણી કરી છે. જમાલપુર,ખાડિયામાં ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ ઉમેદવારો નક્કી કર્યા છે તેને જ ટિકિટ આપવા હઠ કરી છે. શહેર પ્રમુખ શશિકાન્ત પટેલે પણ પોતાની ઇચ્છા મુજબ ઉમેદવારોને ટિકિટ અપાવવા રાજકીય જોર કર્યુ છે.

### આણંદ: નગર પાલિકાની ચૂંટણીમાં જૂના જોગીઓનાં પત્તાં કપાવાની પુરી સંભાવના

આણંદ: પ્રદેશ પ્રમુખ પાટીલ ભાઉ દ્વારા ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ત્રણ ટર્મથી ચૂંટાતા તેમજ જે નેતાઓ સંગઠનમાં હોય તેઓના સંબંધીઓને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ટિકિટ નહી આપવાના નિર્ણયને લઈ આણંદ જિલ્લા ભાજપમાં સોપો પડી જવા પામ્યો છે. જિલ્લામાં અતિ મહત્વની ગણાતી આણંદ નગરપાલિકાની ચૂંટણીમાં આ નિર્ણયને લઈ કેટલાય જૂનાજોગીઓના પત્તા કપાવાની સંભાવના છે. તો બીજી તરફ પ્રદેશ પ્રમુખના નિર્ણયને લઈ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તૈયાર કરાયેલ નામોની યાદીમાં ફિલ્ટરેશનની પ્રક્રિયા હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે. સી.આર.પાટીલે ૬૦ ટિકિટ માટેના ધારાધોરણો બદલતા આણંદ પાલિકાના ૧૦થી વધુ કાઉન્સીલરોની ટિકિટ કપાવવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

## કઠલાલ નગરપાલિકામાં સત્તાધારી પક્ષને હરાવવા રાજકીય પક્ષો તૈયાર

કઠલાલઃ કઠલાલ ગામ પંચાયતમાંથી ઓગસ્ટ-૨૦૦૫માં નગરપાલિકામાં પરિવર્તન થયું છે. ૨૦૦૬માં યોજાયેલી નગરપાલિકાની પહેલી ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતીથી સત્તા કબ્જે કરી હતી, પણ થોડો સમય વ્યવસ્થિત ચાલ્યા પછી આંતરિક વિખવાદને લીધે પાંચ વર્ષની ટર્મમાં બે વખત અવિશ્વાસની દરખાસ્ત થઈ હતી. ત્યારબાદ ૨૦૧૧ની ચૂંટણીમાં એન. સી.સી., ભાજપ અને સમાજવાદી પક્ષનો ત્રિ-પાંખીયો જંગ ખેલાયો હતો, જેમાં સમાજવાદી પક્ષ વિજેતા બન્યો હતો અને કઠલાલ નગરપાલિકાના સત્તાના સૂત્રો હાથે ધર્યા હતા. ૨૦૧૬ની ચૂંટણીમાં પણ ભાજપ, કોંગ્રેસ અને સમાજવાદી પક્ષનો ત્રિપાંખીયો જંગ થયો હતો. જોકે તે વખતે રેકોર્ડબ્રેક ૨૪માંથી ૨૩ બેઠકો જીતીને સમાજવાદી પક્ષે ખળભળાટ મચાવી દીધો હતો. ગુજરાતમાં સમાજવાદી પક્ષને આવી બહુમતી સાથે નગરપાલિકામાં સત્તા મળી હોય તેવો એકમાત્ર બનાવ કઠલાલમાં બન્યો હતો. હાલ ભાજપ અને સમાજવાદી પક્ષ દ્વારા ઉમેદવારોની યાદી તૈયાર કરવાથી લઈ મતદારોને રીઝવવા માટેની તૈયારીઓ આરંભી દેવાઈ છે. તેમના જણાવ્યા પ્રમાણે કઠલાલમાં વરસોથી કોંગ્રેસના પાયાના કાર્યકરો રહેલા લોકોને ભાજપે ટિકિટની લાલચ આપીને ભગવો ધારણ કરાવી લીધો છે.

# નડિયાદમાં મહિલાનું અપહરણ, દુષ્કર્મની કોશિશના આરોપીને આજીવન કેદની સજા

**• નરસંડ ચોકડી પાસે મહિલાને લિફ્ટ આપી માર મારી અને લૂંટી ફરાર થઈ ગયો હતો**

નડિયાદ : બે વરસ અગાઉ એક મહીલાના અપહરણ, લુંટ અને બળાત્કારની કોશિષના આરોપીને નડિયાદ કોર્ટ દ્વારા આજે આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે આરોપીને ઓગણીશ હજાર રૂપિયાનો દંડ અને ભોગ બનનાર મહિલાને એક લાખ રૂપિયાનુ વળતર ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

આજથી બે વર્ષ અગાઉ તા.૨૫-૧૦-૨૦૧૮ થી તા.૨૬-૧૦-૨૦૧૮ ની વચ્ચે નરસંડા ચોકડી નેશનલ હાઈવે નં-૮ ઉપર એક મહિલા લીફટની રાહ જોતી ઉભી હતી. જે વડતાલ સ્વામીનારાયણ મંદિરે દર્શન કરી પરત પોતાના ઘરે ખેડા તરફ જઈ રહ્યાં હતાં. આ દરમ્યાન આરોપી કિરીટભાઈ ઉર્ફે ધુમ હસમુખભાઈ બારોટ રહે,બાલવા-કામનાથ મહાદેવ મંદિર પાસે, શ્રીજી નગર તા.કલોલ જી.ગાંધીનગરએ ચોરી કરી લાવેલ ગાડી લઈ આવી મહિલાને ખેડા ઉતારવાનુ જણાવી ગાડીમાં બેસાડયા હતા.

જો કે અંધારું થતા આરોપી કિરીટભાઈએ ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી મહિલાને સાડી ખેંચી ગાડીમાંથી નીચે ઉતારી દીધી હતી. વળી સાડીથી મહિલાના હાથ પગ બાંધી મોઢાના ભાગે રૂમાલથી ડુચો માર્યો હતો. તેમ જ પેટના તથા મોઢાના ભાગે લાતો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગાડીની વચ્ચેની સીટ પર મહિલાને સુવડાવી ગાડી જુદી જુદી જગ્યાએ ફેરવીને સામરખા સીમ વિસ્તારમાં ગાડી લઈ ગયો હતો. ત્યા જઈ મહિલાને ગાડીમાંથી ઉતારી ખેતરમાં લઈ જઈ લોખંડની ટોમીથી શરીરે માર મારી ઈજા પહોચાડી હતી.

# પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણીઃ વેપારી વિભાગની ચાર બેઠકો બિનહરિફ

**• ખેડૂત વિભાગમાં સાંસદના પુત્રએ ઉમેદવારી નોંધવી : ખેડૂતો વિભાગની દસ બેઠકો માટે જંગ જામશે**

પ્રાંતિજ : આગામી સોમવારના રોજ યોજાનાર પ્રાંતિજ એપીએમસીની ચૂંટણીમાં ખેડૂત વિભાગ માટે ૧૦ સીટો,સહકારી મંડળીની ૨ સીટો તેમજ વેપારી વિભાગની ૪ સીટો માટે ચૂંટણી યોજાનાર છે ત્યારે વેપારી વિભાગમાંથી કુલ ૯ ઉમેદવારી પત્રો ભરાયા હતા જેમાંથી ૫ ઉમેદવારોએ પોતાનાં ઉમેદવારી પત્રો પરત ખેંચતાં વેપારી વિભાગની ૪ બેઠકો બિનહરિફ જાહેર થઈ હતી. આગામી સોમવારના રોજ ૮ ફેબ્રુઆરીએ પ્રાંતિજ એપીએમસીની ૨૫ બેઠકો માટે યોજાનાર ચૂંટણીમાં ઉમેદવારી પત્રો પરત ખેંચતાં હવે ખેડૂત વિભાગની ૧૦ સીટો માટે ૨૦ ઉમેદવાર મેદાનમાં છે જયારે સહકારી મંડળીઓની ૦૨ સીટો માટે ૦૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જયારે વેપારી વિભાગમાંથી કુલ ૯ ઉમેદવારી પત્રો ભરાયા હતા જેમાંથી ૫ ઉમેદવારોએ પોતાનાં ઉમેદવારી પત્રો પરત ખેંચતાં વેપારી વિભાગની ૪ બેઠકો બિનહરિફ જાહેર થઈ હતી. ખેડૂત વિભાગમાં સાબરકાંઠા સાંસદના પુત્રએ ઉમેદવારી નોંધાવતાં રસાકસી જામશે.

# વડોદરામાં ૧૪ વર્ષની કિશોરી સાથે 30 વર્ષના યુવક દ્વારા વાંરવાર દુષ્કર્મ

વડોદરા : મંગળવારે વડોદરામાં ૧૪ વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ આચરાયું હોવાનો મામલો પોલીસ ચોપડે નોંધાયો હતો. વડોદરા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં વર્ણવાયું છે કે, વડોદરામાં મેળામાં ફરવા ગયેલી ૧૪ વર્ષની કિશોરી ઉપર તેનાથી ૧૬ વર્ષ મોટી ઉંમરના અઝીમુદીન સૈયદની દાનત બગડી હતી. તેથી અઝીમુદીન સૈયદે તે સગીરા સાથે સૌપ્રથમ મિત્રતા કેળવી હતી. જે બાદ તે તેને અવાર નવાર તકનો લાભ ઉઠાવી મોકાની જગ્યાએ લઈ જતો અને ત્યાં બળજબરીથી દુષ્કર્મ આચરતો હતો. અઝીમુદીન સૈયદની આ પ્રકારની વારંવારની હરકતોને કારણે આખરે તે સગીરાને ગર્ભ રહી ગયો હતો. આરોપી અઝીમુદીન સૈયદે પોલીસ સમક્ષ કબૂલ્યું હતુ કે, તેણે કિશોરી સાથે મિત્રતા કેળવ્યા બાદ તક મળતા અલગ અલગ જગ્યાએ લઈ જઈને બળજબરી પૂર્વક દુષ્કર્મ કર્યું હતુ. વડોદરામાં દરગાહ પર ભરાતા મેળામાં પોતાની બહેનપણીઓ સાથે ફરવા ગયેલી ૧૪ વર્ષની કિશોરીની ઓળખાણ યાકુતપુરામાં રહેતા અઝીમુદીન બદરૂદીન સૈયદ સાથે થયા બાદ બન્ને વચ્ચે મુલાકાતોનો દૌર ચાલ્યો હતો. જેમાં મોબાઈલ નંબરની આપ લે બાદ બંને વચ્ચે વાતચીત થતા મિત્રતા બંધાઈ હતી. તેથી બંને જણા અવાર નવાર ફરવા માટે જતા હતા.

# મહેસાણામાં કેમિકલ ફેકટરીમાં ધુમાડાની ઝેરી અસરથી ૩ કામદારોએ જીવ ગુમાવ્યા

**• ટાંકીમાં બીજું મટેરીયલ હોવાથી કેમીકલ પ્રક્રિયા બાદ એકદમ ઝેરી ધુમાડો ઉત્પન્ન થયો**

મહેસાણા : મહેસાણા તાલુકાના ટુંડાવી ગામની સીમમાં આવેલ એક કેમીકલ ફેકટરીમાં મોડી રાત્રે ટેન્કરમાંથી સોડીયમ બ્રોમાઈડ નામનું કેમીકલ સ્ટોરેજ ટાંકીમાં ખાલી કરતી વખતે એકાએક કેમીકલ પ્રક્રિયા સર્જાતા ટાંકીમાંથી ઝેરી ધુમાડો ઉત્પન્ન થયો હતો. જેની ગંભીર અસર અહીં કામ કરી રહેલા ત્રણ કામદારોને થતાં તેઓના મોત નીપજ્યા હતા. જ્યારે ફેકટરીના માલીકને પણ ઝેરી વાયુની અસર થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ટુંડાલી ગામની સીમમાં રાજ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. જેમાં રાત્રીના સુમારે સોડીયમ બ્રોમાઈડ કેમીકલ ભરેલું ટેન્કર આવ્યું હતું.

આ ટેન્કરમાંથી કેમીકલ કંપનીની સ્ટોરેજ ટાંકીમાં ખાલી કરવાનું હતું. જેથી અહીં નોકરી કરતા રામસીંગ, ઉત્તમકુમાર તેમજ પુખરાજ નામના કામદારો ટેન્કરમાં ભરેલું કેમીકલ સ્ટોરેજ ટાંકીમાં ખાલી કરવાનું શરૃ કર્યું હતું. તે વખતે અહીં કંપનીના માલીક રવિ પટેલ પણ હાજર હતા. જો કે, ફેકટરીમાં કેમીકલ સ્ટોરેજ ટાંકીમાં અગાઉથી બીજુ મટેરીયલ હોવાને કારણે તેની સાથે સોડીયમ બ્રોમાઈડ કેમીકલનુ મિશ્રણ થતાં વિપરીત કેમીકલ પ્રક્રિયા થઈ હતી. અને અંદરથી એકાએક ઝેરી ધુમાડો ઉત્પન્ન થતાં તેની ગંભીર અસર ત્રણેય કામદારો અને ફેકટરીના માલીકને થઈ હતી. આ ઘટના અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં તબીબની ટીમ અહીં આવી પહોંચી હતી. તેમણે બેભાન અવસ્થામાં રહેલા ત્રણ કામદારો તપાસ કર્યા બાદ તેઓને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. મૃત્યુ પામેલા કામદારમાં રામસીંગ વેનારામ રાવણા, ઉત્તમકુમાર મિશ્રારામ ગવારીયા, પુખરાજ સંપાજી ટાંકનો સમાવેશ થાય છે.

# આણંદના મોગર ગામે આડાસંબંધની શંકાએ બે શખ્સો દ્વારા યુવકની હત્યા

આણંદ : આણંદના મોગર ગામે નાગજી ભઈજીના ટેકરા વિસ્તારમાં રહેતા સુનિલભાઈ રમણભાઈ ઝાલાને ફળીયામાં જ રહેતા કિરણભાઈ ભાઈલાલભાઈ ઝાલાની પત્ની સાથે આડો સંબંધ હોવાનો વ્હેમ કિરણભાઈ ઝાલાને હતો. આ વાતને લઈ તેઓ વચ્ચે અવાર-નવાર ઝઘડા પણ થતા હતા. જેને લઈ છેલ્લા ત્રણેક માસથી સુનિલ ઝાલા પોતાના બનેવીને ત્યાં રહેતો હતો. જો કે છેલ્લા દસેક દિવસથી સુનિલ નાની સંખ્યાડ ગામે રહેતી પોતાની બહેનના ઘરે રહેવા ગયો હતો. જ્યાં મારે હવે મોગર ગામે ઘરે જવું છે તેમ સુનિલે જણાવતા તેના બનેવી નરેન્દ્રભાઈ સોલંકી અને નાની સંખ્યાડ ગામના ડેપ્યુટી સરપંચ સુનિલને મોટરસાયકલ ઉપર મોગર ગામે મુકવા ગયા હતા. દરમ્યાન સાંજના સુમારે કિરણભાઈ ઝાલા હાથમાં ધારીયું લઈ તેમજ તેની સાથે મહેશભાઈ પણ ચપ્પુ લઈને ત્યાં આવી ચઢ્યા હતા. આ બંને શખ્શોએ ત્યાં આવી અપશબ્દો બોલી સુનિલ ગામમાં કેમ આવ્યો ? આજે તેને મારી નાખીશ તેમ કહી સુનિલ ઉપર હુમલો કર્યો હતો. દરમ્યાન બંને શખ્શોએ માથાના ભાગે ધારીયું મારી તેમજ પેટ તથા શરીરના અન્ય ભાગોએ ચપ્પાના ઘા ઝીંકી દેતા ૨૧ વર્ષીય સુનિલ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ફસડાઈ પડયો હતો. દરમ્યાન સુનિલનો નાનો ભાઈ મહેશ છોડાવવા વચ્ચે પડતા તેને પણ ચપ્પુ મારી ઈજા પહોંચાડી હતી. ગંભીર રીતે ઘવાયેલ સુનિલ ઝાલાને તુરંત જ સારવાર અર્થે ૧૦૮ ઈમરજન્સી વાન મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

# વડોદરામાં નર્સે મસલનું ઈન્જેકશન લઈ મોત વ્હાલું કર્યું, ઘટનાથી ઘુટાતું રહસ્ય

વડોદરા : વડોદરા શહેરમાં હોસ્પિટલની એક નર્સે ઈન્જેક્શન લઈને આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. વડોદરાની સવિતા હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૪૦ વર્ષીય મહિલાએ બાથરૂમમાં અજ્ઞાત કારણસોર આપઘાત કરી લેતાં હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. મહિલાએ કયા કારણોસર આત્મહત્યા કરી તે અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

વડોદરાના સયાજી ટાઉનશીપ રોડ પર આવેલાં સેફ્રોન ટાવરમાં ૪૦ વર્ષીય ક્રિષ્ણાબહેન શર્મા રહેતાં હતા. તેઓ સવિતા હોસ્પિટલ ખાતે અઢી વર્ષથી સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા હતા. રવિવારે તેમની નાઈટ ડ્યુટી હોવાથી તેઓ હોસ્પિટલ ખાતે હાજર હતા. તેવામાં વહેલી સવારે હોસ્પિટલના ત્રીજા માળે આવેલાં નર્સિંગ સ્ટાફ રૂમના બાથરૂમમાં તેઓએ આપઘાત કરી લીધો હતો. આ માટે તેઓએ ઊંઘ અને મસલ રિલેક્સેશનના બે ઈન્જેક્શનો લીધા હતા. જેને કારણે ઓવરડોઝ થતાં તેઓનું મોત નિપજ્યું હોવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે.

મોડે સુધી બાથરૂમનો દરવાજો ન ખલોતાં સ્ટાફે આ મામલે પોલીસને જાણ કરી હતી. પોલીસે રૂમનો દરવાજો ખોલીને લાશને બહાર કાઢી તેને પોસ્ટમાર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. પોલીસે મહિલાનો મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો છે. જો કે ફોન લોક હોવાથી તેને વધુ તપાસ અર્થે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે.



# કોરોનાની રસીકરણના પ્રથમ તબક્કામાં PM કેરમાંથી ૨૨૦૦ કરોડ ફાળવાયા

• નવી દિલ્હીમાં ૫૬.૧૩ ટકા લોકોમાં કોરોના સામે લડવાની રોગ પ્રતિકારક શક્તિ

નવી દિલ્હી : ૧૬મી જાન્યુઆરીથી દેશભરમાં કોરોના રસી આપવાનું શરૂ કરી દેવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ રસીકરણના પ્રથમ તબક્કા માટે પીએમ કેર ફંડમાંથી ૨૨,૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કોરોના મહામારીની શરૂઆત થઇ ત્યારે પીએમ કેર ફંડની સ્થાપના કરાઇ હતી, જેમાં આવેલા દાનની રકમ હાલ રસીકરણ માટે પણ વાપરવામાં આવી રહી છે. બીજી તરફ દિલ્હીમાં રહેતા નાગરિકો અને કોરોના વાઇરસ અંગે એક સરવે હાથ ધરવામાં આવ્યો હતો. આ સરવેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં ૫૬.૧૩ ટકા નાગરિકોમાં કોરોના વાઇરસ સામે લડવાની એન્ટીબોડી છે, આ સરવેને ટાંકીને દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેંદ્ર જૈને કહ્યું હતું કે દિલ્હીના નાગરિકોમાં કોરોના વાઇરસ સામે લડવાની રોગ પ્રતિકારક શક્તિ પ્રમાણમાં સારી છે જેને કારણે અમે આ વાઇરસ સામે લડવામાં ઘણે અંશે સફળ રહ્યા છીએ. સરકાર દ્વારા દિલ્હીમાં હાથ ધરાયેલા સેરો સરવેના આધારે આ દાવા કરવામાં આવ્યા હતા.

રાજ્યકક્ષાના સ્વાસ્થ્ય મંત્રી અશ્વિનિ ચૌબેએ કહ્યું હતું કે વેક્સિનેશનના પ્રથમ તબક્કા માટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને જે રસી આપવામાં આવી છે તે મફત છે અને તેનો કોઇ ચાર્જ લેવામાં નથી આવ્યો. આ રસીને ફ્રન્ટલાઇન હેલ્થ વર્કરને આપવામાં આવશે. કુલ ૧૬૫ લાખ ડોઝ આ રસીના તૈયાર કરાયા છે. જેમાં ૧૧૦ લાખ ડોઝ કોવિશીલ્ડના છે જેનું ઉત્પાદન સિરમ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરાયું છે જ્યારે ૫૫ લાખ ડોઝ કોવેક્સિનના છે જેનું ઉત્પાદન ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડ દ્વારા કરાયું છે.

# અયોધ્યા : મસ્જિદ માટેની જમીન પર બે બહેનોનો માલિકીનો દાવો

• અલ્હાબાદની હાઇકોર્ટની લખનઉ બેન્ચમાં કેસ દાખલ

નવી દિલ્હી : અયોધ્યાના ધન્નીપુર ગામમાં મસ્જિદ બનાવવા માટે ઉત્તર પ્રદેશ સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડને ફાળવવામાં આવેલી કુલ ૨૯ એકરની જમીનમાંથી પાંચ એકર પર બે બહેનોએ માલિકી હકનો દાવો કર્યો છે. આ સાથે તેમણે અલ્હાબાદ હાઇકોર્ટની લખનઉ બેન્ચમાં એક અરજી દાખલ કરી છે. અરજી કોર્ટની રજિસ્ટ્રીમાં દાખલ કરાઇ છે. તેના પર ૮મી ફેબ્રુઆરીએ સુનાવણી થઇ શકે છે. રામ જન્મભૂમી બાબરી મસ્જિદ કેસમાં સુપ્રીમ કોર્ટના ચૂકાદાને અનુરૂપ અયોધ્યામાં મસ્જિદ માટે આ જમીન ફાળવવામાં આવી છે. અલ્હાબાદ હાઇકોર્ટની લખનઉ બેન્ચ સમક્ષ થયેલી અરજીમાં રાની કપૂર ઉર્ફે રાની બાલુજા અને રમા રાની પંજાબીએ કહ્યું કે, તેમના પિતા જ્ઞાનચંદ્ર પંજાબી દેશના વિભાજન સમયે ૧૯૪૭માં પંજાબના પાકિસ્તાનમાં ગયેલા વિસ્તારમાંથી ભારત આવ્યા હતા અને ફૈઝાબાદ (હવે અયોધ્યા) જિલ્લામાં સ્થાયી થયા હતા. અરજદારોએ દાવો કર્યો છે કે પાંચ વર્ષ માટે નઝુલા વિભાગ દ્વારા ધન્નિપુર ગામમાં તેમના પિતાને ૨૮ એકર જમીન ફાળવવામાં આવી હતી. જોકે, લાંબા સમય સુધી આ જમીન તેમના કબજામાં હતી.

# મહારાષ્ટ્રમાં બાળકોને પોલિયો રસીને બદલે સેનિટાઇઝરને પીવડાવી દેવાયું

મુંબઇ : મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લામાં પહેલી ફેબ્રુઆરીના રોજ પોલિયોની રસીના ડ્રોપનાં સ્થાને સેનિટાઇઝરના ડ્રોપ પીવડાવી દેતાં ૧૨ બાળકો બીમાર પડી ગયાં હતાં. આ ભયંકર ઘટનામાં એકથી પાંચ વર્ષના ૧૨ બાળકોની તબિયત લથડી હતી. તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. સારવાર બાદ તેમની સ્થિતિ સ્થિર હોવાના અહેવાલ છે.

મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લાના કાપસીકોપ્રી ગામ ખાતે આવેલા ભાનબોરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક ડોક્ટર, એક આંગણવાડી સેવિકા અને એક આશાવર્કર હાજર હતાં. હાલ આ ઘટનાની તપાસ ચાલી રહી છે અને ત્રણે આરોગ્ય કર્મચારીને સસ્પેન્ડ કરી દેવાયાં છે.

બીજા એક અધિકારીએ જણાવ્યું હતું કે, ગામના સરપંચે પોલિયોની રસીની ચકાસણી કરી હતી અને તેમાં પોલિયોના ડોઝ નહીં પરંતુ હેન્ડ સેનિટાઇઝર હોવાનું જણાયું હતું. આ ઘટનાના પગલે આ વિસ્તારના વાલીઓમાં ભય ફેલાઇ ગયો હતો અને તેમણે જવાબદાર કર્મચારીઓ સામે પગલાં લેવાની માગ કરી હતી.

# આગામી પાંચ વર્ષમાં સરકાર આઠ હજાર કરોડના ખર્ચે આઠ શહેરો વિકસિત કરશે

• ૧૫મા નાણાંકીય પંચે ભંડોળ ફાળવવાની ભલામણ કરી

નવી દિલ્હી : શહેરી ક્ષેત્રોના વિસ્તારની વધતી માગને ધ્યાનમાં રાખીને સરકાર આઠ નવા શહેર વિકસિત કરશે. સરકાર દ્વારા રચવામાં આવેલા ૧૫મા નાણાકીય પંચે પણ આઠ હજાર કરોડ રૂપિયા આપવાની પણ ભલામણ કરી છે. એટલે કે દરેક શહેર માટે એક હજાર કરોડ રૂપિયા ફાળવવાની ભલામણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે શહેરી વિકાસ પ્રધાન હરદીપ સિંહ પુરી અનેક વખત જણાવી ચૂક્યા છે કે ૨૦૩૦ સુધીમાં દેશની ૪૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી હશે. શહેરી વિકાસ મંત્રાલયના સચિવ ડી એસ મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતમાં વધી રહેલા શહેરીકરણના પડકારને પહોંચી વળવા માટે વધુ આઠ શહેરોનો વિકાસ કરવામાં આવશ.

આગામી પાંચ વર્ષમાં દરેક શહેર માટે ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. એક રાજ્યમાં એક જ શહેરનો વિકાસ કરવામાં આવશે. સંસદમાં રજૂ કરવામાં આવેલા નાણાકીય પંચના અહેવાલમાં આ અંગેની વધુ વિગતો દર્શાવવામાં આવી છે. પત્રકારો સાથેની વાતચીતમાં હાઉસિંગ સેક્રેટરી મિશ્રાએ જણાવ્યું હતું કે મંત્રાલય ટૂંકમાં નવા શહેરોના વિકાસ માટેના ફ્રેમવર્ક પર અમલ કરવાનું શરૂ કરી દેશે. મિશ્રાએ વધુમાં જણાવ્યું હતું કે ક્યાં રાજ્યોમાં આ શહેરોનો વિકાસ કરવામાં આવશે તે અંગેની વિગતો હજુ અમારી પાસે નથી. ટૂંક સમયમાં આ અંગેની જાહેરાત કરવામાં આવશે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર દેશની ૩૧.૨ ટકા વસ્તી શહેરોમાં વસે છે.

# પંજાબમાં કોંગ્રેસ અને અકાલીદળના કાર્યકરો વચ્ચે ભારે હિંસા : લાઠી અને ગોળીઓ ચાલી

ફઝિલ્કા : પંજાબમાં ફઝિલ્કાના જલાલાબાદમાં મંગળવારે નગર નિગમની ચૂંટણીમાં ફોર્મ ભરવાના મામલે કોંગ્રેસ અને શિરોમણિ અકાલીદળના કાર્યકરો વચ્ચે હિંસક ઝપાઝપી અને સંઘર્ષ થયો હતો. બંને પક્ષો દ્વારા મોટાપાયે લાઠી અને ગોળીઓ ચલાવવામાં આવી હતી. આડેધડ ફાયરિંગમાં ૩ વ્યક્તિને ગોળી વાગી હોવાના અહેવાલ છે. તોફાની તત્ત્વો દ્વારા શિરોમણિ અકાલીદળના પ્રમુખ સુખબીરસિંહ બાદલની કાર પર હુમલો કરીને તોડફોડ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યા મુજબ ઉમેદવારીપત્રક ભરવા માટે કેટલાક લોકો દ્વારા ઉમેદવારોને રોકવાના મામલે કોંગ્રેસ અને શિરોમણિ અકાલીદળના કાર્યકરો સામસામે આવી ગયા હતા અને એકબીજા પર હુમલો કર્યો હતો. બંને પક્ષો દ્વારા પેટ ભરીને લાઠી દંડા અને પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમરિન્દરસિંહે કહ્યું હતું કે, આ હુમલાની તપાસ કરાશે.

અકાલીદળે આક્ષેપ કર્યો હતો કે જલાલાબાદમાં પોલીસના ટેકાથી કોંગ્રેસનાં કેટલાક ગુંડાતત્ત્વોએ અકાલીદળના અધ્યક્ષ સુખબીરસિંહ બાદલ પર જીવલેણ હુમલો કર્યો હતો.



# અયોધ્યાના રામ મંદિર માટે ૧૭ દિવસમાં ૫૦૦ કરોડ ભેગા થયા

• ૧ મહિનામાં આંકડો ૧૫૦૦ કરોડ સુધી પહોંચવાની ધારણા

લખનઉ : ૧૭ દિવસમં રૂા. ૫૦૦ કરોડનો રેકોર્ડ ફાળો એકત્ર કર્યા બાદ રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે અયોધ્યામાં રામ મંદિરના બાંધકામ માટે દેશભરના ૧૧ કરોડ હિંદુ પરિવારો પાસેથી ફાળો એકત્ર કરવા સોમવારથી તેમના અભિયાનના બીજા તબક્કાની શરૂઆત કરી છે. આ બાબતે ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપતરાયએ જણાવ્યું કે વીએચપી અને આરએસએસના અધિકૃત પ્રતિનિધિઓ ફાળો ઉઘરાવવા રૂા. ૧,૦૦૦ અને રૂા. ૧૦,૧૦૦ની કૂપનો સાથે ૨૭ ફેબ્રુઆરી સુધીમાં દેશભરના લગભગ ૫ લાખ ગામ અને નગરોને ખૂંદી વળશે. તેમણે વધુમાં જણાવ્યું કે અમે દેશભરમાં અભિયાન ચલાવીને અત્યાર સુધીમાં રૂા. ૧,૦૦૦ કરોડના મૂલ્યની કૂપનો વિતરીત કરી દીધી છે. ફેબ્રુઆરીના અંત સુધીમાં ૧,૫૦૦ કરોડથી વધુ ફાળો એકત્ર થવાની અમને આશ છે. ટ્રસ્ટે વધુમાં માહિતી આપી હતી કે પહેલા તબક્કામાં માત્ર રૂા. ૨,૦૦૦થી વધુનો ફાળો ચેક અને આરટીજીએસ દ્વારા સ્વીકારાયો હતો અને તેના માટે રસીદો પણ અપાઇ હતી. ટ્રસ્ટના સેક્રેટરીએ વધુમાં જણાવ્યું કે અમને રામભક્તો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

# પીએનબી કૌભાંડમાં મેહુલ ચોક્સી, ગિતાંજલિ જેમ્સની ૧૪ કરોડની સંપત્તિ ટાંચમાં

નવી દિલ્હી : ઇડીએ ગિતાંજલિ ગ્રુપ અને તેના પ્રમોટર અને જ્વેલર તથા ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના પીએનબી લોન છેતરપિંડી કેસના મુખ્ય આરોપી મેહુલ ચોક્સીની ૧૪ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિઓમાં મુંબઇના ગોરેગાંવમાં ૧૪૬૦ ચો. ફૂટનો ફ્લેટ, સોનું, પ્લેટિનિયમ જ્વેલરી, ડાયમંડ સ્ટોન, ચાંદીના નેકલેસ, ઘડિયાળો અને કારનો સમાવેશ થાય છે. ઇડીએ વધુમાં જણાવ્યું હતું કે ગિતાંજલિ ગ્રુપ ઓફ કંપનીઝ અને તેના ડાયરેક્ટર મેહુલ ચોક્સીની ૧૪.૪૫ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ પ્રોવિઝનલ ઓર્ડર જારી કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પીએનબી કૌભાંડ કેસ સપાટી પર આવ્યો તે પહેલા જ મેહુલ ચોક્સી ભારત છોડીને ભાગી ગયો હતો.

# ઇઆઇયુના સૂચકાંક-૨૦૨૦માં ભારત પાછળ સરકીને ૫૩મા સ્થાને ધકેલાયું

નવી દિલ્હી : ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા જાહેર થયેલા લોકશાહી સૂચકાંક : ૨૦૨૦માં ભારત વર્ષ ૫૩મા સ્થાને પહોંચ્યો છે. સૂચકાંકમાં ભારત વર્ષ ૨૦૧૯માં ૫૧મા સ્થાને હતો. વર્ષ ૨૦૧૯માં ભારતે મેળવેલા ૬.૯ પોઇન્ટ સામે વર્ષ ૨૦૨૦માં ૬.૬૧ પોઇન્ટ મેળવ્યા છે. વર્ષ ૨૦૧૪માં ભારત આ સૂચકાંકમાં સૌથી વધુ ૭.૯૨ પોઇન્ટ ધરાવતું હતું. વર્ષ ૨૦૧૪માં ભારત સૂચકાંકમાં ૨૭મું સ્થાન ધરાવતું હતું તે હાલમાં ૨૦૨૦માં ૫૩મા સ્થાને પહોંચ્યો છે.

લોકશાહી સૂચકાંક-૨૦૨૦માં નોર્વે પ્રથમ ક્રમે છે. આઇસલેન્ડ, સ્વીડન, ન્યૂઝીલેન્ડ અને કેનેડાનો ટોચના પાંચ સ્થાનોમાં સમાવેશ થાય છે. ૩૫ દેશોનો સમાવેશ મિશ્ર લોકશાહી તો ૫૭ દેશો સમાવેશ સરમુખત્યારશાહી વલણની કક્ષામાં થાય છે. ભારતનો સમાવેશ ક્ષતિપૂર્ણ લોકશાહી કક્ષામાં થાય છે. ભારતમાં બિનસાંપ્રદાયિકતાનું ધોવાણ થયું છે.

ભારતના પાડોશી દેશોની વાત કરવામાં આવે તો શ્રીલંકા સૂચકાંકમાં ૬૮મા સ્થાને છે. તેને પણ ક્ષતિપૂર્ણ લોકશાહીની કક્ષામાં મૂકવામાં આવ્યું છે. યાદીમાં બાંગ્લાદેશ ૭૬મા, ભુતાન ૮૪મા, પાકિસ્તાન ૧૦૫મા સ્થાને છે. તે તમામ દેશોને મિશ્ર લોકશાહીની કક્ષામાં મૂકવામાં આવ્યા છે.


# ઠંડી વચ્ચે દિલ્હી સહિત ઉત્તર ભારતના કેટલાક વિસ્તારમાં વરસાદ થવાની આગાહી

દેશની રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ફેબ્રુઆરીના આરંભિક દિવસોમાં દિલ્હી અને ઉત્તર ભારતમાં વરસાદ થઇ શકે છે. જોકે સામાન્યપણે આ મહિનામાં વરસાદ થતો નથી. જાન્યુઆરીમાં પણ વરસાદ થવાથી હાડ ગાળતી ઠંડી પડી હતી. હવે ફેબ્રુઆરીમાં પણ વરસાદને કારણે ઠંડીનો પ્રકોપ જોવા મળી શકે છે. લઘુતમ તાપમાન ઘટવા સાથે ઠંડી વધી શકે છે. ઉત્તર ભારતના વિસ્તારોમાં સવારે ધુમ્મસ અને બાકીના સમયે ઠંડા પવનો ફૂંકાઇ રહ્યા છે. રાજસ્થાનના એકમાત્ર પર્વતીય પ્રવાસન સ્થાન માઉન્ટ આબુ ખાતે તાપમાનનો પારો સતત ઠારબિંદુથી નીચે રહ્યો છે. રવિવારે રાતે અહીં માઇનસ ૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અન્ય વિસ્તારોમાં ઠંડીનું જોર છે.

# ખેડૂતોને નામે કેટલાક એજન્ડા થોપી રહ્યાં છે : સરકાર

નવી દિલ્હી : દિલ્હીની સરહદો પર આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટીઓ સામે આવતાં ભારત સરકાર લાલઘૂમ થઈ હતી. અમેરિકાની પોપ સ્ટાર રિહાનાએ ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના સમર્થનમાં ટ્વિટ કર્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સેલિબ્રિટી અને એક્ટિવિસ્ટ ખૂલીને ખેડૂતોના સમર્થનમાં સામે આવ્યાં હતાં. રિહાના બાદ કલાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગ, અમેરિકી વાઈસપ્રેસિડેન્ટ કમલા હેરિસની ભત્રીજી મીના હેરિસ, હોલિવૂડની અભિનેત્રી એમાન્ડા સર્ની, યૂ-ટ્યૂબર લીલી સિંહ, અમેરિકા અને બ્રિટનના સંખ્યાબંધ રાજકીય નેતાઓ દ્વારા ભારતમાં ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરાયું હતું.

ખેડૂતોના આંદોલનને આંતરરાષ્ટ્રીય સ્તરે અચાનક વધી રહેલા સમર્થનને પગલે ભારત સરકાર લાલઘૂમ બની હતી. કેન્દ્રીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ખેડૂત આંદોલન પર ટ્વિટરના માધ્યમથી સેલિબ્રિટીઓ દ્વારા કરાતી



ટિપ્પણીઓ સાચી અને જવાબદાર નથી. દુર્ભાગ્યની વાત છે કે કેટલાક સ્થાપિત હિતો ખેડૂત આંદોલન પર પોતાનો એજન્ડા થોપી ખોરવી નાખવાના પ્રયાસ કરી રહ્યાં છે.ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી પર દાગ લગાવવામાં આવ્યો હતો અને દેશની રાજધાનીમાં હિંસા અને તોડફોડે કબજો જમાવ્યો હતો. આ સ્થાપિત હિતો ભારત વિરોધી આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવાના પ્રયાસ કરી રહ્યાં છે. આ પ્રકારના અસામાજિક તત્વોની ઉશ્કેરણીના કારણે વિશ્વમાં અનેક સ્થળે મહાત્મા ગાંધીની પ્રતિમા ખંડિત કરાઈ હતી.સભ્ય સમાજ અને ભારત માટે આ અત્યંત વિચલિત કરનારી બાબત છે. ભારતની પોલીસે અત્યંત સંયમ સાથે હિંસાને અટકાવવાના પ્રયાસ કર્યા હતાં. હિંસામાં સેંકડો પોલીસ કર્મચારી ઘવાયાં હતાં. કેટલાંકને ગંભીર ઈજા પહોંચી હતી. કેન્દ્રીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને ભારતના લોકતાંત્રિક મૂલ્યો, રાજકીય સ્થિતિ અને વિવાદને ઉકેલવાના ભારત સરકારના પ્રયાસોના સંદર્ભમાં મૂલવવું જોઈએ. આ પ્રકારના મામલાઓ પર ટિપ્પણી કરતાં પહેલાં મામલાને સારી રીતે સમજવો જોઈએ. ભારતની સંસદે સંપૂર્ણ ચર્ચા પછી કૃષિ સેક્ટરમાં સુધારા માટેના કાયદા ઘડી કાઢ્યાં છે. આ સુધારા ખેડૂતોને બહોળા બજાર ઉપલબ્ધ કરાવશે. કૃષિ સુધારા સામે દેશના બહુ ઓછા ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે.

## સ્ટેજ ઉપરથી મોદીને કોઈ અપશબ્દો ન કહી શકેઃ ટિકૈત

પ્રજાસત્તાક દિવસ પર દિલ્હીમાં થયેલી હિંસા બાદ નબળા પડી રહેલા ખેડૂત આંદોલનમાં નવો પ્રાણ ફૂંકનારા રાકેશ ટિકૈતે જાહેરાત કરી છે કે ૬ ફેબ્રુઆરીના દેશભરમાં ૩ કલાક માટે ચક્કાજામ થશે. ગાઝીપુર બૉર્ડર પર કેટલાક લોકોની વડાપ્રધાન મોદી માટે વાંધાજનક ટિપ્પણી પર ટિકૈતે કહ્યું કે, આવા લોકો માટે તેમના સ્ટેજ પર કોઈ જગ્યા નથી. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના સ્ટેજથી કોઈ પણ અપશબ્દો ના કહી શકે. તેમણે કહ્યું કે, એ ફરિયાદ આવી રહી છે કે લોકો મોદીજીને ગાળો આપી રહ્યા છે, તે અમારા લોકો ના હોઈ શકે. કોઈ પણ વ્યક્તિ જે વડાપ્રધાન માટે અપશબ્દોનો ઉપયોગ કરશે તે અહીંથી સ્ટેજ છોડીને જતો રહે. તે તેનો વ્યક્તિગત નિર્ણય હશે. આ સ્ટેજનો ઉપયોગ નહી કરવા દેવામાં આવે. તેમણે કહ્યું કે, જો અહી પણ કોઈ લોકો છે જે આડે-ધડ કંઈ પણ વાતો કરે છે, તો ભાઈ તેમનું અમને જણાવી દો.

## કોઇ પણ પ્રોપગેન્ડા દેશની એકતાને તોડી નહીં શકે : અમિત શાહ

નવી દિલ્હી : રાજધાની દિલ્હીના સીમાડા પર ચાલતા ખેડૂત આંદોલનનો આજે ૭૦મો દિવસ છે. સરકાર દ્વારા લાગુ કરાયેલા ત્રણ કૃષિ બિલનો ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગત ૨૬ જાન્યુઆરીએ જ્યારે ખેડૂતો દ્વારા નિકળેલી ટ્રેક્ટર પરેડમાં હિંસા તઇ ત્યારબાદ તેણે વૈશ્વિક્ત સમાચારોમાં સ્થાન મેળવ્યું છે. બધા વચ્ચે ગઇ કાલે એટલે કે મંગળવારે પોપ સ્ટાર રિહાનાએ ખેડૂતોના સમર્થનમાં ટ્વિટ કર્યુ હતું. ત્યારબાદ અનેક આતંરરાષ્ટ્રીય હસ્તીઓ દ્વારા ખેડૂતોના સમર્થનમાં ટ્વિટ કરવામાં આવ્યા છે. સાથે જ આ લોકોએ ભારત સરકાર પર સવાલ પણ ઉઠાવ્યા છે. ભારતના આંતરીક મુદ્દે સવાલો ઉઠાવનાર આ લોકોને હવે ભારતમાંથી જવાબ મળી રહ્યો છે. પહેલા વિદેશ મંત્રાલયે આવા લોકોને જવાબ આપ્યા બાદ હવે ગૃહમંત્રી અમિત શાહે પણ આ અંગે ટ્વિટ કર્યુ છે.


## બ્રિટિશ શાસનમાં કૃષિ કાયદાઓ રદ થયા હતા : આઝાદ

કૃષિ કાયદા મુદ્દે બુધવારે સરકાર અને વિપક્ષ વચ્ચે રાજ્યસભામાં ચર્ચા માટે સહમતિ સધાઇ હતી. કૉંગ્રેસના સાંસદ ગુલામનબી આઝાદે જણાવ્યું હતું કે, સરકારે ત્રણે કૃષિ કાયદા રદ કરી દેવા જોઇએ. બ્રિટિશરોને પણ તેમના શાસનકાળમાં કૃષિ કાયદા પાછા ખેંચવાની ફરજ પડી હતી. બીજી તરફ કૃષિ કાયદા મુદ્દે લોકસભામાં પણ ભારે હંગામાને પગલે કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. સપાના સાંસદ રામગોપાલ યાદવે જણાવ્યું હતું કે, જમીન વિહોણા બની જઇશું તેવો ખેડૂતોનો ભય સાચો ઠરી રહ્યો છે. ઠંડીમાં હજારો ખેડૂતો દિલ્હીની સરહદો પર બેઠાં છે પરંતુ સરકારના પેટનું પાણી હાલી રહ્યું નથી. જો સરકાર દોઢ વર્ષ માટે કૃષિ કાયદા સ્થગિત કરવા તૈયાર છે તો રદ કરી દેવામાં શું વાંધો છે? ખેડૂતોને અટકાવવા એવી કિલ્લેબંધી રચાઇ છે જે ભારત-પાકિસ્તાનની સરહદ પર પણ નથી.

## કિલ્લામાં ઉપદ્રવ અને ફેસબૂક લાઇવ કરનાર આરોપીની ધરપકડ

પ્રજાસત્તાક પર્વના અવસર ઉપર લાલ કિલ્લામાં હિંસા અને ધાર્મિક ઝંડો લહારાવવા સમયે ફેસબૂક લાઇવ કરનાર વધુ એક આરોપીની એસઆઇટી ક્રાઇમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપીનું નામ ધર્મેન્દ્ર સિંહ હરમન છે. આ વ્યક્તિ તે દિવસે સમગ્ર ઘટનાનું ફેસબૂક લાઇવ કરી રહ્યો હતો. તે સમયના વીડિયો ફૂટેજ સામે આવ્યા છે, જેમાં તે એક કાર ઉપર ઉભેલો છે. દિલ્હી પોલીસના હાથ આરોપી ન ઝડપાતા હવે આરોપીઓની માહિતી આપનારને ઇનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં આરોપી દીપ સિદ્ધુ, જુગરાજ સિંહ ઉપરાંત બે અન્ય આરોપી પર એક એક લાખના ઈનામની જાહેરાત કરી છે. આ ઉપરાંત અન્ય આરોપીઓ પર ૫૦-૫૦ હજારના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. ઘટનાની તપાસ માટે એસઆઇટીની રચાન પણ કરવામાં આવી છે. લાલ કિલ્લા હિંસાના માસ્ટરમાઇન્ડ તરીકે દીપ સિદ્ધુનું નામ સામે આવ્યું હતું.

## દિલ્હીમાં કાંટાળી તાર, ખીલા, સીમેન્ટની દિવાલ : ખેડૂતોને રોકવા કેન્દ્રના ઉધામા



મોદી સરકારે બનાવેલા કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીની સરહદો પર બે મહિના કરતાં વધુ સમયથી આંદોલન કરી રહેલા ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતાં રોકવા સરકારે દિલ્હીની સરહદો પર કાંટાળી વાડ, ખીલા, સીમેન્ટની કામચલાઉ દિવાલ જેવા અનેક સ્તરના સજ્જડ અવરોધો ઊભા કરી દીધા છે.

## કોઈ ધમકી ડગાવી નહી શકે, શાંતિ પ્રદર્શનને મારૂં સમર્થન : ગ્રેટા

નવા કૃષિ કાયદાના વિરોધમાં દેશની રાજધાની દિલ્હીમાં લગભગ અઢી મહિનાથી ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે આ આંદોલનને લઈને ઘણી વિદેશી હસ્તીઓએ પણ ટિપ્પણી કરી છે. આ દરમિયાન સ્વીડનમાં રહેતી એન્વાયર્મેન્ટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગની ટ્વીટને લઈને દિલ્હી પોલીસે તેની સામે કેસ નોંધ્યો છે. ગ્રેટાની સામે ચાર ફરિયાદ નોંધાઇ છે. પોતાની સામે નોંધાયેલી ફરિયાદ પર ગ્રેટાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, કોઈ ધમકી તેને ડગાવી નહી શકે. દિલ્હી પોલીસે નોંધેલી ફરિયાદ સામે ગ્રેટાએ ટ્વીટ કરી કે, 'હું હજુ પણ ખેડૂતોના શાંતિપૂર્ણ પ્રદર્શનને સમર્થન આપી રહી છું. કોઈપણ પ્રકારની નફરત, ધમકીઓ અને માનવાધિકારોના ઉલ્લંઘનથી તેમાં કોઈ ફેરફાર નહી આવે.' ઉલ્લેખનીય છે કે, દિલ્હી પોલીસે ગુરુવારે ગ્રેટા થનબર્ગ પર ગુનાઈત ષડયંત્ર અને સામાજિક સદ્ભાવ બગાડવાનો આરોપ લગાતવા એફઆઈઆર નોંધી છે.

## ફ્રેન્કલિન ટેમ્પલટન ૯૧૨૨ કરોડ રોકાણકારોને પાછા આપે : સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ફ્રેન્કલિન ટેમ્પલટન મ્યુચ્યુઅલ ફંડને રૂ. ૯,૧૨૨ કરોડ રૂપિયા રોકાણકારોને પરત કરવા આદેશ આપ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીએ રોકાણકારોને ૨૦ દિવસની અંદર આ રૂપિયા આપવા પડશે. ફ્રેન્કલિન ટેમ્પલટનની ૬ ડેટ સ્કીમના યુનિટધારકોને આ ભંડોળ પરત મળશે. કંપનીએ એપ્રિલ ૨૦૨૦માં અચાનક મ્યુચ્યુઅલ ફંડની આ સ્કીમ્સ બંધ કરી દીધી હતી. ન્યાયાધીશ એસ. એ. નઝીર અને સંજીવ ખન્નાની બેન્ચે જણાવ્યું હતું કે, એસેટ્સમાં યુનિટધારકોના ઈન્ટ્રેસ્ટના પ્રમાણમાં નાણાંનું વિતરણ થવું જોઈએ. વીડિયો કોન્ફરન્સ મારફત હાથ ધરાયેલી પ્રક્રિયામાં બેન્ચે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) મ્યુચ્યુઅલ ફંડને નાણાંના વિતરણની કામગીરી સોંપી છે. બધા જ કાઉન્સેલે આ સંબંધમાં કોર્ટના આદેશને સંમતી આપી હતી.

## ઇડીએ હૈદરાબાદની ઝવેરીની રૂપિયા ૧૩૦ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

- **મુસદ્દીલાલ જ્વેલર્સે નોટબંધીમાં પણ કમાણી કરી : હૈદરાબાદના વિવિધ ઝવેરીઓની નોટો ડિમોનેટાઇઝ કરાવી નફો રળ્યો**

બેંગ્લોગર : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ૨૦૧૬ની નોટબંધીની કવાયતમાં કરવામાં આવેલી કથિત નાણાકીય ગેરરીતિના સંદર્ભમાં હૈદરાબાદ સ્થિત વિવિધ જ્વેલરી કંપનીઓ અને તેમના પ્રમોટરોની ૧૩૦ કરોડની અસ્કયામત ટાંચમાં લીધી છે. મુસદ્દીલાલ જ્વેલ્સ એન્ડ જ્વેલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વૈષ્ણવી બુલિયન પ્રાઈવેટ લિમિટેડ અને મુસદ્દીલાલ જ્વેલર્સ પ્રાઈવેટ લિમિટેડ સામે કાર્યવાહી કરવામાં આવ્યું હોવાનું ઈડીએ જણાવ્યું હતું. ઈડી દ્વારા ટાંચમાં લેવાયેલી સંપત્તિમાં ૪૧ સ્થાયી મિલકતો, શેરો અને ઝવેરાતમાં કરેલું રોકાણ, થોડા વર્ષો પહેલા પડેલા દરોડામાં જપ્ત કરવામાં આવેલા ૮૩.૩૦ કરોડના સોના-ચાંદીનો સમાવેશ થાય છે. આ ટાંચમાં લેવાયેલી મિલકતોનું કુલ મૂલ્ય ૧૩૦.૫૭ કરોડ મનાય છે. આ મિલકતોને પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ટાંચમાં લેવાઈ છે અને ઈડીએ તેલંગણા પોલીસે આ જ્વેલરી હાઉસો સામે નોટબંધી વખતે નોંધાવેલા કેસના આધારે તેની સામે કેસ કર્યો છે.

## ઑક્સફર્ડ ડિક્શનરી દ્વારા 'આત્મનિર્ભરતા' હિન્દી વર્ડ ઑફ ધ યર જાહેર કરાયો

નવી દિલ્હી : ઑક્સફર્ડ ડિક્શનરી દ્વારા આત્મનિર્ભરતા શબ્દને હિન્દી વર્ડ ઓફ ધ યર ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યો છે. આ શબ્દ ૨૦૨૦માં પ્રચલિત થયો છે. વડા પ્રધાને કોરોના મંદીમાંથી બહાર આવવા માટે દેશને આત્મનિર્ભર એટલે કે પોતાના પગ પર ઉભા રહેવાની ક્ષમતા કેળવવા અપીલ કરી હતી. એ પછી દેશભરમાં આ શબ્દ ખુબ ચર્ચાયો છે. ઓક્સફર્ડ દ્વારા દર વર્ષે અંગ્રેજી ઉપરાંત અગ્રણી ભાષાઓના ચર્ચાસ્પદ શબ્દો વર્ડ ઓફ ધ યર જાહેર કરવામાં આવે છે. આ વખતે આત્મનિર્ભર જાહેર થયો છે. અગાઉ ૨૦૧૯માં સંવિધાન, ૨૦૧૮માં નારી શક્તિ, ૨૦૧૭માં આધાર જેવા શબ્દો વર્ડ ઓફ ધ યર જાહેર થઈ ચૂક્યા છે. કોઈ શબ્દ ચર્ચાસ્પદ બને, તેની લોકો પર હકારાત્મક અસર થઈ હોય, એ સંસ્કૃતિ-સમાજ માટે ગૌરવશાળી હોય તો તેને આ પ્રકારે વર્ડ ઓફ ધ યર જાહેર કરાતો હોય છે.

# ભારતે વિશ્વમાં સૌથી ઝડપી ૪૦ લાખ લોકોને રસી આપી

નવી દિલ્હી : માત્ર ૧૮ દિવસની અંદર ભારતમાં ૪૫% જેટલા હેલ્થ વર્કર્સને કોરોનાની રસી આપી દેવામાં આવી છે. ભારતમાં રસીકરણ અભિયાનની શરુઆત પાછલા મહિને ૧૬ જાન્યુઆરીએ થઈ હતી. ભારતે દુનિયામાં અલગ-અલગ દેશોમાં ચાલી રહેલા રસીકરણ અભિયાનમાં સૌથી ઝડપી (૪ મિલિયન) ૪૦,૦૦,૦૦૦ લોકોને ૨ ફેબ્રુઆરી સુધીમાં રસી આપી દેવામાં આવી છે. બુધવારે ભારતમાં ૨,૪૮,૬૬૨ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે, આ સાથે કુલ આંકડો ૪૩.૯ લાખ પર પહોંચી ગયો છે, ભારતમાં ખાનગી અને સરકારી ક્ષેત્રમાં ૯૨,૬૧,૨૨૭ સ્વાસ્થ્ય કર્મીઓ છે જેમાંથી ૪૭% કર્મીઓને રસી આપી દેવામાં આવી છે. ભારતની સરખામણીમાં અમેરિકાને ૪૦ લાખ લોકોને રસી આપતા ૨૦ દિવસનો સમય લાગ્યો હતો, જ્યારે યુકે અને ઈઝરાઈલને ૩૯ દિવસ લાગ્યા હતા. ભારતના મહત્વના રાજ્યોની વાત કરીએ તો અહીં મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૬૯.૪% સ્વાસ્થ્ય કર્મીઓને ૨ ફેબ્રુઆરી સુધીમાં રસી આપી દેવામાં આવી છે, આ પછી ૬૪.૭% સાથે રાજસ્થાન બીજા નંબર પર છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન પછી યુપીમાં ૧૮ દિવસમાં ૫૧% સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૯,૩૬,૮૫૭ સ્વાસ્થ્યકર્મીઓ છે.

## સીરમ ૧૦૦ દેશોમાં વેક્સિનના ડોઝ મોકલશે

પૂણે : સીરમ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયા અને યુનિસેફે કોરોના વેક્સિન કોવિશિલ્ડ અને નોવાવેક્સના લાંબાગાળાના પુરવઠા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ ૧૦૦ દેશોમાં ૧.૧ બિલિયન વેક્સિન ડોઝ મોકલવામાં આવશે. ઘણા દેશોએ કોરોના વેક્સિનની ખરીદી માટે ભારતનો સંપર્ક કર્યો છે. ઓક્સફોર્ડ–એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સિન કોવિશિલ્ડનું નિર્માણ પુણે સ્થિત સીરમ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને નોવાક્સનું નિર્માણ યુએસ આધારિત નોવાક્સ ઇંક દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૨૮૯૯ પોઝિટિવ કેસ, ૧૦૭નાં મોત થયા

નવી દિલ્હી : ભારત કોરોના સામેની લડત વધુ મજબૂત થઈ રહી છે. એક તરફ કોરોના વેક્સીનેશન અભિયાન ચાલી રહ્યું છે. બીજી તરફ કોવિડના સંક્રમણને મ્હાત આપનારા દર્દીઓની સંખ્યા પણ વધતી જઈ રહી છે. રાહતની વાત એ છે કે કોરોના મૃત્યુઆંકના મામલે ભારત હવે ૨૧મા સ્થાને પહોંચી ગયું છે. ગુરુવારે સાંજ સુધીમાં ૧૪ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૦થી ઓછા કેસ નોંધાયા છે. આ ઉપરાંત ૫ રાજ્યમાં એક દિવસમાં એક પણ વ્યક્તિનું મોત નથી થયું.

ભારતમાં કોરોના વેક્સીનેશન અભિયાનનું પહેલું ચરણ હાલ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૪૪,૪૯,૫૫૨ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૨,૮૯૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ–૧૯ના કારણે ૧૦૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

## આપના સાંસદ સંજય સિંહ સામે લખનઉની કોર્ટ દ્વારા બિન જમાનતી વોરંટ ઈશ્યુ

નવી દિલ્હી : આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ સામે લખનઉની એમપી એમએલએ કોર્ટ દ્વારા બિન જમાનતી વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી ઉત્તર પ્રદેશ સરકારને જાતિવાદી કહેવાના કેસમાં હાજરી આપતા નહોતા. આ કેસને લઈને એમપી એમએલએ કોર્ટમાં આગલી સુનવણી ૧૭ ફેબ્રુઆરીના રોજ થશે.

સાસંદ સંજય સિંહ સામે ૧૨ ઓગષ્ટ ૨૦૨૦ના રોજ હજરતગંજ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકાર જાતિવાદી છે અને ત્યાં માત્ર ક જ જાતિનું વર્ચસ્વ છે. સંજય સિંહના આવા નિવેદન બાદ તેમના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસમાં આજે એમપી એમએલએ કોર્ટમાં સુનવણી શરુ થઈ છે.

## ફ્યૂચર ગ્રૂપના CEO કિશોર બિયાણી પર સેબીએ ૧ વર્ષનો પ્રતિબંધ લાધો

નવી દિલ્હી : સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી)એ બુધવારે ફ્યૂચર ગ્રૂપના સીઈઓ કિશોર બિયાણીને તથા તેના ભાઈ અનિલ બિયાણીને એક વર્ષ માટે સિક્યોરિટી માર્કેટમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે અને દરેકને રૂપિયા એક-એક કરોડનો દંડ કર્યો છે. જે તેમણે ૪૫ દિવસની અંદર ભરી દેવાના રહેશે.

૨૦૧૭માં માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન બિયાણી દ્વારા તેની રિટેલ કંપનીના શેર્સમાં ઈનસાઈડર ટ્રેડિંગ કરવામાં આવ્યું હોવાના કેસમાં તપાસના સંદર્ભમાં આ આદેશ કરવામાં આવ્યો હતો. ફ્યુચર રિટેલમાં જાહેર નહી કરવામાં આવેલી પ્રાઈસ સેન્સિટિવ માહિતીનો ટ્રેડિંગમાં ઉપયોગ કરવાના બિયાણી પરના આરોપની તપાસ બાદ સેબીએ તેના નિર્ણયની જાહેરાત કરી છે. સેબીએ તેના આદેશમાં જણાવ્યા અનુસાર બિયાણી આગામી બે વર્ષ સુધી ફ્યુચર રિટેલની સિક્યોરિટીઝમાં ખરીદી, વેચાણ કે કોઈ સોદો કરી શકશે નહીં. સેબીએ નોંધ્યું હતું કે, રૂ. ૧૭.૭૮ કરોડથી વધુની રકમના આ સોદામાં બિયાણી તેના ભાઈ સહિત અન્ય કેટલાક લોકો સાથે સંકળાયેલાં હતાં. સેબીની તપાસમાં માલુમ પડયું હતું કે બિયાણી ભાઈઓએ ફ્યુચર કોર્પોરેટ રીસોર્સિસ પ્રાઈવેટ લિમિટેડના નામ પર એક ટ્રેડિંગ એકાઉન્ટ ઓપન કરાવ્યું હતું.

## બર્ડ ફલૂનું કારણ આપી રાષ્ટ્રીય સ્મારક લાલ કિલ્લો અનિશ્ચિતકાળ માટે બંધ


નવી દિલ્હી : દિલ્હીમાં રાષ્ટ્રીય સ્મારક લાલ કિલાને અનિશ્ચિતકાળ માટે બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય પુરાતત્વ વિભાગ તરફથી સોમવારે જાહેર કરવામાં આવેલા એક આદેશમાં કહેવામાં આવ્યું કે, લાલ કિલાને અનિશ્ચિતકાળ માટે સામાન્ય જનતા માટે બંધ કરવામાં આવી રહ્યો છે. આ નિર્ણય લેવા પાછળનું કારણ બર્ડ ફલૂ હોવાનું સામે આવ્યું છે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી તરફથી એક આદેશ હેઠળ લાલ કિલાને આગામી આદેશ સુધી બંધ કરવામાં આવી રહ્યો છે. આ નિર્ણય લાલ કિલા વિસ્તારમાં બર્ડ ફલૂના પ્રસારને રોકવા માટે કરવામાં આવી રહ્યો છે, કારણ કે આ વિસ્તારની ઓળખ સંક્રમિત વિસ્તાર તરીકે કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે થોડાં દિવસો પહેલાં પણ લાલ કિલાને બર્ડ ફલૂના કારણે બંધ કરવામાં આવ્યો હતો.

# માટીનો બનેલો માનવી - કુરાન મજીદ અનુસાર માનવીનું સર્જન માટીમાંથી કરવામાં આવેલ છે

બાળપણમાં એક ગીત સાંભળવા મળતું હતું, જેના બોલ આ પ્રમાણે હતા ‘‘રાખના રમકડાં, મારા રામે રમતા રાખ્યા રે...’’ આ ગીતમાં ‘‘રાખના રમકડાં’’નો ઈશારો માટીના બનેલા માનવી તરફ છે, જેને માટી કે રાખના રમકડાંની ઉપમા આપવામાં આવેલ છે. તે અનુસાર માનવીને માટી માંથી બનેલો કે માટી માંથી સર્જન કરેલો માનવી કહેવું એ ઉચિત છે. ઉર્દુ ભાષામાં પણ માનવીને ‘‘માટીના કા પુતલા’’ની ઉપમા આપવામાં આવેલ છે.

જગતના અન્ય ધર્મોના ધર્મશાસ્ત્રો અનુસાર માનવીનું સર્જન કઈ વસ્તુ માંથી કરવામાં આવેલ છે તે તો તે ધર્મશાસ્ત્રોના ઝીણવટભર્યા અભ્યાસ થકી જ જાણવા મળી શકે છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં ‘‘માટીનો માનવી’’ તથા ‘‘રાખના રમકડાં’’ તથા ઉર્દુમાં ‘‘માટી કા પુતલા’’એ શબ્દ પ્રયોગો માનવી માટે જ વાપરવામાં આવ્યા છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ તેના અસંખ્ય બોધવચનો માં માનવીના સર્જન વિષે કહેવામાં આવેલ છે કે તેનું સર્જન માટી માંથી કરવામાં આવેલ છે તથા તે પાછો એક ચોક્કસ નક્કી કરેલા દિવસે તેજ માટીમાં મળી જવાનો છે, અને તે પછી ન્યાયના એક ચોક્કસ નક્કી કરેલા દિવસે તેને પાછો તે જ માટી માંથી બીજીવાર સજીવન કરવામાં આવશે, જે માટી માંથી તેનું સર્જન કરવામાં આવ્યું હતું અને પછી તેમાં જ પાછું તેનું શરીર મળી ગયું હતું.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

નીચે આ વિષેના કુરાન મજીદમાંના અમુક બોધવચનો આપવામાં આવે છે :-

‘‘તે અલ્લાહની નિશાનીઓ પૈકી એક નિશાની આ છે કે તેણે તમારૂં સર્જન માટી માંથી કર્યું. પછી તમે એકાએક મનુષ્ય થઈને ધરતીમાં ફેલાઈ રહ્યા છો.’’ (પ્રકરણ ૩૦, શ્લોક ૨૦)

‘‘અને અલ્લાહે તમારૂં સર્જન માટી માંથી કર્યું, પછી વિર્ય બિંદુમાંથી, પછી તમારી જોડી (પુરૂષ અને સ્ત્રી) બનાવી દીધી.’’

(પ્રકરણ ૩૫, શ્લોક ૧૧નો આરંભનો ભાગ)

‘‘તે અલ્લાહ જ છે જે દરેક અદ્રશ્ય અને જાહેર વસ્તુઓનો જાણનાર, જબરદસ્ત અને મહાદયાળુ છે, જેણે જે પણ વસ્તુનું સર્જન કર્યું તે વસ્તુ ઉમદા અને

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

સરસ બનાવી, અને તેણે માનવીના સર્જનનો આરંભ માટીથી કર્યો. પછી તેનો વંશ એક એવા સત્વથી આગળ વધાર્યો, જે તુચ્છ પાણી જેવો છે. પછી તેને નખશિખ કર્યો અને તેની અંદર પોતાનો આત્મા (રૂહ) ફુંક્યો. અને તેણે તમને કાન આપ્યા, આંખો આપી અને હૃદય આપ્યા. તમે લોકો ભાગ્યે જ તેના આભારી થાવ છો.’’

(પ્રકરણ ૩૨, શ્લોક ૬, ૭, ૮ અને ૯)

‘‘તે અલ્લાહ જ છે જેણે તમારૂં સર્જન માટી માંથી કર્યું. પછી વિર્ય બિંદુમાંથી અને પછી લોહીના લોચા માંથી. પછી તે તમને બાળકના સ્વરૂપમાં કાઢે છે, પછી તમને વિકસાવે છે, જેથી તમે પોતાની સંપૂર્ણ શક્તિએ પહોંચી જાવ. પછી તે વધુ વિકસાવે છે જેથી તમે વૃદ્ધાવસ્થાએ પહોંચો.’’

(પ્રકરણ ૪૦, શ્લોક ૬૭)

ઉપર આપેલા સર્વે બોધવચનો અનુસાર માનવીનું સર્જન પહેલાં માટી માંથી કરવામાં આવેલ છે, અને તે પછી વિર્ય બિંદુ, લોહીના લોચા વગેરે માંથી. આ રીતે માટીના બનેલા માનવીનું જગતમાં છેલ્લું ઠેકાણું પણ માટી જ છે, અને તે પછી ન્યાયના એક ચોક્કસ દિવસે તેને તે જ માટી માંથી પાછો સજીવન કરવામાં આવશે. આ વિષેનું કુરાન મજીદમાંનું બોધવચન આ પ્રમાણે છે :-

‘‘અને આ જ ધરતી(માટી)માંથી અમોએ તમારૂં સર્જન કર્યું, આ જ ધરતી (માટી)માં તમને પાછા લઈ જશું, અને આ જ ધરતી (માટી)માંથી તમને બીજીવાર કાઢશું.’’ (પ્રકરણ ૨૦, શ્લોક ૫૫)

(જ્યારે મુસલમાનને તેના મૃત્યુ પછી ધરતીમાં (કબરમાં) દફનાવવામાં આવે છે, ત્યારે તેની કબર પર માટી નાખતી વખતે ઉપરના શ્લોક (આયત)નું પઠન કરવામાં (પઢવામાં) આવે છે).

ઉપસંહારએ કે ‘‘રાખના રમકડા’’,‘‘માટીનો માનવી’’ તથા ‘‘માટી કા પુતલા’’ની ઉપમા પામેલો જગતનો માનવી આ જગત જીવન પુરૂં કર્યા પછી પણ તેજ માટીમાં મળી જવાનો છે, જેમાંથી તેનું સર્જન કરવામાં આવેલ છે, અને ન્યાયના એક ચોક્કસ દિવસે તેને પાછો તેજ માટી માંથી સજીવન કરવામાં આવશે, જયારે તેને તેની જગતમાંની કરણીનો હિસાબ આપવો પડશે. તે માટે માનવીનું એ કર્તવ્ય છે કે તે તેના પરમેશ્વરના આદેશો અનુસાર આ જગતમાં જીવન પસાર કરે, જેથી તેના બંન્ને જીવન સફળ થાય.


## દેશ-વિદેશનું જાણવા જેવું

### છ વર્ષ પહેલાં ખોવાઈ ગયેલા ડોગીને મળવા આ મહિલાએ ૨૨૦૦ કિમી ડ્રાઇવ કર્યું



ખોવાયેલા ડૉગીને શોધવા આકાશ-પાતાળ એક કરો, પણ એના કોઈ સગડ ન મળે અને છેક ૬ વર્ષે એની માહિતી મળે તો કેવી લાગણી થાય એ અમેરિકાના ટેક્સાસની ડેબી નામની મહિલા પાસેથી જાણી શકાય, જે તેના ૬ વર્ષ પહેલાં ખોવાયેલા પાળેલા ડૉગીને મળવા માટે ૨૨૦૦ કિલોમીટર ડ્રાઇવ કરીને પહોંચી હતી. ડૉગીના શરીરમાં ફિટ કરાયેલી માઇક્રોચિપને કારણે આ ડૉગીની ભાળ મળી શકી હતી. ૨૦૧૪ના જૂન મહિનામાં સૅન એન્ટોનિયોમાં ડેબી અને તેની દીકરી ડેનાએ તેના ત્રણ ડૉગીને રિલૅક્સ થવા માટે બૅકયાર્ડમાં છુટ્ટા મૂક્યા હતા, પરંતુ જ્યારે પાછા બોલાવ્યા તો પીટબુલ ડૉગી જ પાછા આવ્યા, ત્રીજો ડૉગી પાછો આવ્યો જ નહીં. ગુમ થયેલા ડૉગીને શોધવા બનતી બધી કોશિશ તેઓએ કરી. આસપાસની સોસાયટીઓમાં શોધખોળ કરી, ફરફરિયાં છાપીને વહેંચ્યાં, પણ ડૉગી મળ્યો નહોતો. જોકે અચાનક પચીસમી ઑક્ટોબરે ફૉર્ટ લોડરડેલમાં બ્રૉડાર્ડ કાઉન્ટી હ્યુમન સોસાયટીએ ડેબીને ફોન કરીને તેમનો ગુમ થયેલો ડૉગી તેમની પાસે હોવાની જાણ કરી. શરૂઆતમાં તો તેણે આ વાતને મજાક માની, પણ પછીથી પોતાના ડૉગીને લેવા તે પહોંચી ગઈ હતી.

### મોં પહોળું કરીને સોશિયલ મીડિયામાં ફેમસ થઈ ગયાં છે આ બહેન



સમંથા રૅમ્સડેલ નામની ૩૦ વર્ષની મહિલા તેના મોટા મોઢા માટે વિશ્વભરમાં જાણીતી થઈ ગઈ છે. મોટું મોઢું એટલે બોલવાની બાબતમાં નહીં, લિટરલ સેન્સમાં મોટી મોંફાડની અહીં વાત થઈ રહી છે. ભગવાન કૃષ્ણે બાળપણમાં મોં ખોલીને મા જશોદાને વિશ્વદર્શન કરાવી દીધેલું એમ આ બહેન પોતાનું મોં ખોલીને જે ગતકડાં કરે છે એ જોવાની જગતને બહુ મજા પડી રહી હોય એવું લાગે છે. તેમનાં વિડિયોઝ જબરા વાઇરલ થયાં છે. તેમના સાશિયલ મીડિયા અકાઉન્ટ પર સાડા સાત લાખ કરતાંય વધુ ફૅન અને ફૉલોઅર્સ છે. નવાઈની વાત એ છે કે હજી ત્રણ મહિના હેલાં જ તેમણે ટિકટૉક અકાઉન્ટ ખોલ્યો છે અને જોતજોતામાં તેમના ફૉલોઅર્સની સંખ્યા લાખોમાં થઈ ગઈ છે. સમંથાબહેનનો દાવો છે કે તેઓ હાલની રેકૉર્ડ હોલ્ડર કરતાં વધુ મોટી મોં ફાડ ધરાવે છે. ગિનેઝ રેકૉર્ડમાં હાલમાં ૩.૭૫ ઇંચની મોંફાડનો વિક્રમ નોંધાયેલો છે, જ્યારે સમંથામૅડમના કહેવા મુજબ તેમની મોંફાડ ચાર ઇંચથી વધુ છે અને એ રીતે તે વિક્રમ તેના નામે હોવો જોઈએ. તાજેતરમાં તો એક વિડિયોમાં બહેને ટેપ લઈને મોં માપી પણ આપ્યું છે. બહેન એક આખું સફરજન મોંમાં નાખી દઈ શકે છે.

### બોલો, આ બહેને હોઠ લાલ કરવા માટે મેંદી લગાવી દીધી!



ઇન્ટરનેટ પર એક યુવતીએ અજબ વિડિયો મૂક્યો છે. લાલચટક હોઠની હોંશ પૂરી કરવા માટે બ્રાયન ક્રિશ્ચિયન નામની યુવતીએ ૪૩ સેકન્ડનો એક વિડિયો ટ્વિટર પર મૂક્યો છે, જે જોઈને સોશિયલ મીડિયા પર લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ વિડિયોને જોકે અત્યાર સુધીમાં એક લાખ કરતાં વધુ વ્યુઝ મળ્યા છે. આ બહેન મેકઅપ સાથે વિવિધ અખતરા કરવાનાં શોખીન છે. તે વારંવાર અવનવા અખતરાઓ કરીને ઇન્ટરનેટ પર વિડિયો મૂકતી રહેતી હોય છે. આ વખતે તેને હોઠની કુદરતી લાલાશ માટે મેંદી લગાવવાનો તુક્કો સૂઝ્યો અને તેણે એ અમલમાં પણ મૂક્યો . મેંદીના કોનમાંથી ઇણમેંદી કાઢીને બ્રશની મદદથી હોઠ પર લગાવી દીધી. એ પછી એક કલાક સુધી રાખ્યા પછી પાણી વિના જ કાઢી. એને કારણે હોઠ રંગાઈ ગયા. આ મેંદીનો રંગ કેટલાય દિવસ સુધી તેના હોઠ પર રહ્યો હશે.

## શિયાળામાં કાકડાની સમસ્યા રહેતી હોય અપનાવો આ ઘરેલુ ઉપચાર

શિયાળો આવતાની સાથે જ કેટલીક સમસ્યાઓ લાવે છે. ખાસ કરીને નાકા કાન અને ગળાની બીમારીઓ વધી જાય છે. ઠંડી હવાની સીધી અસર ગળા કરે છે અને તેને લીધે ગળામાં દુખાવો થાય છે. પરંતુ શિયાળામાં ગળાની સમસ્યા પાછળનું કારણ કાકડા વધે તે હોઈ શકે છે.

### કાકડા

તે શરીરનો એક ભાગ છે, જે ગળાની બંને બાજુએ છે. તે શરીરને બાહ્ય ચેપ અને રોગોથી બચાવવામાં મદદ કરે છે. પરંતુ બેક્ટેરિયાના સંપર્કમાં આવવાને કારણે ગળામાં દુખાવો, સોજો વગેરેની ફરિયાદો રહે છે.



### લક્ષણો

કાકડાનાં કારણે ગળામાં અસહ્ય પીડા અનુભવાય છે. જડબાના નીચલા ભાગમાં, પીડા અને સોજો થવાની ફરિયાદો છે. કાનમાં દુખાવો અનુભવાય છે. ખોરાક ગળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પીડાને કારણે વ્યક્તિના સ્વભાવમાં ચીડીયાપણું થાય છે. ગળામાં દુખાવો, બળતરા અને સોજો આવી શકે છે. શરીરમાં થાક, નબળાઇ શરૂ થાય છે.

### ઉપચાર

૧ ગ્લાસ દૂધમાં ૪-૫ તુલસીના પાન ઉકાળો. પછી દૂધ થોડું ગરમ થાય ત્યારે તેમાં ૧/૨ ચમચી મધ નાખો. સુતા પહેલા તેનું સેવન કરવું ફાયદાકારક રહેશે. ૧ ગ્લાસ નવશેકું પાણીમાં ૧ ચમચી મીઠું નાખીને તેની સાથે દિવસમાં બે વાર કોગળા કરો. આદુને પાણીમાં ઉકાળો. સવાર-સાંજ તૈયાર મિશ્રણ પીવાથી ફાયદાકારક રહેશે.

## કાળા તલનું કચરિયું



**સામગ્રી :** ૨ ચમચી – ઘી, ૧/૨ બાઉલ – ગોળ, ૧ બાઉલ – કાળા તલ, ૫–૬ નંગ – ખજૂર, ૧ ચમચી – સૂંઠ, ૧ ચમચી – ગંઠોડા પાવડર, ૧ ચમચી – મગજતરીની બી, ૧ ચમચી – ખસખસ, ૨ ચમચી – સૂકા ટોપરાનું છીણ, ૨ ચમચી – સૂકા મેવાનો પાવડર

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક કડાઇમાં ઘી ગરમ કરી તેમાં વાટકી ગોળ ઉમેરી શેકી લો . ગોળ ઓગળે એટલો જ ગરમ કરો ગેસ બંધ કરી દો. હવે એમાંવાટકી અધકચરા પીસેલા કાળા તલ ઉમેરો. ત્યારબાદ તેમાં ૫–૬ ખજૂરના ઝીણા ટૂકડા નાંખો અને સૂંઠ, ગંઠોડા પાવડર, મગજતરી ના બી, ખસખસ, સૂકા કોપરાનું છીણ, સૂકામેવાનો પાવડર ઉમેરી મિક્સ કરો. ગેસ ચાલુ કરો અને થોડી વાર શેકી લો. હવે થાળી મા ઠારી દો. ઉપરથી મગજતરી, ખસખસથી સજાવી લો.

## અડદિયા પાક



**સામગ્રી :** ૧ લીટર – દૂધ, ૨કિલો – ઘી, ૨૦નંગ – એલચી, ૨ કિલો – અડદનો લોટ, ૨૦નંગ – બદામ, ૨૦નંગ – કાજૂ, ૨૦૦ ગ્રામ – ગુંદર, ૧.૭૫૦ – ગ્રામ ખાંડ, તળેલો ગુંદર, જરૂરિયાત મુજબ – સૂંઠનો પાવડર, જરૂરિયાત મુજબ – ગંઠોળાનો પાવડર, સૂકા નાળિયેરનું છીણ, ખસખસ

**બનાવવાની રીત :** સૌ પ્રથમ દૂધ અને ઘી ગરમ કરો. તેને બરાબર ઉકળવા દો. ગરમ કરેલા દૂધ અને ઘીને અડદના લોટમાં મિક્સ કરો અને તેને બરાબર હળવા હાથે મિક્સ કરી લો. એક પેનમાં ઘી ગરમ કરવા મૂકવું. તેમાં લોટ ઉમેરી ધીમા તાપે લોટ આછા બ્રાઉન રંગનો થાય ત્યાં સુધી શેકવો. લોટ શેકાઈ જાય એટલે ગેસ બંધ કરી ૪–૫ ચમચી ગરમ દૂધ ઉમેરી હલાવવું. ગરમ લોટમાં જ તળેલો ગુંદ, સૂંઠ પાઉડર, ગંઠોળા પાઉડર , સૂકા નાળિયેરનું છીણ, પીપરનો પાઉડર, એલચી તથા જાવંત્રી પાઉડર અને ખસખસ ઉમેરી ૧ મિનિટ હલાવવું. મિશ્રણને હાથમાં લઈ શકાય તેટલું ઠંડુ પડે એટલે તેમાં દળેલી ખાંડ ઉમેરી મિક્સ કરવું. મિશ્રણને થાળીમાં પાથરી અડદિયા પાકના ચોસલા પાડી લો. આ સાથે જ તમારો અડદિયા પાક તૈયાર થઈ જશે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | ■ | ■ | | ■ | ૨૦ | |
| | ■ | | ■ | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | |
| ૨૪ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | ■ | | ■ | ■ |
| ■ | | ■ | ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | | ૩૧ |
| ૩૨ | | ૩૩ | ■ | ૩૪ | | ૩૫ | ■ | ■ | |
| | ■ | ૩૬ | | ■ | ■ | ૩૭ | | | |

**આડી ચાવી :**

(૧) અન્ય પક્ષમાં જવું તે (૫)
(૪) અણબનાવ, કડાકૂટ (૪)
(૭) કોળિયો, ગ્રાસ (૩)
(૯) વિજય, ફતેહ (૨)
(૧૦) પવન (૩)
(૧૨) કરકરિયાવર (૨)
(૧૩) વહાણ, હોડી (૨)
(૧૫) રાજા, નરેન્દ્ર (૩)
(૧૮) અવડ, હવડ (૪)
(૨૦) દ્વેષ, શત્રુવટ (૨)
(૨૧) ચોથા ભાગનું (૧)
(૨૨) ઈતિહાસ (૪)
(૨૪) વારસ વગરનું (૪)
(૨૮) લાડુ (૩)
(૩૦) યમુના નદી (૩)
(૩૨) કાળજું, કલેજું (૩)
(૩૪) રોગ, વાવડ (૩)
(૩૬) કિરણ, રાશ (૨)
(૩૭) ધનુષ (૪)

**ઊભી ચાવી**

(૧) ઉત્તમ (૩)
(૨) પાછું (૩)
(૩) ઘંટડી (૩)
(૪) ધૂર્ત, શઠ (૨)
(૫) કમળ (૩)
(૬) ચાલ, ઝડપ (૨)
(૮) મૂળ ગામ કે દેશ (૩)
(૧૧) બદનામ ફજેત (૩)
(૧૩) ખુવારી, સંહાર (૨)
(૧૪) ઉપનગર (૨)
(૧૬) અશ્વ, ઘોડો (૩)
(૧૭) રાશ, લગામ (૩)
(૧૮) તાબેદાર, વશ (૩)
(૧૯) મદદ, સહાયતા (૩)
(૨૦) દુશ્મન, શત્રુ (૨)
(૨૩) અફવા, ગપ (૩)
(૨૫) બહુબોલું (૩)
(૨૬) પ્રસંગ, વખત (૨)
(૨૭) કાળજી, ચિંતા (૩)
(૨૯) શ્વાસ, જીવ (૨)
(૩૧) પ્રધાન, વજીર (૩)
(૩૨) કવિતા (૨)
(૩૩) જીર્ણ, જર્જર (૨)
(૩૫) કીર્તિ (૨)

ક્રોસવર્ડ ઉકેલ

[illegible]

# એ મારાં ‘અમી’ નથી અને હું એમનો ‘જિગર’ નથી

એ દિવસો પાનખરના હતા.

ગુલમહોર સૂકો ઠૂંઠા જેવો નગ્ન ભાસતો હતો.

લીમડાનાં ખરેલાં પીળાં પાંદડાં હવામાં ફંગોળાતાં હતાં. હવામાન ક્ષુબ્ધ હતું પણ નવજાત શિશુ જેવા પારિજાતને મેં લીલું રાખવા ખૂબ શ્રમ ઉઠાવ્યો હતો.

રોજની જેમ આજે પણ હું ઝારી વડે પારિજાત પર પાણી છાંટતો હતો ત્યાં જ ચંદ્રાવલી આવી પહોંચ્યાં.

‘તમારી છેલ્લી વાર્તા મને ગમી.’

‘થૅંક્યુ !’ મેં આભારની લાગણી વ્યક્ત કરી.

‘તમે કોઈ વાર મારા વિશે વાર્તા લખો ને ?’

‘તમે તમારા હૃદયના અંતરંગ વિશે હજુ કાંઈ જ પરિચય આપ્યો નથી, પછી શું લખું ?’

ચંદ્રાવલી ખૂબ વિશ્વાસસભર સ્વરે બોલ્યાં : ‘આપણી વચ્ચે અવારનવાર જે વાતચીત થાય છે એ શું પૂરતું નથી ?’

‘હં !’ કહેતાં હું થોડોક વિચારમાં પડી ગયો.

— ચન્દ્રાવલી.

સાહિત્યની દુનિયામાં આ એક અમર નામ છે પણ ચન્દ્રાવલી એ મારાં ‘અમી’ નથી અને હું એમનો ‘જિગર’ નથી. હું એમને માનથી બોલાવું છું અને તેઓ પણ મને એટલાં જ સન્માનથી સંબોધે છે. એ રૂપાળાં છે, જાજરમાન છે,

ચાલાક છે પણ આખરે એક સ્ત્રી છે. અલબત્ત, પરિણીત સ્ત્રી છે. સ્ત્રીસહજ બધી જ ખાસિયતો તેઓ ધરાવે છે.

એક વાર મને ચંદ્રાવલી કહે : ‘મારે પણ તમારી કૉલેજમાં આવવું છે. થાય છે કે હું પણ પ્રોફેસર બની જાઉં.’

‘વાહ... એ તો ઘણી જ સારી વાત છે.’

‘તો મને લઈ જાવ ને તમારી કૉલેજમાં.’

‘પણ એક શરત.’

‘બોલો.’

‘સ્ટાફરૂમમાં સદાયે તમારે મારી બાજુમાં બેસવાનું.’

‘મંજૂર.’

‘ચા પણ મારી સાથે જ પીવાની.’

‘એય મંજૂર... બીજું કાંઈ ?’

‘અત્યારે આટલું બસ છે.’ કહેતાં હું હસી પડ્યો હતો.

એટલે કે ચંદ્રાવલી સાથે આવી આવી વાતો કરીએ તોયે એમને કશો વાંધો નહીં. કોઈ વાર તો આપણને એમ થાય કે, જરૂર કરતાં ખૂબ બોલી નાખ્યું. આખરે ચંદ્રાવલીને એમનો આગવો સંસાર છે. એમની આગવી પ્રતિષ્ઠા છે, સુખ છે, સાહ્યબી છે, એમની સાથે આમ મર્યાદા ન ઓળંગાય. પણ તેઓ ખુદ ક્યાં કમ છે ?

એક વાર તો એમણે જ મને કહ્યું : ‘મિસ્ટર, તમારા શર્ટ પર તમારી

પત્નીના અંબોડાનો એક વાળ ચોંટેલો છે.’

મેં તરત જ જવાબ આપ્યો : ‘જુઓ ચંદ્રાવલી ! આમ મારા બેડરૂમ સુધી તમે ન પહોંચો.’

‘કેમ ? મને ખબર પડી જશે કે એ વાળ તમારી પત્નીનો નહીં પણ તમારી કોઈ પ્રેયસીનો છે ?’

મેં વાત બદલવા કોશિશ કરી : ‘મને લાગે છે કે તમારે તમારા પતિ સાથે વારંવાર ઝઘડા થતા હશે.’

‘ખૂબ. હું તો કાયમ ઝઘડ્યા જ કરું છું, સાવ ખરાબ છું, જાવ.’ બોલી રહેલાં ચંદ્રાવલી થોડાંક નારાજ થયાં હોય એમ લાગ્યું.

‘પણ ખરાબ, ખરાબ તોયે તમે મને ગમો છો.’

‘બહુ સારું...’ માંડ એ થોડાં રાજી થયાં હતાં.

— સ્ત્રીઓને આવું જ હોય છે. તમે એમને મળો અને તરત જ એમને

‘ગ્રીટ’ ના કરો તો જાણે કે તમે એમનું અપમાન જ કરી નાખ્યું. રિસાઈ જાય ને કેટલાયે વખત સુધી આપણી સાથે એ બોલે જ નહીં. ના બોલે તો તો ઠીક પણ આપણને ના ગમતું હોય એવું વધારે કરે. આપણે કહીએ કે ફલાણી સાડીમાં તમે સારાં નથી લાગતાં તો એ જ સાડી પહેરીને ફર્યા કરે પણ એવું કરે શા માટે ?


એક સાંજે ચંદ્રાવલી ટેલિવિઝન પર કોઈ કાર્યક્રમ આપવાનાં હતાં. આગલી સાંજે મને કહી ગયેલાં કે, કાલે એમનો ટી.વી. કાર્યક્રમ છે. કાર્યક્રમ મેં નિહાળ્યો.

બીજા દિવસે હું એમને મળ્યો ત્યારે ટી.વી. પર એમણે ગાયેલાં એક ગીતની પંક્તિ મેં હોઠ પર આણી.

‘મને ખબર હતી કે, તમે મારો કાર્યક્રમ જોતા જ હશો !’ ચંદ્રાવલી

હોંશસભર સ્વરે બોલ્યાં.

‘એમ !’ કહેતાં એમનાં ગીતની બીજી એક પંક્તિ પણ મેં




**...એટલે કે ચંદ્રાવલી સાથે આવી આવી વાતો કરીએ તોયે એમને કશો વાંધો નહીં. કોઈ વાર તો આપણને એમ થાય કે, જરૂર કરતાં ખૂબ બોલી નાખ્યું. આખરે ચંદ્રાવલીને એમનો આગવો સંસાર છે. એમની આગવી પ્રતિષ્ઠા છે, સુખ છે, સાહ્યબી છે, એમની સાથે આમ મર્યાદા ન ઓળંગાય. પણ તેઓ ખુદ ક્યાં કમ છે ?**

સંભળાવી.

‘એક વાત કહું ?’

‘હા, કહોને.’

‘કાલે હું કાર્યક્રમ આપતી હતી ત્યારે વચ્ચે વચ્ચે જ મને થતું હતું કે, તમે ટી.વી. સામે બેઠેલા જ હશો અને આવું આવું તો બે-ત્રણ વાર થયું. આખરે એ લાઈવ પ્રોગ્રામ હતો. કોઈ ગરબડ થઈ જાય તો મુશ્કેલી જ થાય ને ! મને વિચાર આવ્યો કે, આવું કેમ થાય છે ?’

— એ પ્રશ્ન તો મારા મગજમાં પણ ઘુમરાય છે કે, આવું કેમ થાય ?

ટેલિવિઝન રોજ માથાના દુઃખાવા જેવા કાર્યક્રમો પ્રસારિત કર્યે જાય છે અને તેથી હું ભાગ્યે જ ટી.વી. સમક્ષ બેસું છું, તો આ કાર્યક્રમ સાંભળવા હું ઉત્સુક કેમ?

વચ્ચે થોડા દિવસ મારે બહારગામ જવાનું થયું એટલે બગીચામાં હું દેખાયો નહીં. કેટલાક દિવસો બાદ હું પાછો આવ્યો પણ ચંદ્રાવલી દેખાયા નહીં.

જાણીબૂઝીને અલોપ રહ્યાં. શાયદ એ નારાજ હતાં.

જ્યારે એ મળ્યાં ત્યારે મેં એમને કહ્યું : ‘હું બહારગામ હતો.’

‘સારું.’

‘પણ જ્યાં હતો ત્યાં તમને યાદ કરતો હતો.’

ચંદ્રાવલીએ થોડી ક્ષણો વિચાર કરીને ગંભીરતાપૂર્વક પૂછ્યું : ‘હું જે સાંભળું છું તે શું સત્ય છે ?’

‘સાચે જ... તમારા સમ.’

‘જવા દો, બધી વાતો છે.’

‘વાતો નહીં, સાચી વાત કહું છું. તમે કુંવારાં હોત તો અપહરણ કરી

જાત.’

‘અરે બાપ ! તમે તો જોખમી માણસ છો.’

— પણ મને થતું કે, શું હું ખરેખર જોખમી માણસ છું ? આખરે મારે ને ચંદ્રાવલીને છે શું ? એ એમના પરિવારમાં સુખી છે, હું પણ મારા કૌટુંબિક જીવનમાં સુખી છું, છતાંયે આ શું ?

આમ જોવા જાવ તો કાંઈ જ નથી અને છતાંયે તમને એવો ભ્રમ ઊભો થશે કે ઘણુંબધું છે. એ વાત સાચી કે, એમને હું નજીકથી ઓળખું છું. હું ચિત્રકાર હોત તો વગર જોયે એમનો ચહેરો દોરી આપત. શિલ્પકાર હોત તો એ ચહેરાનાં જૂજવાં રૂપને મૂર્તિમાં કંડારી દેત : કદી મસ્તીમાં, કદી ગમગીનીમાં, કદી બાળસહજ ગેલમાં તો કદી સ્ત્રીસહજ ઘમંડમાં...! એમનાં વસ્ત્રોને હું ઓળખું છું.

અંધારામાં એમની ચાલ પરથી ઓળખી કાઢું કે આ ચંદ્રાવલી જ છે.

છતાંયે એ સન્માનનીય છે.

હા, કોઈ વાર ચંદ્રાવલીને ‘તું’ કહેવાનું મન થઈ આવે છે. કદી તાજાં જ ખીલેલાં પુષ્પની જેમ એ હસે છે ત્યારે એના પમરાટને સૂંઘી લેવાનું મન થઈ આવે છે. જ્યારે એ નારાજ હોય છે ત્યારે બાળકની જેમ પંપાળીને મનાવી લેવાનું મન થઈ આવે છે. એ રિસાય છે ત્યારે વધુ ને વધુ ચીડવીને રડાવી દેવાની ઈચ્છા થઈ જાય છે અને એનાં ઘમંડમાં જ્યારે નાક ફુલાવે છે ત્યારે એક તમાચો લગાવી દેવા હાથ સળવળી ઊઠે છે.

— કોઈને એમ થશે કે, આ બધું કયા અધિકારે ?

પ્રેમ ?

ના, એ તો બહુ ગવાયેલો, વગોવાયેલો, સમજાયેલો, નહીં સમજાયેલો, સસ્તો ને નામીચો શબ્દ છે.

ઘણીવાર એવું નથી બનતું કે, આપણે કોઈને જોઈએ ને જોતાંની સાથે જ એ વ્યક્તિ આપણને ગમી જાય ! અથવા જોતાં જ એની પ્રત્યે નફરત ઊભી થાય ! આ લાગણી એટલે આવિર્ભાવ.

ચંદ્રાવલી પ્રત્યે મારો અને મારી પ્રત્યે ચંદ્રાવલીનો એકમાત્ર ‘આવિર્ભાવ’ જ છે. કુદરતી રીતે જ પરસ્પર જન્મેલી આ ઊર્મિઓનાં મૂળમાં વાત્સલ્ય હોઈ શકે, રોમાન્સ હોઈ શકે, પ્રણય પણ હોઈ શકે પણ સ્વાર્થ તો નહીં જ. આવો ભાવ કોઈપણ વ્યક્તિને ક્યારેય પણ જન્મી શકે છે. પછી તે પરિણીત પુરુષ હોય કે લૂંટાયેલા સુહાગથી અટૂલી પડી ગયેલ વિધવા હોય. આવી લાગણી દરેકને જન્મતી હોય છે પણ એકરાર ઓછાં જણ કરતાં હોય છે.

અને...

બગીચામાં હજુયે ઊભેલાં ચંદ્રાવલીને મેં કહ્યું : ‘સારું... તમારા વિશે હું વાર્તા લખી નાખીશ.’

ચંદ્રાવલી ખુશ હતાં.

તેઓ મારી નજીક આવ્યાં, પાણી છાંટવાની ઝારી મારા હાથમાંથી લઈ લેતાં બોલ્યાં : ‘લાવો... પારિજાતને હું પાણી છાંટી દઉં.’

ઝારી તો એમણે લઈ લીધી.

પણ એમ કરતાં મારા હાથ સાથે એમનો હાથ સ્પર્શી ગયો. મને એ ગમ્યું હતું.


હવે કોઈ વાર સૂરજ ડૂબી ગયા બાદ ચંદ્રાવલી ક્યાંક એકલાં ભેટી જાય તો...?

— જવા દો વાત, બધું કહી દેવાનું ના હોય.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102


## જાણવા જેવું

### ઇજિપ્તનો વિરાટ કરોળિયો કેમલ સ્પાઈડર



ઇજિપ્તની દંતકથાઓમાં ભયાનક હિસંક અને વિરાટ કદના વીંછી, કરોળિયા અને કીડી જેવા જંતુઓની ઘણી વાતો પ્રચલિત છે. આ વાતો અતિશયોક્તિ ભરેલી હોય છે. પરંતુ ઇજિપ્તમાં જોવા મળતા કેમલ સ્પાઇડર કરોળિયા કદમાં ભલે નાના હોય પણ ભયાનક અને હિંસક તો હોય છે. રણપ્રદેશમાં થતા આ કરોળિયા ૨ ફૂટ લાંબા હોય છે. તેને આઠ પગ હોય છે. કેમલ સ્પાઈડરમાં પણ જુદી– જુદી હજાર જાત જોવા મળે છે. આ કરોળિયાના માથામાં બે ડંખ હોય છે. તેને દાંત હોતા નથી પણ ડંખમાંથી નીકળતું તેજાબી ઝેરી પ્રવાહી શિકારની ચામડીને બાળી નાખે છે. આ કરોળિયા ઊંઘતા ઊંટનું પેટ ચીરીને ખાઈ જાય છે. કરોળિયાના આઠે પગમાં ઘણા સાંધા હોય છે. તે ઝડપથી દોડી શકે છે. તેના પાછલા પગમાં સૂક્ષ્મવાળ હોય છે. તેના વડે નજીકમાં થતું હલનચલન પારખી શકે છે. તેની મોટી આંખ આકારોને ઓળખી શકે છે. આ કરોળિયાનો દુશ્મન વીંછી છે. કરોળિયા અને વીંછીની લડાઈ જોવા જેવી હોય છે. ઇજિપ્તના આદિવાસીઓ કરોળિયા અને વીંછીને પકડીને તેને લડાવે છે અને તે જોવાનો આનંદ માણે છે.

### ઘર્ષણમાંથી અગ્નિ ઉત્પન્ન કરવાનો ઇતિહાસ



લોખંડની બે ચીજો જોરથી અથડાય તો પણ તણખાં ઝરે છે. કેટલીક જાતના પથ્થરો પણ પરસ્પર અથડાય તો તણખા ઊડે છે. ઘર્ષણ અને આઘાતથી ગરમી ઉત્પન્ન થાય છે. લોખંડની ચીજો અથડાય ત્યારે તેની સૂક્ષ્મ રજકણો ઊડતી હોય છે. આઘાતથી ઉત્પન્ન થયેલી ગરમીથી આ રજકણો પણ ગરમ થાય છે. અને તે સૂક્ષ્મ હોવાથી તરત જ લાલ રંગની થઈ જાય છે. એટલે તણખા એ ખરેખર તો લોખંડની ગરમ થયેલી રજકણો છે. ઘર્ષણ અને આઘાતથી ઊર્જા છૂટી પડે છે. અને તેનું પ્રમાણ વધુ તો નજીકમાં રહેલી વસ્તુને સળગાવે છે. તીવ્ર પવનોને કારણે જંગલના વૃક્ષોની ડાળીઓ સતત ઘસાય ત્યારે પણ તણખા ઉત્પન્ન થઈ જંગલમાં આગ પણ લાગે છે. અગ્નિ હંમેશા ઘર્ષણમાંથી જ મળતો આવ્યો છે. દિવાસળીની શોધ થયા પછી પણ દિવાસળી અને પેટી પરની પટ્ટીના ઘર્ષણથી જ અગ્નિ પ્રગટ થાય છે. ગેસ લાઈટરમાં પણ પીઝો ધાતુના ટુકડા પર પ્રહાર કરીને અગ્નિ તણખો ઉત્પન્ન થાય છે. વીજળીની શોધ થયા પછી વીજપ્રવાહમાંથી ગરમી પેદા કરવાની પદ્ધતિઓ શોધાઈ.

# બ્રિટનમાં કોરોનાના નવા લક્ષણો દેખાયા, કેસ વધ્યા

## નવા વાઈરસ દક્ષિણ આફ્રિકામાં જોવા મળેલા ઈ૪૮૪કે વાઈરસ જેવા જ લક્ષણો ધરાવે છે

લંડન : બ્રિટનના કેટલાક વિસ્તારોમાં જેનેટિક પરિવર્તન સાથે નવા લક્ષણો ધરાવતા વાઈરસ અંગે જાહેર આરોગ્ય વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. થયેલા પરીક્ષણ કહે છે કે નવા વાઈરસ દક્ષિણ આફ્રિકામાં જોવા મળેલા ઈ૪૮૪કે વાઈરસ જેવા જ લક્ષણો ધરાવે છે. બ્રિસ્ટલમાં નવા સ્ટ્રેનના ૧૧ કેસ તો લિવરપૂલમાં નવા સ્ટ્રેનના ૩૨ કેસ નોંધાયા છે. સાઉથ આફ્રિકાના આ સ્ટ્રેન સંબંધે તાકીદે ટેસ્ટિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. કેન્ટ વિસ્તારમાંથી લેવામાં આવેલા ૨,૧૪,૧૫૯ નમૂના પૈકી ૧૧ કેસમાં નવા સ્ટ્રેન સામે આવ્યા છે. બ્રિટનમાં આ પહેલાં જે નવો સ્ટ્રેન સામે આવ્યો હતો, તેમાં પણ ફેરફાર થતાં નિષ્ણાતો ચિંતા




અનુભવી રહ્યા છે. તેમનું માનવું છે કે નવો સ્ટ્રેન વધુ સંક્રમક છે. અને તાજેતરમાં હાથ ધરવામાં આવેલા રસીકરણને ઉભી થનારી રોગ પ્રતિકાર શક્તિનું પણ ધોવાણ કરી શકે છે. બ્રિટન વિશ્વમાં ચોથા ક્રમે સૌથી વધુ કેસ ધરાવે છે. આ દરમિયાન વિશ્વમાં કોરોના દર્દીનો કુલ આંકડો ૧૦.૪૩ કરોડને પાર કરી ચૂક્યો છે. જોકે ૭.૬૨ લાખથી વધુ લોકો સાજા થઈ ચૂક્યા છે. વિશ્વમાં ૨૨.૬૨ લાખ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. વિશ્વ આરોગ્ય સંગઠનના વડા ઘેબ્રિસિયને જણાવ્યું હતું કે વેક્સિનના મુદ્દે રાષ્ટ્રવાદની નીતિ અપનાવવી ખોટી છે. તેમણે કહ્યું કે તમામ દેશ તેમ કરવા લાગશે તો વાઈરસના નવા સ્ટ્રેન વધવાનો ખતરો છે.

# સાઉદી અરેબિયાએ ભારત સહિતનાં ૨૦ દેશની ફ્લાઈટ પર પ્રતિબંધ લાદ્યો

**• આ પ્રતિબંધથી સાઉદીમાં રોજગારી મેળવતા ભારત અને પાકિસ્તાનનાં કામદારોને અસર થશે**

રિયાધ : કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયાએ ૨૦ દેશોમાં આવતી ફ્લાઈટ પર પ્રતિબંધ લગાવી દીધો છે, સાઉદી સરકારનાં જણાવ્યા પ્રમાણે આ પ્રતિબંધ કેટલાક દિવસો માટે છે, અને બુધવાર રાત્રે ૯ વાગ્યાથી અમલી બનશે, આ પ્રતિબંધ ભારત, પાકિસ્તાન, ઈજીપ્ત, UAE, લેબનોન, જર્મની, બ્રિટન, આયર્લેન્ડ, ઈટાલી, અમેરિકા સહિતનાં ૨૦ દેશોની હવાઈ સેવા પર અમલી બનશે, આ પ્રતિબંધથી ભારત અને પાકિસ્તાનનાં કામદારોને અસર થશે કારણ કે આ લોકો ત્યાં રોજગાર માટે જાય છે.

જો કે સાઉદી અરેબિયા પોતાના વ્યાપારને કોઈ પણ કિંમત પર અસર થવા નહીં દે, અને આ પ્રતિબંધ રાજદુતો, સાઉદી નાગરિકો, અને ડોક્ટરો તથા તેમના પરિવારો પર લાગુ પડશે નહીં, અત્રે ઉલ્લેખનિય છે કે જે દેશો પર યાત્રા પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તેમાં મોટાભાગનાં દેશોમાં કોરોનાનાં કેસ ફરીથી વધી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે પહેલા બ્રિટનથી આવનારા કોરોનાનાં નવા વેરિયેન્ટનાં કારણે ડિસેમ્બરમાં પણ પ્રતિબંધ લગાવવામમાં આવ્યા હતાં. અને ૩ જાન્યુઆરીથી હવાઈ સેવા ફરીથી શરૂ કરવામાં આવી હતી, રોયટર્સનાં જણાવ્યા પ્રમાણે આ પગલુ રિયાધની ઘોષણા બાદ લેવામાં આવ્યું છે, UAE એ પણ ૩૧ માર્ચથી ૧૭ મે સુધી પોતાના તમામ બંદરો ખોલવાની ઘોષણા કરી હતી.

# ચીનમાં કોરોનાની બનાવટી રસીની દાણચોરી કરતાં ૮૦ જણાની ધરપકડ

**• એનએચએસ માટે ભંડોળ ઉઘરાવનારા ૧૦૦ વર્ષના કેપ્ટન મૂરનું કોરોનાથી મોત**

બેઈજિંગ : ચીને કોરોનાની બનાવટી રસી પુરી પાડનારા અને તેની દાણચોરી કરનારા ૮૦ જણાની ધરપકડ કરી છે. ગ્લોબલ ટાઈમ્સે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે બનાવટી રસીઓ આફ્રિકામાં પહોંચી ગઈ છે. ચીને ખાસ ઝૂંબેશ હાથ ધરી આ ધરપકડો કરવા ઉપરાંત બનાવટી રસીના ૩૦૦૦ ડોઝ જપ્ત કર્યા હતા.

પૂર્વ ચીનના જિઆંગસુ અને શાનડોંગ પ્રાંતમાં પોલીસે સહિયારી કામગીરી કરી આ દરોડા પાડયા હતા. કોરોના રસી સબંધિત ગુનાખોરી અન્ય શહેરોમાં પણ પ્રસરી ગઈ છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર આરોપીઓ સેલાઈન ભરેલી સિરિન્જો દ્વારા બનાવટી રસી આપી મોટા પ્રમાણમાં નાણાં પડાવે છે. આ દાણચોરોએ તેમની બનાવટી રસીઓ આફ્રિકામાં પણ પહોંચાડી દીધી હોવાનું મનાય છે.

બીજા વિશ્વ યુદ્ધમાં બ્રિટન તરફથી લડનારા કેપ્ટન ટોમ મૂરનું ૧૦૦ વર્ષની વયે કોરોનાના કારણે મોત થયું હતું. કેપ્ટન ટોમ મૂર બ્રિટનમાં કોરોનાની પહેલી લહેર વખતે ૧૦૦ વર્ષની જૈફ વયે નેશનલ હેલ્થ સર્વિસ માટે ભંડોળ એકત્ર કરવા પોતાના બેકયાર્ડમાં કોઈપણ ટેકા વિના ૧૦૦ પગલાં ચાલવા માટે દેશભરમાં ખ્યાતી પામ્યા હતા. ચીનમાં હાલ ૧૬ કોરોના રસીઓની કલિનિકલ ટ્રાયલ ચાલુ છે જેમાંથી સાત રસીઓની ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ થઈ છે. ચીને જણાવ્યું હતું કે ૪૬ દેશોએ તેમની કોરોનાની રસીની આયાત કરવાની ઈચ્છા દર્શાવી છે.

### ઇક્વાડોર : કોરોનાની નકલી રસી પધરાવી કરોડો રૂપિયા વસૂલ્યા

ક્વિટો : હાલ ભારત સહિતના દેશોમાં કોરોના સામે લડવા માટે રસીકરણ અભિયાન ચલાવાઇ રહ્યું છે. ત્યારે બીજી તરફ એક દેશમાં નકલી રસી આપીને કરોડો રૂપિયાની કમાણી કરી લેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. દક્ષિણ અમેરિકામાં ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીંના ઇક્વાડોરમાં આશરે ૭૦ હજાર લોકોને નકલી રસી પધરાવી દેવામાં આવી અને બદલામાં એક ડોઝનો ચાર્જ ૧૧૦૦ રૂપિયા વસુલવામાં આવ્યો છે. આ માહિતી બહાર આવ્યા બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને હવે તેઓ પોતાના પૈસા પરત માગી રહ્યા છે. ઇક્વાડોરમાં ૭૦ હજાર નાગરિકોને કોરોનાની રસી આપવા માટે એક પ્રાઇવેટ ક્લીનિકની મદદ લેવામાં આવી હતી.

### અમેરિકા : કોરોના વિરોધી રસીનો બીજો ડોઝ લીધા બાદ સાંસદ સંક્રમિત

અમેરિકાના ૬૫ વર્ષીય મેસેચ્યૂસેટના ડેમોક્રેટ કોંગ્રેસમેન સ્ટીવન લિન્ચ કોરોનાથી સંક્રમિત થયા છે. લિન્ચે ગત મહિને જ કોરોના વિરોધી ફાઈઝર રસી મૂકાવી હતી, તેમ છતાં તેમને કોરોનાનો ચેપ લાગ્યો છે. તેમના પ્રવક્તાએ જાહેરાત કરી છે કે, તેમની બોસ્ટન ઓફિસના એક કર્મચારીને કોરોનાનો ચેપ લાગ્યો હતો, જે પછી તેમનો ટેસ્ટ પણ પોઝિટીવ આવ્યો છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં કોંગ્રેસના કેટલાક સભ્યોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. લિન્ચના કોમ્યુનિકેશન ડાયરેક્ટર મોલી રોઝ ટારપેએ જણાવ્યું કે, લિન્ચે ફાઈઝર રસીનો બીજો ડોઝ લીધો હતો અને જ્યારે તેઓએ બાઈડેનના શપથગ્રહણ સમારંભમાં હાજરી આપી ત્યારે તેમનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો.

### જાપાન : આગામી ૭ માર્ચ સુધી ઇમરજન્સી લંબાવવા નિર્ણય

જાપાનનાં પીએમ યોશિહિડે સુગાએ દેશમાં ૭ માર્ચ સુધી ઈમરજન્સી લંબાવી છે. કોરોનાના કેસમાં ઝડપી વધારો થતા આ પગલું લેવાયું છે. જાપાનમાં ૩,૮૯,૫૧૮ લોકો કોરોનાનાં સપાટામાં આવી ગયા છે. જેમાં ૫૭૨૨નાં મોત થયાં છે. ૪૯,૬૭૧ની સારવાર ચાલી રહી છે. બીજી તરફ ચીન નકલી વેક્સિનથી પરેશાન છે. દેશમાં હવે તેની વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને ૮૦ લોકોને પકડવામાં આવ્યા છે. ૩ શહેરમાંથી ૩૦૦૦ નકલી ડોઝ જપ્ત કરવામાં આવ્યા છે. આખા વિશ્વમાં ૨૨,૫૦,૨૪૫ લોકોનાં કોરોનાથી મોત થયા છે. કુલ સંક્રમિતોની સંખ્યા ૧૦,૪૦,૩૦,૮૬૮ થઈ છે. જો કે સારવારને કારણે ૭,૫૮,૬૭,૮૮૩ લોકો સાજા થયા છે.

### વોશિંગ્ટન : સંસ્થા દ્વારા ૧૫૦૦ જેટલા વોલન્ટિયર્સને ખોટા ડોઝ અપાયા

ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકાની વેક્સિનની આખા વિશ્વમાં માંગ છે પણ ત્રીજા તબક્કાની ટ્રાયલમાં વોલન્ટિયર્સને આ કોરોના વેક્સિનનાં ખોટા ડોઝ અપાઈ ગયા હતા. આ વાત છુપાવવામાં આવી હતી. સંસ્થા દ્વારા ૧૫૦૦ વોલન્ટિયર્સને ખોટા ડોઝ અપાયા હતા. તેની જાણ ડોઝ લેનારા વોલન્ટિયર્સને પણ કરાઈ ન હતી. તેમની પર અલગ અલગ ડોઝની ટ્રાયલ લેવાઈ રહી છે તેવો માહોલ ઊભો કરાયો હતો. ૮ જૂને ઓક્સફર્ડનાં સંશોધકોને એક પત્રમાં જાણ કરાઈ હતી કે અલગ અલગ ડોઝ આપવા છતાં વેક્સિન સારી રીતે કામ કરી રહી છે. આ પત્ર એક સમાચાર સંસ્થાનાં હાથમાં આવી જતા ખુલાસો થયો હતો. વોલન્ટિયર્સને અડધા ડોઝ આપવામાં આવ્યા હતા.

# UAEમાં કામ કરતા લાખો ભારતીયો માટે ખુશખબર, હવે મળશે નાગરિકતા

## પ્રોફેશનલ વિદેશી નાગરિકોને તેની નાગરિકતા આપશે

દુબઈ : સંયુક્ત આરબ અમીરાતમાં કામ કરતા લાખો ભારતીયો માટે સારા સમાચાર છે. યુએઈએ જાહેરાત કરી હતી કે તે પ્રોફેશનલ વિદેશી નાગરિકોને તેની નાગરિકતા આપશે. કોવિડ -૧૯ રોગચાળા વચ્ચે અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. મહત્વની બાબત એ છે કે અહીંના કામદારોને જ નહીં, પરંતુ તેમના પરિવારોને પણ નાગરિકત્વ આપવામાં આવશે.

દુબઈના શાસક, વડા પ્રધાન અને દેશના ઉપરાષ્ટ્રપતિ, શેખ મોહમ્મદ બિન અલ મક્તુમે જાહેરાત કરી કે કલાકારો, લેખકો, ડોકટરો, ઈજનેરો અને વૈજ્ઞાનિકો તેમ જ તેમના પરિવારો નાગરિકત્વ માટે અરજી કરી શકે છે. તેઓ યુએઈના નાગરિક બન્યા પછી પણ તેમની જૂની નાગરિકતા પણ જાળવી શકે છે.

જો કે, હજી સુધી તે સ્પષ્ટ નથી થયું કે નાગરિકત્વ મેળવનારા વિદેશી નાગરિકોને પણ મૂળ નાગરિકો જેવા જ અધિકાર આપવામાં આવશે કે કેમ. હજી સુધી, અહીં કામ કરતા વિદેશી લોકોને નોકરી અથવા કામ દરમિયાન જ વર્ક વિઝા મળે છે જે રિન્યૂ થઈ જાય છે. જો કે, તાજેતરના વર્ષોમાં, વિઝા નિયમો હળવા કરવામાં આવ્યા છે જેના કારણે ખાસ રોકાણકારો, વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ વધુ સમય માટે દેશમાં રહી શકે છે.

# બાઈડેને પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈમિગ્રેશન પોલિસી અંગે લીધેલા નિર્ણયો રદ કર્યા

## ખરડાયેલી અમેરિકાની છાપ સુધારવા બાઈડેનના પ્રયાસો

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન પોલિસી અંગે લીધેલા આકરા નિર્ણયો રદ કર્યા છે. તેમણે આ માટેના ત્રણ ઈમિગ્રેશન ઓર્ડરો પર સહી કરતા જણાવ્યું હતું કે કાયદાકીય ઈમિગ્રેશન પ્રણાલી યોગ્ય, વ્યવસ્થિત અને માનવીય હોવી જોઈએ. ટ્રમ્પની આકરી ઈમિગ્રેશન પોલિસીના લીધે કુટુંબો પાસેથી બાળકો છીનવી લેવા પડયા હતા.

વર્તમાન નીતિઓની સમીક્ષા અને વિવિધ ફેડરલ એજન્સીઓ દ્વારા ૬૦થી ૧૮૦ દિવસની કરવામાં આવેલી ભલામણોના લીધે અમેરિકન નાગરિકત્વનું સ્વપ્ન સેવતા હજારો ભારતીય વ્યવસાયિકોને ફાયદો થયો છે. બાઈડેને જણાવ્યું હતું કે હું નવો કાયદો બનાવતો નથી, પરંતુ જૂનો કાયદો નાબૂદ કરું છું. બાઈડેને વ્હાઈટહાઉસમાં બેઠાં પછી ઢગલાબંધ એક્ઝિક્યુટિવ ઓર્ડરો પર સહી કરી છે. આપણે યોગ્ય, વ્યવસ્થિત અને માનવીય કાયદાકીય ઈમિગ્રેશન પોલિસી દ્વારા અમેરિકાને વધારે સલામત, મજબૂત અને વધારે સમૃદ્ધ બનાવી શકીશું. તેમણે જણાવ્યું હતું કે એક્ઝિક્યુટિવ ઓર્ડરોનું ધ્યેય ઈમિગ્રેશન સિસ્ટમને વધારે મજબૂત બનાવવાનું છે. તેમણે કહ્યું હતું કે અમુક દેશોના મુસ્લિમોના આગમન પર પ્રતિબંધ દૂર કરવો, અમેરિકાનું સ્વપ્ન સેવનારાઓને બચાવવા તે તેમની હોદ્દો સંભાળ્યાના પહેલા દિવસની જ નેમ છે.

## ઓસ્ટ્રેલિયામાં ફરી આફત : વુરૂલુ, મુનડેરિંગ, સવાન શહેર સુધી આગ પ્રસરતાં ખોફનો માહોલ

# ૭000 હેક્ટરમાં આગ, અનેક મકાનો થયા ખાક

**• ઓરીયલ વોટર ટેન્કરોની મદદ લેવાઈ, હવામાને પણ આગમાં વધારો કર્યો**

પર્થ : ઓસ્ટ્રેલિયાના પશ્ચિમી દરિયા કિનારાના શહેર પર્થની ઉત્તરપૂર્વમાં લાગેલી ભિષણ આગમાં આશરે ૬૦ મકાન બળીને ખાક થઈ ગયા હતા અને સત્તાવાળાઓને ભય હતો કે આગમાં હજુ પણ વધુ મકાનો લપેટાઈ શકે છે. સ્થાનિકોએ કહ્યું હતું કે હવે ખુબ મોડું થઈ ગયું છે, આગ પર કાબુ મેળવવું મુશ્કેલ બનશે.

લગભગ ૭000 હેકટરની આગ ૬૦ કિમી સુધી પ્રસરી ગઈ હતી. સોમવાર રાતથી આગની શરૂઆત થઈ હતી જે છેક વહેલી સવાર સુધી બુઝાવી શકાઈ ન હતી.આગ વુરૂલુથી શરૂ થઈને મુનડેરિંગ,ચિટરિંગ, નોર્હામ અને સ્વાન શહેર સુધી પ્રસરી જતા સત્તાવાળા ચિંતિત બન્યા હતા. સ્વાનના મેયર કેવિન બેઈલીએ કહ્યું હતું કે ૩0 કરતાં વધુ મકાનો આગમાં લપેટાયા હતા.' અમે ઘરના સભ્યો તરફથી આગના સમાચારની પુષ્ટીની રાહ જોઈ રહ્યા છીએ, જો કે અમે ૩0 કરતાં પણ વધુ ઘરોને અસર કરી હોય એવું માની રહ્યા છીએ' તેમણે માધ્યમોને કહ્યું હતું. આગ બુઝાવવાની કામગીરી કરતાં કરતા એક ફાયરફાઈટરને ધુમાડાની ગંભીર અસર થઈ હોવાનું તેમણે કહ્યું હતું. તે સિવાય અન્ય કોઈ ઘાયલ થયો નહતો. પશ્ચિમી ઓસ્ટ્રેલિયા રાજ્યના ફાયર વિભાગે કહ્યું હતું કે મંગળવાર સુધીમાં ૬૬૬૭ હેકટર જમીનમાં આગ પ્રસરી ગઈ હતી. વુરૂલુથી વાલિયુંગા નેશનલ પાર્ક સુધી મંગળવારે ૨૫ કિમીના વિસ્તારમાં રહેતા લોકોને ત્યાંથી ખસી જવા તૈયાર રહેવા ચેતવણી અપાઈ હતી.



## બાઈડને ફાઈટર પ્લેન F-15EX ભારતને આપવા લીલીઝંડી આપી

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ જો બિડેને ભારત તરફ પોતાની મિત્રતાનો હાથ આગળ કર્યો છે. બાઈનની ટીમે અત્યાધુનિક ફાઈટર પ્લેન F-15EX આપવાની મંજુરી આપી છે. હવે ભારતીય એર ફોર્સને ઝડપથી F-15EX વિમાન મળી શકે છે.



બોઈંગ ઈન્ટરનેશનલ સેલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ પાર્ટરશિપ્સની વીપી મારિયા એચ લેને સમચારને સમર્થન આપ્યું છે. તેમણે જણાવ્યું કે ભારત અને અમેરિકાની સરકારો વચ્ચે વાતચીત થઈ છે. બંને દેશોની વાયુ સેનાઓએ F-15EX ને માહિતીનું આદાન-પ્રદાન કર્યું છે. અમેરિકાની સરકારે ભારતને F-15EX વિમાન આપવાના અમારા લાયસન્સ સંબંધી પ્રસ્તાવને મંજુરી આપી છે.

ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન એર ફોર્સમાં રાફેલ બાદ અમેરિકાની ફાઈટર પ્લેન બનાવતી કંપની બાઈંગનું F-15EX વિમાન આવતા સૈન્યની તાકતમાં વધારો થશે. F-15EX વિમાન બોઈંગના F-15ની શ્રેણીનુ વિમાન છે. F-15EX તમામ પ્રકારના હવામાનમાં કારગર છે.

## અમેરિકાના ઓકલાહામામાં પાંચ બાળકો સહિત છની હત્યા : બંદુકધારીની ધરપકડ

**• અન્ય ઘટનામાં ફ્લોરિડામાં વોરંટ બજાવવા ગયેલી FBIની ટીમ પર ગોળીબાર : બેનાં મોત, ત્રણ ઘાયલ**

ઓકલાહામા : અમેરિકામાં ગન કલ્ચરે વધુ છ જણાનો ભોગ લીધો હતો. ઓકલાહોમામાં આજે પાંચ બાળકો સહિત છ જણાની એક અજાણ્યા બંદુકધારીએ હત્યા કરતા વિસ્તારમાં ચકચાર મચી હતી. પોલીસે બંદુકધારીની ધરપકડ કરી હતી. તુલ્સાની દક્ષિણપૂર્વ ૭૨ કિમી દૂર મુસ્કોગી ખાતે બપોરે દાઢ વાગે ગોળીબારની ઘટના બની હોવાનું



પોલીસને ફોમ મળતા તરત જ પોલીસ ટીમ ઘટના સૂથળે ધસી ગઈ હતી, એમ પોલીસે એક યાદીમાં કહ્યું હતું. ઘટના સૃથળે પહોંચ્યા પછી ઘરમાંથી એક વ્યક્તિને બંદુક સાથે બહાર નીકળતા જોઈ પોલીસે તરત સજ તેની ધરપકડ કરી હતી. ઘટના સૃથળે પહોંચેલી પોલીસ ટીમને ઘરમાં ચાર બાળકો સહિત પાંચના મૃત્ય મળ્યા હતા. હોસ્પિટલ ખસેડાયા પછી પાંચ બાળકો મોતને ભેટયા હતા. પોલીસ અને હોસ્પિટલના સત્તાવાળાઓએ કહ્યું હતું કે મહિલાની તબીયત ખુબ જ ગંભીર હતી. દરમિયાનમાં એફબીઆઈએ કહ્યું હતું કે તેની ટીમ ફ્લોરીડાના સનરાઈઝમાં વોરંટ બજાવવા ગઈ ત્યારે તેના પર ગોળીબાર થયો હતો જેમાં બે એજન્ટના મોત થયા હતા જ્યારે ત્રણને ઈજા થઈ હતી.

## એમેઝોનના CEO પદથી રાજીનામુ આપશે બેઝોસ, એન્ડી જેસી જવાબદારી સંભાળશે

વોશિંગ્ટન : એમેઝોનના મુખ્ય કાર્યકારી અધિકારી જેફ બેઝોસ પોતાના પદેથી રાજીનામુ આપવાના છે. તેઓ આ વર્ષના અંત સુધી પદ છોડી દેશે. બેઝોસે એક પત્ર લખીને પોતાના કર્મચારીઓને આ નિર્ણયથી અવગત કર્યા છે. મંગળવારે લખેલા પત્રમાં તેમણે કહ્યુ કે તેઓ કંપનીમાં CEOની ભૂમિકા છોડી રહ્યા છે. તેમના સ્થાને એન્ડી જેસીને CEO બનાવવામાં આવ્યા છે.

**ગયા વર્ષે ખૂબ કમાણી થઈ**

જેફ બેઝોસે પત્રમાં લખ્યુ છે, હુ એ જાહેરાત કરતા ઉત્સાહિત છુ કે હુ



એમેઝોન કાર્યકારી અધ્યક્ષની ભૂમિકા નિભાવીશ અને એન્ડી જેસી કંપનીની નવા CEO હશે. જેસી વર્તમાનમાં એમેઝોન વેબ સર્વિસના પ્રમુખ છે. બેઝોસે આ જાહેરાત એવા સમયે કરી છે જ્યારે એમેઝોનના ૩૧ ડિસેમ્બર ૨૦૨૦એ સમાપ્ત પોતાની ચોથા ત્રિમાસિક માટે નાણાકીય પરિણામ જારી કર્યા છે. કંપનીના ૨૦૨૦ના છેલ્લા ત્રણ મહિનામાં ૧૦૦ બિલિયન ડૉલરનુ વેચાણ કર્યુ છે. જેફ બેઝોસે એમેઝોનના એક સ્ટાર્ટઅપ તરીકે ૧૯૯૫માં લોન્ચ કરવામાં આવ્યા હતા અને આજે આ દુનિયાની સૌથી મોટી ઈ-કોમર્સ કંપનીઓમાં શુમાર છે. તેમણે પત્રમાં આગળ લખ્યુ છે હુ પોતાની આ નવી ભૂમિકામાં પોતાની પૂરી ઉર્જા સાથે નવા ઉત્પાદો પર ધ્યાન કેન્દ્રિત કરીશ.

## ચીની ઉદ્યોગ સાહસિકોની યાદીમાંથી અલીબાબાના જેક માની બાદબાકી

**• સરકારી નિયમનકારોની ટીકા કરવી જેક માને ભારે પડી**

શાંઘાઈ : ચીનના સરકારી પ્રસાર માધ્યમોએ પ્રકાશિત કરેલા ચીનના મહાન ઉદ્યોગસાહસિકોની યાદીમાંથી જેક માની બાદબાકી થઈ ગઈ છે. તેના પરથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે અલીબાબા ચીનની સામ્યવાદી સરકારે દોરેલી લાઈન ક્રોસ કરી ગયુ છે અને હવે તે સરકારની ગુડબૂકમાં નથી.

માએ એકલા હાથે દેશની સૌથી મોટી કંપનીનું સર્જન કર્યુ હતુ, આમ છતાં પણ શાંઘાઈ સિક્યોરિટીઝ ન્યુઝની ફ્રન્ટ પેજ કોમેન્ટેટરોમાં ટેકનોલોજીના ખેરખાઓની વાત કરવામાં આવી ત્યારે તેમના અંગે શબ્દ સુદ્ધા ઉચ્ચારાયો ન હતો.

તેના બદલે સત્તાવાર ચાઈનીઝ અખબારે તેમના કટ્ટર હરીફ પોની માને મોબાઈલ યુગનું નવેસરથી આલેખન કરી રહ્યા હોવા પર પૂરૂં પેપર રજૂ કર્યુ હતુ. ટેન્સેન્ટ હોલ્ડિંગ્સ તેમની માલિકીની કંપની છે. આ ઉપરાંત આ યાદીમાં બીવાયડી કંપનીના ચેરમેન વાંગ ચુઆન્ફુ, શાઓમીના સહસ્થાપક લેઈ જુન અને હુવેઈ ટેકનોલોજીસના રેન ઝેન્ગફેઈનો સમાવેશ થાય છે.

## પાકિસ્તાન આતંકવાદીઓને ઘૂસાડવા સરહદ પરના જંગલોમાં આગ લગાવે છે

ઈસ્લામાબાદ : જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ ઘુસાડવા માટે હંમેથા ધમપછાડા કરતા પાકિસ્તાનને આજકાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરહદ પર સુરક્ષાદળોની એલર્ટનેસના કારણે આતંકવાદીઓને ઘૂસાડવાનુ અઘરુ થઈ રહ્યુ હોવાથી હવે પાકિસ્તાન નવા હથકંડાઓ અપનાવી રહ્યુ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે સોમવારે મોડી રાતે મેંઢર સેકટરમાં જંગલમાં આગની લપેટો જોવા મળી હતી. એ પછી આ આગ વધારે પ્રસરી હતી. સમગ્ર વિસ્તારમાં ધૂમાડાના ગોટે ગોટા ઉઠી રહ્યા છે. એવુ મનાઈ રહ્યુ છે કે, આતંકવાદીઓને ઘૂસાડવા માટે પાકિસ્તાન દ્વારા આ હરકત કરવામા આવી છે. આ પહેલા પણ પાકિસ્તાન પોતાની સરહદ પરથ આગ લગાવી ચુક્યુ છે. જેથી સુરંગોને તબાહ કરીને આતંકવાદીઓની ઘૂસણખોરીને વધારે આસાન બનાવી શકાય.

## ઈલોન મસ્કની કંપનીનો પ્રયોગઃ વાનરના મગજમાં વીડિયો ગેમ અંગેનું વાયરિંગ કર્યુ

**• ન્યુરાલિન્કનું ધ્યેય માનવ મગજમાંથી મશીનમાં જતી માહિતીનો પ્રવાહ વધારવાનું છે**

સાન ફ્રાન્સિસ્કો : ટેસલાના સીઈઓ ઈલન મસ્કે જણાવ્યું હતું કે તેમણે સ્થાપેલી કંપની ન્યુરાલિન્ક દ્વારા વાનરના મગજને એ રીતે વાયર્ડ કરવામાં આવ્યું છે કે તે વિડિયો ગેમ્સ રમી શકે. કંપનીએ વાનરની ખોપડીમાં કમ્પ્યુટર ચીપ મુકીને તેને બારીક વાયર વડે મગજ સાથે જોડી દીધી છે.

સીએનબીસીએ આ બાબતે અહેવાલ આપતાં જણાવ્યું હતું કે આ વાયરિંગ બાદ વાનર ખુશ જણાતો હતો. ન્યુરાલિન્ક દ્વારા કરવામાં આવેલી આ શસ્ત્રક્રિયા યુએસના ધારાધોરણો અનુસાર કરવામાં આવી છે. મસ્કે નવી સોશ્યલ મિડિયા કલબ હાઉસ એપ દ્વારા વાતચીત કરતાં જણાવ્યું હતું કે તમે જોશો તો તમને ખબર પણ નહીં પડે કે ન્યુરલ ઈન્પ્લાન્ટ ક્યાં કરવામાં આવ્યું છે. ત્યાં માત્ર સહેજ ડાર્ક લાગે છે એટલું જ.

ટેસલા, સ્પેસ એક્સ અને ન્યુરાલિન્કના સીઈઓ મસ્કે જણાવ્યું હતું કે આ વાનરો વિડિયો ગેમ રમશે તો તે કૂલ ઘટના બની રહેશે. સાનફ્રાન્સિસ્કોમાં જેનું હેટક્વાર્ટર આવેલું છે તે ન્યુરાલિન્ક કંપનીમાં આશરે ૧૦૦ જણાની ટીમ કમ્પ્યુટર-બ્રેઈન ઈન્ટરફેસ ડેવલપ કરી રહી છે.

## મ્યાંમારમાં લશ્કરી બળવોઃ મહિલા શાસક આંગ સાન સૂકી સહિતના નેતાઓની ધરપકડ

નીપિતો : લશ્કરની માલિકી ધરાવતી મ્યાંમારની ટીવી ચેનલે જાહેરાત કરી હતી કે દેશભરમાં એક વર્ષ માટે કટોકટી લાગી ગઈ છે અને બંધારણનું રક્ષણ કરવા માટે આ પગલું ભરાયું છે. મીડિયાના દાવા પ્રમાણે મ્યાંમારનાં મહિલા શાસક આંગ સાન સૂકી અને રાષ્ટ્રપતિ સહિતના નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. મ્યાંમાર લશ્કરે રાતોરાત બળવો કરીને સત્તા હાથમાં લઈ લીધી છે. શાસક આંગ સાન સૂકી, રાષ્ટ્રપતિ વિન મીયન્ટ સહિતના ટોચના નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. લશ્કરનો કાબૂ ધરાવતી ટીવી ચેનલે અહેવાલમાં કહ્યું હતું કે બંધારણનું રક્ષણ કરવા, બંધારણની જોગવાઈ પ્રમાણે જ સૈન્યએ સત્તા હાથમાં લીધી છે. એમાં કોઈ જ નિયમ તોડયો ન હોવાનો પણ દાવો થયો હતો. ઉપ રાષ્ટ્રપતિ યૂ મિન્ટ સ્વીને કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવાયા હતા.

# ૧૧ મહિના બાદ ભારતમાં ઈન્ટરનેશનલ મેચ રમાશે

## બંને ટીમના ખેલાડીઓના કોરોના ટેસ્ટ નેગેટિવ : ૩૫ વર્ષમાં ભારત ચેપોક સ્ટેડિયમમાં ઇંગ્લેન્ડ સામે ક્યારેય હાર્યું નથી

ચેપોકઃ કોરોના વાઈરસની મહામારીના કારણે ભારતમાં છેલ્લા ૧૦ મહિના અને ૨૬ દિવસથી એક પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ રમાઈ નથી. છેલ્લા ૨૮ વર્ષમાં ભારતમાં બે ઈન્ટરનેશનલ મેચ વચ્ચે આ સૌથી લોંગેસ્ટ સમયગાળો છે. ભારતમાં છેલ્લે ૨૦૨૦ની ૧૦મી માર્ચે ગ્રેટર નોઈડા ખાતે આયરલેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે ઈન્ટરનેશનલ મેચ રમાઈ હતી. ત્યારબાદ કોરોનાના કારણે એક પણ ઈન્ટરનેશનલ મેચ રમાઈ નથી.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે શુક્રવારથી પ્રથમ ટેસ્ટ મેચની સાથે ચાર મેચની શ્રેણીનો પ્રારંભ થશે. પ્રથમ ટેસ્ટ ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાશે. આ ગ્રાઉન્ડમાં ઈંગ્લેન્ડની ટીમ છેલ્લા ૩૫ વર્ષમાં ભારતને ક્યારેય હરાવી શક્યું નથી. ઈંગ્લિશ ટીમે છેલ્લે ૧૯૮૫માં ચેપોક ખાતે વિજય હાંસલ કર્યો હતો.

### ઇંગ્લેન્ડને ફટકો, ઓપનર જેક ક્રોવલીને ઈજા

ચેન્નઇઃ ભારત સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં જ પ્રવાસી ઇંગ્લેન્ડની ટીમને મોટો ફટકો પડ્યો છે. તેનો ઓપનર જેક ક્રોવલી કાંડાની ઈજાના કારણે પ્રથમ બે ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. બુધવારે પોતાનો ૨૩મો જન્મદિવસ મનાવનાર ક્રોવલી તે જ દિવસે ચેપોકના ડ્રેસિંગરૂમમાં લપસી પડ્યો હતો અને તેને ઈજા થઈ હતી.



### ભારતના છઠ્ઠા ક્રમ સુધીનો કોઇ પણ ખેલાડી સદી ફટકારી શકે : આર્ચર

ચેન્નઇઃ ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમના પેસ બોલર જોફ્ રા આર્ચરને ભારતમાં મર્યાદિત ઓવર્સની ક્રિકેટ રમવાનો અનુભવ છે પરંતુ તે ભારતમાં પ્રથમ વખત ટેસ્ટ ક્રિકેટ રમવા માટે પાંચમીએ મેદાનમાં ઊતરશે. પ્રથમ ટેસ્ટ પહેલાં આર્ચરે જણાવ્યું હતું કે ભારતમાં આઇપીએલ રમવાનો અનુભવ ટેસ્ટ ક્રિકેટમાં સહેજ પણ કામમાં આવશે નહીં. ભારતીય ટીમના ટોચના છ બેટ્સમેનોમાંથી પ્રત્યેક સદી ફટકારવા માટે સક્ષમ છે. આર્ચરે જણાવ્યું હતું કે ભારતની બેટિંગ લાઇન-અપ મજબૂત છે અને હરીફ ટીમ માટે જોખમ ઊભું કરી શકે છે.

### ઓસ્ટ્રેલિયાનો આફ્રિકા પ્રવાસ રદ, ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની હોડમાંથી બહાર

મેલબોર્નઃ કોરોના વાઇરસની મહામારીને ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયાએ તેના આગામી સાઉથ આફ્રિકાના પ્રવાસને રદ કર્યો છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે પોતાના ખેલાડીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. ઓસ્ટ્રેલિયાના આ નિર્ણય બાદ તેનું હવે આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચવું મુશ્કેલ છે કારણ કે તેણે હવે ફાઇનલ પહેલાં કોઇ ટેસ્ટ શ્રેણી રમવાની નથી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયાના ૩૩૨ પોઇન્ટ છે અને ૬૯.૨ પ્રતિશત પોઇન્ટ સાથે તે ત્રીજા ક્રમે છે. ફાઇનલમાં પહોંચવા માટે તેણે સાઉથ આફ્રિકામાં જીતવું જરૂરી હતી પરંતુ હવે આ પ્રવાસ રદ કરી દેવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમે તાજેતરમાં જ ઘરઆંગણે ભારત સામેની ટેસ્ટ શ્રેણીને ૨-૧ના માર્જિનથી ગુમાવી હતી જેનું તેને પોઇન્ટ ટેબલમાં મોટું નુકસાન થયું છે.

### વિરાટ કોહલી રૂ, ૧૭૩૩ કરોડની બ્રાન્ડ વેલ્યુ સાથે સતત ચોથીવાર દેશની નંબર ૧ સેલિબ્રિટી

નવીદિલ્હીઃ ડફ એન્ડ ફેલ્પ્સે વર્ષ ૨૦૨૦ માટેની ભારતની મોસ્ટ વેલ્યૂડ સિલિબ્રિટી યાદી બહાર પાડી છે. તેમાં ભારતીય ક્રિકેટ કપ્તાન વિરાટ કોહલીએ સતત ચોથીવાર ટોચનું સ્થાન મેળવ્યું છે. કોહલીની બ્રાન્ડ વેલ્યૂ ૨૩.૭૭ કરોડ અમેરિકી ડોલર (અંદાજે ૧૭૩૩ કરોડ રૂપિયા) છે. ડફ અને ફેલ્પ્સે એમ્બ્રેસિંગ ધ ન્યૂ નોર્મલના નામે આ અહેવાલ જાહેર કર્યો છે. એહવાલમાં ટોચના ૧૦ સ્થાનમાં કોહલી તે એકમાત્ર કેલાડી છે. બાકી સેલિબ્રિટી ફિલ્મ જગતની છે. જેમાં બે મહિલા અભિનેત્રીનો પણ સમાવેશ થાય છે. કોહલીના પોર્ટફોલિયોમાં હાલ ૩૦ બ્રાન્ડ છે.

### તમિમ બાંગ્લાદેશ માટે ત્રણેય ફોર્મેટમાં ટોપ સ્કોરર, અનોખો રેકોર્ડ નોંધાવ્યો

ચિત્તાગોંગઃ વેસ્ટ ઇન્ડિઝ સામે રમાતી પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસે બાંગ્લાદેશના ઓપનર તમિમ ઇકબાલે અનોખો રેકોર્ડ નોંધાવ્યો હતો. તે બાંગ્લાદેશ તરફથી ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં ટોપ સ્કોરર બની ગયો છે. વિશ્વના એક પણ ક્રિકેટરે પોતાના દેશ તરફથી રમતી વખતે આ પ્રકારનો રેકોર્ડ નોંધાવ્યો નથી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર બાંગ્લાદેશે પ્રથમ દિવસના અંતે પાંચ વિકેટે ૨૪૨ રન બનાવી લીધા હતા. સ્ટમ્પના સમયે સાકિબ અલ હસન ૩૯ તથા લિટન દાસ ૩૪ રને રમી રહ્યા હતા. તમિમે બાંગ્લાદેશ તરફથી ટેસ્ટ, વન-ડે તથા ટી૨૦માં સર્વાધિક રન બનાવ્યા છે.



# Cedarbrae Dental Center



## અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.




**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only )

Pls call to schedule you appointment today at 416-945-1000.



## Dr. Ghazala Zaid, DMD


3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com

Accept all insurance including ODSP and Healthy Smiles





# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામિક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com